

ભારતે અફઘાનિસ્તાનનો 3-0થી ક્લીન સ્વીપ કર્યો, ત્રીજી T20માં 127 રને હરાવ્યું

PAGE NO. 17


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH







FRIDAY, 18 SEPTEMBER 2026 Vol. 24, No. 37 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# પડમાં બિલ : ભારત-ચીન પર 100% ટેરિફનું જોખમ

## હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં 262 વિરુદ્ધ 159 મતોથી બિલ પાસ થયું, રશિયન ઉર્જા ખરીદનારા દેશોને સાણસામાં લેવા પ્રયાસ

**વોશિંગ્ટન**

અમેરિકાની સંસદના નીચલા ગૃહ 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' દ્વારા રશિયા સામે ટેરિફ બિલ પસાર કરવામાં આવ્યું છે. આ બિલ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને તેવા દેશો પર 100% સુધીના ટેરિફ લાદવાનો કાનૂની અધિકાર આપે છે, જેઓ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસની ખરીદી ચાલુ રાખે છે. આ જોગવાઈ હેઠળ ભારત અને ચીન સીધા જ રડારમાં આવ્યા છે.

ગૃહમાં આ બિલ 262 વિરુદ્ધ 159 મતોથી પાસ થયું હતું. ખાસ બાબત એ રહી કે યુક્રેન યુદ્ધ સંદર્ભે રશિયા પર આર્થિક દબાણ વધારવાના હેતુથી ડઝનબંધ ડેમોક્રેટ સાંસદોએ પણ રિપબ્લિકન પાર્ટી સાથે મળીને આ બિલના સમર્થનમાં મતદાન કર્યું હતું. રશિયાએ ફેબ્રુઆરી 2022માં યુક્રેન પર પૂર્ણ સ્તરે આક્રમણ કર્યું હતું, જે બીજા વિશ્વયુદ્ધ પછીનો યુરોપનો સૌથી ઘાતક સંઘર્ષ બની રહ્યો છે અને આજે પણ ચાલી રહ્યો છે. આ બિલને 'ધ લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્કશનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ 2026' નામ આપવામાં આવ્યું છે. અગાઉ ગત મહિને યુએસ સેનેટમાં 86-11ના ભારે બહુમતી મતથી તે મંજૂર થઈ ચૂક્યું હતું. હવે તે અંતિમ મંજૂરી માટે વ્હાઈટ હાઉસ મોકલવામાં આવ્યું છે, જ્યાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેના પર હસ્તાક્ષર કરીને કાયદાનું સ્વરૂપ આપશે તેવી પૂરી શક્યતા છે.

ભારતના પરિપ્રેક્ષ્યમાં આ બિલની સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે તેનાથી ડોનાલ્ડ ટ્રમ્પને રશિયન ઉર્જા ખરીદનારા મોટા દેશો સામે 'સેકન્ડરી ટેરિફ' લાદવાની અસાધારણ સત્તા મળે છે. રશિયા પાસેથી તેલ-ગેસ ખરીદતા દેશો પર અમેરિકા 100% સુધી ટેરિફ લગાવી શકે છે.

### ટ્રમ્પના 100 ટકા ટેરિફ સામે ભારત ઝૂકશે નહીં, રશિયા પાસેથી ઓઇલ ખરીદવાનું જારી રાખશે




ભારતે અમેરિકાને સ્પષ્ટપણે જણાવી દીધું છે કે તે તેની ૧૦૦ ટકા ટેરિફની ધમકી સામે ઝૂકશે નહી અને રશિયા પાસેથી ઓઇલ ખરીદવાનું જારી રાખશે. ભારત સરકારે બિલ અંગે સ્પષ્ટ કરી દીધુ છે કે તે પોતાની વસ્તીની સુરક્ષાને સૌથી ઉપર રાખવામાં આવશે. આ સાથે જ ચેતવણી ઉચ્ચારી છે કે તેની અસર દ્વિપક્ષીય સંબંધો પર પડી શકે છે. ભારત પોતાના વેપારી અને આર્થિક હિતોને બચાવવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. સરકાર ભારતના વેપારી અને ઓદ્યોગિક સમૂહોની સાથે નજીકથી કામ કરશે, જેથી કરીને આ ઘટનાક્રમોથી પડનારી અસરને ઘટાડી શકાય.

### બાલ્ટીમોરમાં બુધવારે રાત્રે અંધાધૂંધ ગોળીબારની ઘટનાથી ચકચાર

# બાલ્ટીમોર શહેરમાં અંધાધૂંધ ગોળીબાર સાત લોકોને ગોળી વાગ્યાની સંભાવના

## ગોળીબારનું કારણ અકબંધ, પોલીસે સમગ્ર વિસ્તાર ઘેરીને તપાસ શરૂ કરી



**મેરીલેન્ડ**

અમેરિકાના મેરીલેન્ડ રાજ્યમાં આવેલા બાલ્ટીમોર શહેરમાં બુધવારે રાત્રે અંધાધૂંધ ગોળીબારની ઘટના સામે આવી હતી. જેમાં અજાણ્યા હુમલાખોરોએ ફાયરિંગ કરતા કેટલાક લોકોને ગોળી વાગી હોવાના અહેવાલ છે. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, પૂર્વ બાલ્ટીમોરના બ્લોક 1400માં આવેલી ઈસ્ટ ફાયેટ સ્ટ્રીટમાં રાત્રે આશરે 9 વાગ્યે ગોળીબાર થયાની માહિતી મળી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. બાલ્ટીમોર મેયરના કાર્યાલય દ્વારા આપવામાં આવેલી પ્રારંભિક માહિતી મુજબ, અત્યાર સુધીમાં 5 લોકોને ગોળી વાગી હોવાનું જાણવા મળ્યું છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને પોલીસે ઈસ્ટ ફાયેટ સ્ટ્રીટ અને કેરોલિન સ્ટ્રીટને બંધ કરી દીધી છે. હાલમાં ઘટનાસ્થળેથી પુરાવા એકઠા કરવા અને સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવવાની કાર્યવાહી ચાલી રહી છે. ગોળીબાર કોણે અને શા માટે કર્યો તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી પ્રાપ્ત થઈ નથી. બીજી તરફ, વિશ્લેષકો અમેરિકામાં સતત વધી રહેલી આવી ઘટનાઓ પાછળ ત્યાંના ગન કલ્ચરને જવાબદાર માને છે. દેશમાં 24 ઈંચ કે તેથી વધુ મોટી બંદૂક માટે કોઈ લાયસન્સની જરૂર પડતી નથી.

### માર્ચ 2026 બાદ 348 અબજ ડોલરનો ઉછાળો

# AI બૂમ : ચેટજીપીટીની કંપનીનું વેલ્યુએશન 1.2 ટ્રિલિયન ડોલર

## એન્થ્રોપિકનું મૂલ્યાંકન 183 અબજ ડોલરથી વધી 965 અબજ ડોલર

**કેલિફોર્નિયા**

ચેટજીપીટી બનાવનારી ઓપનએઆઈનું વેલ્યુએશન ફંડિગ રાઉન્ડ પહેલા ૧.૨ ટ્રિલિયન ડોલર પહોંચ્યું હોવાની ચર્ચા શરૂ થઈ છે. ઓપનએઆઈ માટે થોડા જ મહિનામાં મોટો ફેરફાર થયો છે. માર્ચ ૨૦૨૬માં કંપનીએ ૧૨૨ અબજ ડોલરનું કેપિટલ મેળવ્યું હતું. જે બાદ કંપનીનું વેલ્યુએશન ૮૫૨ અબજ થયું હતું. નવું મૂલ્યાંકન ૩૪૮ અબજ ડોલર એટલે ૪૧ ટકાનો ઉછાળો દર્શાવે છે. ઓપનએઆઈમાં નવા ફંડિંગની ચર્ચા સંભવિત આઈપીઓ સાથે જોડાયેલી છે. સીઈઓ સેમ ઓલ્ટમેને તાજેતરમાં જ જણાવ્યું હતું કે, ઓપનએઆઈ ૨૦૨૬માં પબ્લિક નહીં થાય. તેમણે એઆઈ સેફ્ટી અંગેની ચિંતાઓને પણ નિર્ણયના સંદર્ભમાં રજૂ કરી હતી. નવું પ્રાઈવેટ ફંડિગ મળતા જ કંપનીને વધુ મૂડી એકત્ર કરવાની



સુવિધા મળી શકે છે. જે નવા ડેવલપમેન્ટ તરફ ઈશારો કરે છે. ઓપનએઆઈ એકલી નથી. એઆઈ સેક્ટરની તેની હરીફ કંપની એન્થ્રોપિકનું વેલ્યુએશન આ વર્ષે ઝડપથી વધ્યું છે. માત્ર આઠ મહિનામાં એન્થ્રોપિકનું વેલ્યુએશન ૧૮૩ અબજ ડોલરથી વધીને ૯૬૫ અબજ ડોલર પહોંચ્યું છે. જે ૪૨૭ ટકાનો ઉછાળો છે. આ મૂલ્યાંકનના આંકડા દર્શાવે છે કે, ભલે ટેક કંપનીઓ એઆઈ ડેવલપમેન્ટની ગતિ ધીમી પાડવાની વાત કરતી હોય પરંતુ, હવે એઆઈ જીવનનો ભાગ બની ગયું છે.










# સાઉથલેક સીનિયર ક્લબનો નાઇગ્રા પ્રવાસ વરિષ્ઠ નાગરિકોએ માણી રોમાંચક સફર

**સ્વાદિષ્ટ ભોજનની સાથે વરિષ્ઠ બહેનોએ હોલમાં ગરબાની રમઝટ બોલાવી પ્રવાસને વધુ યાદગાર બનાવ્યો**

## મ્યુઝિયમની મુલાકાત લઈ પુરાતન યુગની જાણકારી મેળવ્યા બાદ સૌએ નાઇગ્રા ધોધ અને ઉડન ખટોલા સાઇટની મુલાકાત લીધી



**નાયગ્રા**

સાઉથલેક સીનિયર ક્લબ કેનેડા ફાઉન્ડેશન દ્વારા ક્લબનાં વરિષ્ઠ નાગરિકો માટે સપ્ટેમ્બર ૦૯, ૨૦૨૬ને બુધવારના રોજ ત્રણ એસી લક્ઝરી બસ ભાડે કરી નાઈગ્રા પ્રવાસનું આયોજન કરાયું હતુ. ત્રિનિટી મોલનાં પાર્કિંગમાંથી સવારે ૦૮.૩૦ કલાકે નાઈગ્રા જવા બસો રવાના કરાઈ હતી. અગાઉથી જ પુરાતત્વ મ્યુઝીયમ જોવા અને જાણકારી મેળવવાનું આયોજન હોવાથી બપોર અને રાત્રી ભોજનની પણ ગોઠવણ કરાઈ હતી. બપોરનાં ભોજનબાદ નાઈગ્રા ધોધ જોઈ સૌ રોમાંચિત થઈ ગયા હતા.આ પ્રવાસનો સંપૂર્ણ કાર્યભાર રેહાના હાફીઝ અને ભરત શર્માએ સંભાળ્યો હતો. પ્રથમ બસનો કાર્યભાર કાર્યકારી પ્રમુખ ભરત શર્મા, દ્વિતીય બસનો કાર્યભાર પરબત બોરડ અને વિનોદ ગોંડલિયા અને તૃતીય બસની જવાબદારી રેહાના હાફીઝે સંભાળી હતી.

પ્રથમ પડાવ નાઈગ્રા મ્યુઝીયમ નજીક રાખવામાં આવ્યો હતો. ત્યાં ૧૬૦ જેટલા સભ્યોને પાંચ ભાગમાં વહેંચી એક-એક ગ્રુપને ત્યાંનાં સ્થાનિક માર્ગદર્શક સાથે મોકલી પુરાતન યુગનો વિસ્તારનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. જે બાદ બપોરના ભોજનમાં રોટલી, સૂકા મેવાનો શીરો, કટલેસ, ચીઝનું શાક, ઉંધિયું, દાળ મખની, ભાત, સલાડ, પાપડની લહેજત માણી સૌએ થોડો આરામ કર્યો હતો. જે બાદ તમામ ફરી નાઈગ્રા ધોધ જોવા જવા રવાના થયા હતા. નાઈગ્રા ધોધ તથા ઉડન ખટોલા સાઈટ જોઈને ફોટા પાડી સૌ ફરી ભોજન સ્થળ પર આવ્યા હતા. વરિષ્ઠ બહેનોએ સમય મર્યાદાને ધ્યાનમાં રાખી હોલમાં ગરબાનું આયોજન પણ કર્યું હતુ. જ્યારે સાંજનાં ભોજનમાં છોલે ભટૂરે તથા દાળ ભાત સાથેનુંભોજન પૂર્ણ કરી સૌ પરત મુસાફરી માટે બસમાં પોતપોતાની સીટ પર ગોઠવાયા હતા. સમિતિના સભ્ય મિલિંદ દવે સવારથી સાંજ સુધી પોતાનાં વાહન દ્વારા અનિલ ભટ્ટનાં માર્ગદર્શન મુજબ વ્યવસ્થા ગોઠવી હતી.

# ઓટાવામાં મેયરપદના ઉમેદવાર જેફ લીપરની પ્રોપર્ટી ટેક્સ લેવાની દરખાસ્ત

**ટેક્સમાંથી થતી આવકનો ઉપયોગ રસ્તા, ગટર અને અન્ય માળખાગત સુવિધાના બાકી કામો પૂર્ણ કરવા માટે થશે**

**ઓટાવા**

ઓટાવાના મેયરપદના ઉમેદવાર જેફ લીપરે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે કે, જો તેઓ ચૂંટાઈને આવશે, તો શહેરના જૂના થઈ રહેલા રસ્તાઓ, ગટર વ્યવસ્થા અને અન્ય માળખાગત સુવિધાઓના બાકી રહેલા સમારકામના કામોને પૂર્ણ કરવા માટે ૧ ટકાનો વધારાનો પ્રોપર્ટી ટેક્સ (લેવી) લાગુ કરવામાં આવશે.

આ ૧ ટકાનો વધારો આગામી ૨૬ ઓક્ટોબરની ચૂંટણી પછી કાઉન્સિલ દ્વારા મંજૂર થનારા નિયમિત પ્રોપર્ટી ટેક્સના દરો ઉપરાંતનો રહેશે. જેફ લીપરના જણાવ્યા અનુસાર આ પ્રસ્તાવિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેક્સના કારણે સરેરાશ મકાનમાલિકને દર મહિને માત્ર $ ૨.૩૩ અથવા વાર્ષિક $ ૨૮નો ખર્ચ થશે. શહેરના નાણાકીય વિભાગના અગાઉના અહેવાલ મુજબ આ ૧ ટકાના ટેક્સથી સરેરાશ મકાનમાલિકને વર્ષે $ ૪૬નો ખર્ચ થઈ શકે છે, જ્યારે લીપરે ૨૦૨૬ના બજેટના આંકડાઓને આધારે પોતાની અલગ ગણતરી રજૂ કરી છે. આ ટેક્સના માધ્યમથી દર વર્ષે અંદાજે $ ૨૫.૫ મિલિયન અથવા કાઉન્સિલના આગામી કાર્યકાળ દરમિયાન $ ૧૦૦ મિલિયનથી વધુની આવક ઊભી થવાનો અંદાજ છે. આગામી દાયકામાં શહેરને માત્ર અત્યંત પ્રાથમિકતા ધરાવતા પ્રોજેક્ટ્સ માટે જ $૧.૨ અબજની નાણાકીય ઘટનો સામનો કરવો પડી રહ્યો છે.

# કેનેડાના મહાન હેવીવેઇટ બોક્સર જ્યોર્જ ચુવાલોનું તેમના 89મા જન્મદિવસે નિધન

**1966 અને 1972માં મુહમ્મદ અલી સામે બે ઐતિહાસિક લડાઈ જીતી તેમણે વૈશ્વિક સ્તરે ખ્યાતિ મેળવી હતી**

**ઓન્ટેરિયો**



વિશ્વના શ્રેષ્ઠ બોક્સરો સામે મુકાબલો કરવા છતાં ક્યારેય રિંગમાં નીચે ન પડનાર (નોકઆઉટ ન થનાર) મજબૂત મનોબળ ધરાવતા હેવીવેઈટ બોક્સર જ્યોર્જ ચુવાલોનું અવસાન થયું છે. ટોરોન્ટો સ્થિત 'સલીઝ બોક્સિંગ જિમ' જ્યાં ચુવાલોએ તેમની કારકિર્દી દરમિયાન તાલીમ લીધી હતી, તેણે શનિવારે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તેમના નિધનની પુષ્ટિ કરી હતી. જિમે જણાવ્યું હતું કે, ચુવાલોનું અવસાન તેમના 89મા જન્મદિવસે થયું હતું. ચુવાલો 17 વર્ષની ઉંમરે કેનેડિયન એમેચ્યોર ચેમ્પિયન બન્યા હતા. લગભગ 20 વર્ષ સુધી પ્રોફેશનલ તરીકે રાષ્ટ્રીય ખિતાબ જાળવી રાખ્યો હતો અને વિશ્વમાં બીજા ક્રમ સુધીનું સ્થાન મેળવ્યું હતું. 1956થી 1978 સુધી ચાલેલી તેમની પ્રોફેશનલ કારકિર્દીમાં તેમનો રેકોર્ડ 73-18-2 (જીત-હાર-ડ્રો) રહ્યો હતો. તેમણે 64 મુકાબલા નોકઆઉટ દ્વારા જીત્યા હતા. તેમની કારકિર્દી મુહમ્મદ અલી સામેની બે મોટી લડાઈઓ માટે વિશેષ જાણીતી બની હતી. 1966માં ટોરોન્ટોના 'મેપલ લીફ ગાર્ડન્સ'માં અને 1972માં વાનકુવરના 'પેસિફિક કોલિઝિયમ'માં થયેલી લડાઈઓમાં તેમણે યુગના સૌથી પ્રતિભાશાળી અને આકર્ષક વ્યક્તિત્વ ધરાવતા બોક્સર સામે મક્કમતાથી ટકી રહેવા બદલ ખૂબ પ્રશંસા મેળવી હતી.






# સાસ્કાચેવનમાં AI ડેટા સેન્ટરના કદમાં ચાર ગણો વધારો કરવા બેલની યોજના

**$ 50 અબજથી વધુનું ઐતિહાસિક રોકાણ આવશે, ડેટા સેન્ટરની ક્ષમતા વધીને 1.2 ગીગાવોટ થશે**

**પ્રોજેક્ટથી 500 સુધીની કાયમી નોકરીઓ અને જાળવણી તથા સુરક્ષા જેવા ક્ષેત્રોમાં અંદાજે 3,000 વધારાની રોજગારીની આશા બંધાઈ**



સાસ્કેચવાન : સોમવારે કેનેડાની સૌપ્રથમ રોકાણ સમિટમાં વડાપ્રધાન માર્ક કાર્ની અને સસ્કાચેવનના પ્રીમિયર સ્કોટ મોએ જાહેરાત કરી હતી કે, બેલ કેનેડા સસ્કાચેવનમાં તેના નિર્ધારિત ડેટા સેન્ટર પ્રોજેક્ટનું કદ ચાર ગણું વધારવાની યોજના ધરાવે છે.કાર્નીએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટથી $50 અબજથી વધુનું મૂડી રોકાણ આવવાની અપેક્ષા છે અને તે સસ્કાચેવનના ઈતિહાસમાં સૌથી મોટું મૂડી રોકાણ સાબિત થશે. આ જાહેરાત વખતે ભૂતપૂર્વ વડાપ્રધાનો જીન ક્રેટિયન અને સ્ટીફન હાર્પર પણ હાજર હતા. આ કેનેડાનું સૌથી મોટું સાર્વભૌમ AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્ક છે. આ વિસ્તરણથી ડેટા સેન્ટરની ક્ષમતા વધીને 1.2 ગીગાવોટ થશે.

બેલના CEO મિર્કો બિબિકે કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, જ્યારે આ વર્ષે માર્ચમાં શરૂઆતના 300 મેગાવોટના ડેટા સેન્ટરની જાહેરાત કરવામાં આવી હતી, ત્યારે તે પહેલેથી જ કેનેડામાં જાહેર કરાયેલું સૌથી મોટું ડેટા સેન્ટર હતું. આ પ્રોજેક્ટથી 500 સુધીની કાયમી નોકરીઓ અને "સુરક્ષા, લોજિસ્ટિક્સ અને જાળવણી (મેન્ટેનન્સ) જેવા ક્ષેત્રોમાં" અંદાજે 3,000 વધારાની રોજગારીની તકો ઊભી થશે. કાર્નીએ ઉમેર્યું કે, સરકાર વિશ્વભરની ટેક કંપનીઓ સાથે મળીને કામ કરી રહી છે, જેથી "વધારાના ગીગાવોટ ક્ષમતાના ડેટા સેન્ટરો વિકસાવી શકાય અને વધારાના સેંકડો અબજોનું રોકાણ લાવી શકાય.

ઉલ્લેખનીય છે કે, ફેડરલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મિનિસ્ટર ઈવાન સોલોમન માટે ગયા વર્ષે તૈયાર કરાયેલા એક સરકારી દસ્તાવેજમાં કહેવામાં આવ્યું હતું કે, કેનેડામાં લગભગ 337 મેગાવોટ AI ડેટા સેન્ટર ક્ષમતા છે, પરંતુ 20 ગીગાવોટથી વધુ અથવા 20,000 મેગાવોટ-માટેના પ્રોજેક્ટ્સ "આયોજન અથવા વિકાસ હેઠળ" છે.

જો કે, દેશભરમાં ડેટા સેન્ટર્સનો ભારે વિરોધ પણ થયો છે, કેટલીક મ્યુનિસિપાલિટીઝ આવા પ્રોજેક્ટ્સને રોકવાની ચર્ચા કરી રહી છે. ઓકવિલે, ઓન્ટેરિયોએ ઓગસ્ટમાં કામચલાઉ મોરેટોરિયમ પસાર કર્યું હતુ.સોલોમને તાજેતરમાં કેનેડામાં ડેટા સેન્ટર્સ બનાવવા માટે નવા સ્વૈચ્છિક સિદ્ધાંતોની જાહેરાત કરી હતી.

# કેનેડાના ૪ એરપોર્ટ ખાનગી રોકાણ માટે ખુલશે : જમીનની માલિકી સરકાર પાસે રહેશે

**સંચાલન માટે લાંબા ગાળાના કરારો અને રોકાણ માત્ર લક્ષ્ય હોવાનો દાવો**

**ઓન્ટેરિયો**

વડાપ્રધાન માર્ક કાર્નીએ જણાવ્યું છે કે, તેમની સરકાર કેનેડાના ચાર સૌથી મોટા એરપોર્ટને ખાનગી રોકાણ માટે ખુલ્લા મૂકશે, પરંતુ એરપોર્ટની જમીનની માલિકી ઓટાવા સરકાર પાસે જ રહેશે. આ એરપોર્ટના સંચાલન માટે લાંબા ગાળાના કરારો દ્વારા ખાનગી મૂડી મેળવવામાં આવશે.

આ ચાર મોટા એરપોર્ટમાં ટોરોન્ટો પિયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ, વાનકુવર ઈન્ટરનેશનલ એરપોર્ટ, મોન્ટ્રીયલનું ટ્રુડો ઈન્ટરનેશનલ એરપોર્ટ અને કેલગરી ઈન્ટરનેશનલ એરપોર્ટનો સમાવેશ થાય છે.

મંગળવારે સવારે ટોરોન્ટોમાં 'કેનેડા ઈન્વેસ્ટમેન્ટ સમિટ'માં સંબોધન દરમિયાન કાર્નીએ સ્પષ્ટ કર્યું હતું કે, સરકાર મૂળ જમીન અને સંપત્તિની માલિકી પોતાની પાસે જ રાખશે, પરંતુ તેના સંચાલન અને વિકાસ માટે નવી મૂડી અને નિપુણતા લાવીને તેનું સાચું મૂલ્ય હાંસલ કરવામાં આવશે.

વડાપ્રધાને વિશ્વભરના ૧૦૦થી વધુ મોટા રોકાણકારોને આ સમિટમાં આમંત્રિત કર્યા છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી પાંચ વર્ષમાં કેનેડાભરના લગભગ ૧૬૭ પ્રોજેક્ટ્સમાં ૧ ટ્રિલિયન ડોલરનું રોકાણ મેળવવાનો છે. ખાનગી રોકાણકારો સાથે કરાર કરવાથી સરકારી તિજોરીમાં અબજો ડોલર આવી શકે છે.


Visa Services
• India
• Nepal
• Dubai
• Europe
• UK-ETA

VOYAGES InterSky TRAVELS



• OCI • PASSPORT RENEWAL • SURRENDER CITIZENSHIP & PR APPLICATIONS

Wholesale Tour Operation

• India-North & South • Nepal - Bhutan -Sri Lanka. • Dubai. NRI-Europe( Veg & Jain Meals) • All kinds of Travel

• Air Canada • Air India • Qatar • Emirates • Air Farnce/ KLM • British Airways • United -Delta • Turkish & many more.............



Divyesh (Dev) Patel : 514 -513 9191
Permis du Quebec

514-389-7070-toll free:1855-389-7070



ELECT HITESH PARIKH
FOR DDSB TRUSTEE I PICKERING

પીકરિંગમાં DDSB સ્કૂલ બોર્ડ ટ્રસ્ટી પદ માટે
હિતેશ પરીખ- શિક્ષણ અને સમુદાયના ઉત્કર્ષ માટે ઉમેદવારી

પીકરિંગઃ કેનેડાના Durham Region ના પીકરિંગ માં આગામી સ્થાનિક ચૂંટણીઓને લઈને રાજકીય અને સામાજિક ક્ષેત્રે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શિક્ષણ ક્ષેત્રે સકારાત્મક પરિવર્તન લાવવાના ઉદ્દેશ સાથે જાણીતા કોમ્યુનિટી લીડર હિતેશ પરીખે ડરહામ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ (DDSB) ટ્રસ્ટી પદ માટે પોતાની ઉમેદવારી જાહેર કરી છે. વ્યાવસાયિક વિકાસ અને કોમ્યુનિટી એજ્યુકેશન ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા હિતેશ પરીખ મજબૂત, સુરક્ષિત અને સર્વસમાવેશી (Inclusive) શાળાઓના નિર્માણના સંકલ્પ સાથે આગળ આવ્યા છે.

મુખ્ય પ્રાથમિકતાઓ અને વિઝન

વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય
બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળાકીય સ્તરે માનસિક સ્વાસ્થ્ય (Student's Mental Health) અને સુખાકારી પર વિશેષ ભાર મૂકવો.

આધુનિક શિક્ષણ અને ટેકનોલોજી
અભ્યાસક્રમમાં AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) ટેકનોલોજીનો સમાવેશ કરવો અને STEM (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સ) શિક્ષણને પ્રોત્સાહન આપવું.

બજેટ અને નાણાકીય પારદર્શિતા
શાળાઓને ફાળવવામાં આવતા બજેટના ખર્ચ અંગે વધુ વિગતવાર અને પારદર્શક અહેવાલો જાહેર કરવા, જેથી દરેક ડોલરનો યોગ્ય ઉપયોગ થાય.

વાલીઓ સાથે મજબૂત ભાગીદારી
શાળાઓ અને પરિવારો વચ્ચે પારદર્શક સંવાદ ઊભો કરવો અને નિર્ણયોમાં વાલીઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવી.

હિતેશ પરીખના જણાવ્યા મુજબ, તમારો એક કિંમતી મત શિક્ષણ ક્ષેત્રે સકારાત્મક પરિવર્તન લાવશે, બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય નક્કી કરશે અને શાળાઓમાં શ્રેષ્ઠ વાતાવરણ ઊભું કરશે. "શિક્ષણમાં તમારો અવાજ મહત્વનો છે" (Your Voice Matters to Education) ના નારા સાથે તેઓ તમામ વાલીઓ અને સમુદાયના સભ્યોને સહકાર આપવા અપીલ કરી રહ્યો છે.

ચૂંટણી અને સંપર્ક માહિતી
ચૂંટણી તારીખઃ ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ (October 26th, 2026)
ફોન / વ્હોટ્સએપઃ 647-835-8864
ઈ મેઈલઃ parikh4trustee@gmail.com
Website : www.hiteshparikh.ca

Together We Can Build Strong, Safe and inclusive Schools

Website : www.hiteshparikh.ca



HITESH PARIKH



travel SERVICES

VACATIONS WE OFFER
ALL INCLUSIVE PACKAGES
EUROPE TOURS



Guaranteed Lowest Fare for:

| | |
|---|---|
| INDIA | EUROPE |
| FAR EAST | NORTH AMERICA |
| MIDDLE EAST | AUSTRALIA |
| AFRICA | CARIBBEAN |

Call Us Today For Special Packages

AIR TICKET
CRUISE
VACATION PACKAGES
Travel INSURANCE

DIPTESH PATEL +1 647-409-2976
+1 905-790-8989 | 905-790-8686
res@travel-services.ca | www.travel-services.ca
2565 Steels Ave. E. Unit #20, Brampton, ON, L6T 4L6
ticoca IATA

તંત્રી સ્થાનેથી

# બ્રિક્સના પડઘા : ભારતીય ઉત્પાદનો પર 100 ટકા ટેરિફની લટકતી તલવાર



તંત્રી - સ્વદેશ

ભારતમાં યોજાયેલા બ્રિક્સ સંમેલનના પડઘા હવે અમેરિકાથી સંભળાઈ રહ્યા છે. ભારતની ભૂમિ પરથી મોદી, સી ઝીનપીંગ તથા રશિયાના પુતિને અમેરિકાને તાબે નહીં થવાના કરેલા હુંકારના પ્રત્યાઘાત રૂપે ગુરુવારે અમેરિકાના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે ‘લિન્ડસે ઓ. ગ્રેહામ સેક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬'ને ૨૬૨-૧૫૯ મતથી મંજૂરી આપી હતી. આ બિલ હવે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પાસે હસ્તાક્ષર માટે જશે. કાયદો બન્યા બાદ ટ્રમ્પને રશિયન તેલ અને ગેસ ખરીદતા કેટલાક દેશો ઉપર ૧૦૦ ટકા સુધીનો ટેરિફ લાદવાની સત્તા મળી શકે છે. સિનેટથી પાસ બિલમાં રશિયાના ઓઈલ અને ગેસના સૌથી મોટા ખરીદારોના નામ સીધા નહોતા. પરંતુ તેમાં વોલ્યૂમના આધારે રશિયાના પાંચ સૌથી મોટા તેલ અને ગેસ ખરીદારો પર 100 ટકા ટેરિફ લગાવવાનો અધિકાર આપવાની જોગવાઈ છે.

અલબત, બિલમાં રહેલી ટેરિફ જોગવાઈને લઈને પણ મતભેદ સામે આવ્યા છે. કોંગ્રેસમેન ગ્રેગરી મીક્સે બિલમાં ટેરિફની જોગવાઈ ધરાવતી કલમને જ દૂર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. એટલે કે એક તરફ કેટલાક કાયદા નિર્માતાઓ રશિયાના વેપારી ભાગીદારો સામે 100 ટકા ટેરિફ લાગુ કરવાની દિશામાં સુધારો લાવવા માંગે છે, જ્યારે બીજી તરફ ગ્રેગરી મીક્સે ટેરિફ સાથે જોડાયેલી કલમને બિલમાંથી દૂર કરવાની માંગ કરી છે.

અમેરિકી સંસદમાં રજૂ થયેલા બિલમાં રશિયાના નેતૃત્વ અને તેના ઉર્જા ક્ષેત્ર પર પ્રતિબંધ લગાવવા સાથે રશિયાને ઓઈલની આપૂર્તિ ઉપર લાગેલા પ્રતિબંધોથી બચવામાં મદદ કરનારા દેશો ઉપર પણ પ્રતિબંધ લગાવવાનો પ્રસ્તાવ છે. ડેમોક્રેટ સેનેટર જીન શહીને કહ્યું કે, રશિયા શેડો ફ્લીટનો ઉપયોગ કરીને પોતાના ઓઈલ અને ગેસ વેચી રહ્યું છે. જેનો અર્થ એ થયો કે બજાર ભાવથી ઓછા ભાવે ખરીદી થઈ રહી છે અને તેની આપૂર્તિ મુખ્યત્વે ચીન અને ભારત જેવા દેશોને થઈ રહ્યું છે.

ડેમોક્રેટ સેનેટર રિચર્ડ બ્લુમેન્થલે કહ્યું કે, “ચીન અને ભારતે તેલ અને ગેસ બીજેથી ખરીદવા પડશે. ચીન રશિયન ઓઈલ અને ગેસનો સૌથી મોટો ઉપયોગકર્તા છે અને ફક્ત પુતિન જ નહીં, પરંતુ ચીન અને રશિયન ઓઈલ તથા ગેસ ખરીદનારા દરેક દેશને એ કડક સંદેશ આપવાની જરૂર છે કે તેની તેમણે કિંમત ચૂકવવી પડશે.

હવે અમેરકાના આ પ્રકારના વલણ બાદ ભારત અને ચીન તો રશિયન ઊર્જાના મોટા ખરીદદારો હોવાથી બંને દેશો માટે આ બિલનો અમલ મહત્વપૂર્ણ બની શકે છે. આ બિલનો મુખ્ય હેતુ રશિયાની ઊર્જા અને અન્ય આર્થિક આવક ઉપર દબાણ વધારવાનો છે. જો કે, અહીં એક મહત્વની વાત એ છે કે બિલ પસાર થવાથી ભારત અથવા ચીન પર તરત જ ૧૦૦ ટકા ટેરિફ લાગુ થતો નથી. પરંતુ કાયદો અમેરિકાના રાષ્ટ્રપતિને કાર્યવાહી કરવાની સત્તા આપશે. અલબત, તેનો ઉપયોગ કરવો કે નહીં તે નિર્ણય બાદમાં લેવામાં આવશે. જો આ કાયદાનો અમલ ટ્રમ્પ શરૂ કરી દે તો ભારતને મોટી અસર થશે. જેને કારણે ભારતના ઉદ્યોગપતિઓમાં ચિંતાનો માહોલ ઉભો થયો છે.

આમ તો અમેરિકા ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર દેશો પૈકીનો એક છે. ભારતમાંથી વાહનો અને તેના પાર્ટ્સ, સ્માર્ટફોન, અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો, દવાઓ, ફાર્માસ્યુટિકલ્સ ચીજવસ્તુ, તબીબી ઉપકરણો, રત્ન- આભૂષણો, ટ્રેડિશનલ અને મોર્ડન જ્વેલરી, કેમિકલ, પેટ્રોકેમિકલ ઉત્પાદનો, ડાઈઝ, પેઈન્ટ્સ અને સ્પેશિયાલિટી કેમિકલ્સ ઉપરાંત કોટન અને સિન્થેટિક કાપડમાંથી બનેલા કપડાં,

ઘર વપરાશનું કાપડ, ચોખા, ફ્રોઝન પ્રોન્સ (ઝીંગા)ની નિકાસ મોટા પ્રમાણમાં થાય છે. છેલ્લા પાંચ વર્ષમાં ભારત અને અમેરિકા વચ્ચેના વેપારી સંબંધોમાં સતત વધારો જોવા મળ્યો છે. ભારત અને અમેરિકા વચ્ચે ટેક્નોલોજી, ફાર્માસ્યુટિકલ્સ અને રીટેલ સેક્ટરમાં દિનપ્રતિદિન વેપાર સંબંધો વધુ મજબૂત થઈ રહ્યા છે, જેના કારણે નિકાસના આંકડાઓમાં સતત વધારો જોવા મળે છે.

અહેવાલો મુજબ છેલ્લા પાંચ વર્ષમાં બંને દેશો વચ્ચેનો કુલ વેપાર આશરે ૧૦૧ બિલિયન ડોલરથી વધીને અંદાજે ૧૫૦ બિલિયન ડોલર સુધી પહોંચ્યો છે. 2021માં આ વેપાર 101, 2022માં 111 તથા 2023માં 18 તથા 2024માં 127 બિલિયન ડોલરની આસપાસ રહ્યો હતો. ભારત અને અમેરિકાના વેપારમાં ભારતની નિકાસ અમેરિકાથી થતી આયાત કરતા હંમેશાં વધુ રહી છે. એટલે કે ભારત હંમેશાં ટ્રેડ સરપ્લસની સ્થિતિમાં રહે છે. છેલ્લા પાંચ વર્ષમાં તો બંને દેશો વચ્ચેના વેપારમાં લગભગ ૪૦% થી વધુનો જંગી વધારો થયો છે.

વર્ષ ૨૦૨૫માં કુલ દ્વિપક્ષીય વેપાર આંકડો અંદાજે 139 બિલિયન ડોલરથી વધુ રહ્યો હતો. જ્યારે ભારતમાંથી 2021માં 68 બિલિયન ડોલર, 2022માં 73, 2023માં 78, 2024માં 85 તથા 2025માં 103 બિલિયન ડોલરની ચીજવસ્તુઓની નિકાસ થઈ હતી. આવા સંજોગોમાં ભારત પર 100 ટકા ટેરિફનો અમલ ખરેખર શરૂ થઈ જાય તો ભારતની મુશ્કેલી વધે તેમ છે. જો કે, ગુરુવારના ઘટનાક્રમ બાદ ભારતે અમેરિકાના વલણ સામે નારાજગી દર્શાવી હતી. ભારતે સ્પષ્ટ કર્યું હતુ કે, પોતાની વસ્તીની સુરક્ષાને તે પ્રાથમિકતા આપશે. આ સાથે જ ચેતવણી ઉચ્ચારી કે, જો ટેરિફ વધશે તો તેની અસર દ્વિપક્ષીય સંબંધો પર પડી શકે છે. આ સાથે જ ભારત અલગ અલગ સ્ત્રોતોથી ઉર્જા પ્રાપ્ત કરી તથા બદલાતા બજારની સ્થિતિના આધારે નિર્ણયો કરશે તેવું પણ ભારતીય વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કરી દીધું હતુ. ટુંકમાં ભારતે પોતાના વેપારી અને આર્થિક હિતોને બચાવવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે તેવી જાહેરાત કરી હતી. જો કે આ પહેલા પણ ભારત તરફથી સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે તે રશિયા પાસેથી ઓઈલની ખરીદી ચાલુ રાખશે. ગત વર્ષે પણ અમેરિકાએ ભારત પર રશિયા પાસેથી ઓઈલ ખરીદવાના મુદ્દે દંડ અને ટેરિફ લગાવ્યા હતા.

નોંધનીય છે કે, રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન બ્રિક્સ દેશોના સમિટમાં ભાગ લેવા માટે ભારત આવ્યા હતા, તેમણે રવિવારે બ્રિક્સ દેશોને એક થવા માટે આહવાન કર્યું હતું. પુતિને વૈશ્વિક દબાણ સામે પહોંચી વળવા માટે બ્રિક્સનું એક વિશાળ અનાજ માર્કેટ અને ઈન્શ્યોરંસ ફ્રેમવર્ક તૈયાર કરવા કહ્યું હતું.

આ ઉપરાંત ચીનના પ્રમુખ જિનપિંગે 'ગ્રેટર બ્રિક્સ'નો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેમણે અમેરિકા અને યુરોપના દેશોનું નામ લીધા વિના કહ્યું કે, આંતરરાષ્ટ્રીય બાબતોમાં 'જેની લાઠી તેની ભેંસ'નો સિદ્ધાંત હવે માન્ય નથી અને બધા જ દેશોને સંપ્રભુ સમાનતા મળવી જોઈએ. પોતે શક્તિશાળી છે તો સાચા છે તેવી માનસિક્તા હવે ચાલી શકે નહીં. બધા દેશો માટે આંતરરાષ્ટ્રીય કાયદા એક સમાન લાગુ થવા જોઈએ અને બેવડાં ધોરણો રાખવા જોઈએ નહીં. આ ઘટનાક્રમ બાદ અમેરિકામાં ટેરિફ અંગેના બિલનું રજૂ થવુ તે બાબત બ્રિક્સના પ્રત્યાઘાત રૂપે હોવાનું જાણકારો માની રહ્યા છે.

manoj1968@yahoo. ca






# ધોળકામાં ખેડૂતોનો હલ્લાબોલ : મોઢવાડિયા અને MLAની કારનો ઘેરાવ કરી જોરદાર સૂત્રોચ્ચાર

## લાંબા સમયથી અને રજૂઆતો છતાં પડતર પ્રશ્નો ન ઉકેલાતાં ખેડૂતોએ મંત્રીની કાર રોકી

**ધોળકા**

ધોળકા તાલુકાના સરોડા ગામમાં વનમંત્રી અર્જુન મોઢવાડિયા અને ધારાસભ્ય કિરીટસિંહ ડાભીને ખેડૂતોના ઉગ્ર આક્રોશનો સામનો કરવો પડ્યો હતો. લાંબા સમયથી પડતર પ્રશ્નો મુદ્દે રજૂઆત કરવા જતાં ખેડૂતોને પોલીસે અટકાવતા મામલો બિચક્યો હતો. મંત્રીની કાર રોકી ખેડૂતોએ એક કલાકથી વધુ સમય સુધી વિરોધ પ્રદર્શન કરી હલ્લાબોલ કર્યો હતો.

વન મંત્રી મોઢવાડિયા અને ધારાસભ્યની યાત્રા સરોડા ગામે પહોંચી ત્યારે સ્થાનિક ખેડૂતો પોતાની ન્યાયિક માંગણીઓ અંગે આવેદનપત્ર આપવા માંગતા હતા. જોકે, કાયદો અને વ્યવસ્થાનું કારણ ધરીને પોલીસે ખેડૂતોને મંત્રી સુધી પહોંચતા અટકાવ્યા હતા. આ વલણથી રોષે ભરાયેલા ખેડૂતો સભાસ્થળની બહાર જ એકઠા થઈ ગયા હતા અને મંત્રીની કારનો ઘેરાવ કર્યો હતો. અંતે પરિસ્થિતિ વણસતી જોઈને પોલીસ કાફલાએ બળપ્રયોગ કરી ખેડૂતોને રસ્તાની સાઈડમાં ખસેડ્યા હતા અને મંત્રી તેમજ ધારાસભ્યના કાફલાને ત્યાંથી રવાના કર્યો હતો. ખેડૂતોએ જણાવ્યું હતું કે, 'અમે કોઈ અશક્ય માંગ નથી કરી રહ્યા, પરંતુ પોતાના હક માટે લડી રહ્યા છે. 17 ખેડૂતોને ખેતીલાયક સારી જમીન તાત્કાલિક પરત સોંપવામાં આવે. અસામાજિક તત્વોએ જે જમીન પર ગેરકાયદે કબજો કરવામાં આવ્યો છે તેને તાકીદે ખાલી કરાવવામાં આવે.

# મહિલા કોન્સ્ટેબલે કરી આત્મહત્યા સોશિયલ મીડિયા 25 હજાર ફોલોઅર્સ

## પગલું શા માટે ભર્યું તેનું કારણ હજુ સામે આવ્યું નથી

**ગાંધીનગર**

ગાંધીનગરના સેક્ટર-3Dમાં રહેતા 28 વર્ષીય મહિલા લોકરક્ષક કોન્સ્ટેબલ જ્હાન્વી ડાભીએ પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી ગઈ હતી. મૃતક અમદાવાદના શાહીબાગ પોલીસ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતાં હતા. સોશિયલ મીડિયા પર તેના 25 હજાર ફોલોઅર્સ હતા. મૃતક મહિલા કોન્સ્ટેબલ 14 સપ્ટેમ્બરે રાત્રિની નોકરી પતાવી તેઓ સવારે ગાંધીનગર સ્થિત ઘરે પહોંચ્યા હતા. રૂમમાં ગયા બાદ લાંબા સમય સુધી બહાર ન આવતા પરિવારે તપાસ કરી હતી. દરવાજો ન ખોલતાં આસપાસના લોકોની મદદથી અંદર જોયું તો તેઓ પંખે લટકતી હાલતમાં મળી આવ્યા હતા. જ્હાન્વી ડાભીના અગાઉ છૂટાછેડા થઈ ચૂક્યા હતા. ઈન્સ્ટાગ્રામ પર તેમના 25 હજારથી વધુ ફોલોઅર્સ હતા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો. આટલી નાની ઉંમરે તેમણે શા માટે આ પગલું ભર્યું તેનું કારણ હજુ સામે આવ્યું નથી.

# અમેરિકામાં નોકરી અપાવવાની લાલચ આપી મિત્ર દ્વારા 2.90 લાખની ઠગાઈ

## પૂણેના શખ્સે યુવાનને વિઝાનું બહાનું બતાવી રકમ પડાવી

**વડોદરા**

અમેરિકામાં નોકરી અપાવવા અને વિઝાની પ્રક્રિયાના બહાને યુવાન પાસેથી 2.90 લાખ રૂપિયા પડાવી લેનાર ભેજાબાજ મિત્ર સામે સયાજીગંજ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. મકરપુરાના રોયલ પેરેડાઈઝમાં રહેતા બ્રેન્ડન કૈરાણાને અમેરિકા જઈ નોકરી કરવાની ઈચ્છા હતી. વર્ષ 2024માં પૂણેના લોહેગાવ સ્થિત ગોલ્ડ કોસ્ટમાં રહેતો તેનો જૂનો મિત્ર અમોલ ચોખાલે વડોદરાની હોટલમાં આવ્યો હતો, જ્યાં બંને મળ્યા હતા. મુલાકાત વેળાએ બ્રેન્ડને વિદેશ જવાની વાત કરતા અમોલે લાલચ આપી હતી કે અમેરિકામાં તેની પોતાની કંપની ચાલે છે અને તે સરળતાથી વિઝા મંજૂર કરાવી આપશે. મિત્રની વાત પર ભરોસો મૂકીને બ્રેન્ડને 2.90 લાખ રૂપિયા આપી દીધા હતા. રકમ લીધા બાદ અમોલે સાત-આઠ મહિનામાં વિઝા આવી જવાની ખાતરી આપી હતી. પરંતુ નક્કી કરેલા સમય પછી પણ વિઝા ન આવતા યુવાને નાણાં પરત માંગ્યા હતા. આરોપીએ પૈસા પાછા ન આપતા છેવટે પોલીસ ગુનો દાખલ થયો છે.

# ભાજપના પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચામાં વડોદરા શહેરની બાદબાકી : કાર્યકરોમાં રોષ

## ઉપાધ્યક્ષ, મહામંત્રી, કોષાધ્યક્ષ, કાર્યાલય મંત્રી સહિતના વિવિધ પદો પર નિમણૂકો કરાઈ

**વડોદરા**

ભારતીય જનતા પાર્ટી, ગુજરાત દ્વારા પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના પદાધિકારીઓની સંગઠનાત્મક નિમણૂકો જાહેર કરવામાં આવતાં વડોદરા શહેરની બાદબાકી થયાની ચર્ચાએ જોર પકડ્યું છે. પ્રદેશ કક્ષાની આ નિમણૂકોમાં વડોદરા જિલ્લામાંથી એક આગેવાનને સ્થાન મળ્યું છે, જ્યારે વડોદરા શહેરમાંથી અનુસૂચિત જાતિના એક પણ આગેવાનની પસંદગી કરવામાં આવી નથી, જેના કારણે પક્ષના કાર્યકરોમાં છૂપો રોષ જોવા મળી રહ્યો છે.

ભાજપ ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા તથા મોવડી મંડળ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના પદાધિકારીઓના નામોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ઉપાધ્યક્ષ, મહામંત્રી, મંત્રી, કોષાધ્યક્ષ અને કાર્યાલય મંત્રી સહિતના વિવિધ પદો પર નિમણૂકો કરવામાં આવી છે. આ નિમણૂકોમાં વડોદરા જિલ્લામાંથી મહામંત્રીના પદે વિનોદભાઈ રણછોડભાઈ સોલંકીની પસંદગી કરવામાં આવી છે. જોકે, વડોદરા શહેરમાંથી એક પણ કાર્યકરને પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચામાં સ્થાન આપવામાં આવ્યું નથી.

વડોદરા શહેર ભાજપમાં અનુસૂચિત જાતિ સમાજના અનેક આગેવાનો અને કાર્યકરો લાંબા સમયથી સંગઠનમાં સક્રિય હોવા છતાં પ્રદેશ મોરચાની મહત્વની નિમણૂકોમાં શહેરમાંથી એકેય નામ નહીં આવતા કાર્યકરોમાં નારાજગીની ચર્ચા છે.

# બનાસકાંઠા કોંગી નેતાઓ વચ્ચેનો આંતરિક કલહ ચરમસીમાએ, જિલ્લા યુથ પ્રમુખે રાજીનામું આપ્યું

## પ્રદેશ નેતૃત્વ સામે ચીંધાઈ આંગળી, કોંગ્રેસને ઉત્તર ગુજરાતમાં પડી શકે છે મોટો ફટકો

**બનાસકાંઠા**

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત વચ્ચે ચાલી રહેલા વિવાદ વચ્ચે બનાસકાંઠા કોંગ્રેસનું આંતરિક રાજકારણ ગરમાયું છે. બનાસકાંઠા યુથ કોંગ્રેસ પ્રમુખ રોહિત પારગીથીએ પોતાના પદ પરથી સ્વેચ્છાએ રાજીનામું આપ્યું છે, થરાદ જિલ્લા પંચાયતના સદસ્ય સિદ્ધરાજસિંહ રાજપૂતે સમગ્ર મામલે પ્રદેશ નેતૃત્વ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.



બનાસકાંઠા યુથ કોંગ્રેસ પ્રમુખે રાજીનામાના પત્રમાં જણાવ્યું છે કે, પક્ષના વરિષ્ઠ નેતાઓના સન્માન અને કાર્યકરોની લાગણીને ધ્યાનમાં રાખીને આ જવાબદારી ચાલુ રાખવી યોગ્ય નથી. રાજીનામામાં ગેનીબેન ઠાકોર અને ગુલાબસિંહ રાજપૂતના અપમાનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સિદ્ધરાજસિંહ રાજપૂતે જણાવ્યું કે ગુલાબસિંહ રાજપૂતે 3 મહિના અગાઉ જ પ્રદેશ સમિતિને યાદી સોંપી હતી, છતાં તે જાહેર ન થતાં તેમને પોતાની વાત સાર્વજનિક કરવાની ફરજ પડી હતી. ગુલાબસિંહ રાજપૂત જનાદેશ ધરાવતા અને સક્ષમ નેતા હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું કે ગુલાબસિંહ અને ગેનીબેન જેવા નેતાઓ કોઈની મહેરબાનીથી નહીં, પરંતુ પ્રજાના મતોથી નેતા બન્યા છે.

# શક્તિપીઠ એવા અંબાજીમાં ભાદરવી પૂનમના મેળા માટે તડામાર તૈયારીઓ

**અંબાજી**

ગુજરાતમાં શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી પુનમના મેળા માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. અંબાજીમાં 20 સપ્ટેમ્બર 2026 થી 26 સપ્ટેમ્બર 2026 દરમિયાન મેળો યોજાશે. જેમાં વહીવટી અને પોલીસ તંત્ર પૂરજોશમાં તૈયારીઓમાં લાગી ગયું છે. આ અંગે બુધવારે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ વડા દ્વારા સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં મેળાની વ્યવસ્થા, સુરક્ષા અને યાત્રાળુઓની સુવિધાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.

ભાદરવી પૂનમના મેળા દરમિયાન લાખોની સંખ્યામાં પદયાત્રીઓ અંબાજી પહોંચતા હોય છે. તેમજ મંદિર પરિસરમાં ભીડ નિયંત્રિત કરવા માટે વહીવટી તંત્રએ ખાસ વ્યવસ્થા ઉભી કરી છે. જેમાં અલગ અલગ સ્થળોએથી પ્રવેશ માટેની વ્યવસ્થામાં પણ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે.

તેમજ મેળા દરમિયાન ટ્રાફિકના સંચાલન માટે પાર્કિંગ પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત માઈભક્તોને મંદિર પરિસરમાં વ્યવસ્થા જળવાઈ રહે તે માટે 5 મીટર થી નાની લંબાઈની ધજા સાથે જ અંબાજી આવવા અનુરોધ કરાયો છે.

# વડોદરામાં માથાભારે તત્વો દ્વારા હુમલો કરી રીક્ષા અને વાહનોની તોડફોડ કરી

## જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી ગયેલા ત્રણને પોલીસે પકડ્યા

**વડોદરા**

માંજલપુરમાં રહેતા 60 વર્ષના મધુબેન માળીએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગઈ 13 સપ્ટેમ્બરના રોજ રાત્રે નવેક વાગ્યે હું, અને મારો પરિવાર ઘરની બહાર ઓટલા પર બેઠા હતા. તે વખતે પ્રદિપ ગોહિલ અને તેના મિત્રો મારા ઘર પાસે ઉભા રહીને જોર-જોરથી બોલતા હતા. મેં તેમને શાંત રહેવા કહેતા તેમણે મારી તથા મારા પતિ સાથે બોલાચાલી અને ઝગડો કર્યો હતો.

બીજા દિવસે જય બપોરે ત્રણ વાગ્યાના સુમારે, જ્યારે અમો ઘરે હતા, ત્યારે પ્રદિપ ગોહિલ તથા બે મિત્રો ધર્મેશ પાંડુરંગ મોરે અને દેવુ ગોહિલ અમારી ગલીમાં આવી ગાળો બોલવા લાગ્યો હતો. ગાળો બોલવાની ના પાડતા ત્રણેય જણા ઉશ્કેરાઈ ગયા હતા. તેઓએ મારા પતિની ઓટો રિક્ષાનો કાચ, સ્ટીયરીંગ અને હૂડ ડંડા મારીને તોડી નાખ્યા હતા. પ્રદિપે ડંડો મારા માથામાં અને નાકના ભાગે મારી દીધો હતો, જેથી મને લોહી નીકળવા લાગ્યું હતું. મને બચાવવા વચ્ચે પડેલા પડોશીને પણ આ ત્રણેય જણાએ માર માર્યો હતો. જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. માંજલપુર પોલીસે ત્રણેયને ઝડપી પાડી કાન પકડાવ્યા હતા.

# કેન્દ્રના નાણામંત્રીના ફેક વીડિયોથી અંજાઇને બેન્ક અધિકારીએ રૂપિયા 12.68 લાખ ગુમાવ્યા

## વીડિયોમાં 22 હજારનું રોકાણ કરી રોજ 75 હજાર મેળવો તેવું દર્શાવ્યું હતું

**વડોદરા**

વડોદરાની એક ખાનગી બેન્કમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરતા એક કર્મચારી ઓનલાઈન ઠગોના ચક્કરમાં ફસાતાં રૂ.૧૨.૬૮ લાખ ગુમાવ્યા છે. સનફાર્મા ખાતે શ્રીધર રેસિડેન્સીમાં રહેતા રક્ષેશ બૂચે પોલીસને કહ્યું છે કે,ગઈ તા.૧૫ ફેબ્રુઆરીમાં ફેસબુક પર હિન્દી ન્યૂઝ ચેનલની એન્કરનો વીડિયો જોયો હતો. જેમાં કેન્દ્રના નાણામંત્રીનો એક વીડિયો મૂકવામાં આવ્યો હતો. વીડિયોમાં શેર માર્કેટમાં રૂ.૨૨ હજારનું રોકાણ કરીને ડેઈલી 75 હજાર મળે છે તેમજ મહિને 16 લાખ સુધીની રકમ મળશે તેમ દર્શાવાયું હતું. ફરિયાદીએ કહ્યું છે કે,મેં રજિસ્ટ્રેશન કરાવતાં મારા પર અલી નામની વ્યક્તિનો કોલ આવ્યો હતો અને તેણે ભારત સરકારની ક્વોન્ટમ એઆઇ સ્કીમમાં રૂ.૨૨ હજાર ભરવા કહ્યું હતું.અલીએ ક્રુડ ઓઈલમાં રોકાણની સ્કીમ પણ સમજાવી હતી અને સાઉદીના બાદશાહ સાથે વાત કરાવી હતી.અલીએ યુધ્ધને કારણે મોટો ફાયદો થશે તેમ કહી જુદા જુદા ખાતાઓમાં કુલ રૂ.૧૨.૮૦ લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા.મને અત્યાર સુધીમાં રોકાણની સામે માત્ર રૂ.૧૧,૮૦૦ જ પરત મળ્યા છે અને મારી પાસે રૂ.7 લાખ જેટલી રકમની માગણી કરવામાં આવી રહી છે.

# ધાર્મિક કામમાં પૈસા આપવા છે?', ઉપાશ્રયના નામે વૃદ્ધ વેપારી પાસે રૂ.21.79 લાખ પડાવ્યા

## પાલડી ઉપાશ્રયના દાનના બહાને બેન્ક અને આંગડિયા મારફતે રકમ પડાવી ઠગ ફરાર

**અમદાવાદ**

સેટેલાઈટના 67 વર્ષીય મયુર શાહને અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો, પોતાને પાલડીના નરરત્ન મહારાજ સાહેબ ઉપાશ્રયના તેજશ શાહ તરીકે ઓળખાવી ધાર્મિક કામમાં દાન માંગ્યું હતું. આસ્થા હોવાથી મયુરે હા પાડી હતી. શરૂઆતમાં 49,000 બેન્ક ખાતામાં જમા કરાવવા કહ્યું, જે મિત્રના પુત્ર મારફતે જમા કરાવ્યા હતા. 24 જુલાઈએ વધુ 1,00,000 તે જ ખાતામાં, 5 ઓગસ્ટે 1,00,000 અને 7 ઓગસ્ટે 2,00,000 કલ્પનાબેહન શાહના ખાતામાં જમા કરાવાયા હતા. 10થી 14 ઓગસ્ટે આંગડિયા મારફતે મોટી રકમ મોકલવા કહ્યું, 10મીએ 4,00,000, 11મીએ 4,30,000, 12મીએ 4,00,000 અને 14મીએ 5,00,000 મોકલ્યા હતા. પ્રાંતિજ અને દ્વારકા ખાતે તેજશ શાહના નામે મોબાઈલ નંબર આધારે મોકલાઈ, મોકલનાર તરીકે વિજય, રોહિત, વિશાલ નામ દર્શાવાયા હતા. પુત્ર ફાલ્ગુન મારફતે આ રકમ મોકલાઈ હતી. બેન્ક અને આંગડિયા મળી કુલ 21,79,000 મેળવાયા બાદ બંને નંબર બંધ થઈ ગયા હતા. મયુર અને પુત્રએ પાલડી ઉપાશ્રયમાં રૂબરૂ તપાસતા દાનની કોઈ માંગણી ન હોવાનું જાણવા મળ્યું હતું. છેતરપિંડી સમજાતા આનંદનગર પોલીસમાં અરજી આપી હતી. મહુડી ગામના તેજશ સુભાષ શાહ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરાઈ છે.

# ગુજરાતી ઉદ્યોગપતિને બેંક ઓફ બરોડા કેન્યાને 2210 કરોડ ચૂકવવાનો આદેશ

## કોમર્શિયલ લોન વિવાદમાં નૈરોબી હાઈકોર્ટનો મોટો ચુકાદો

**અમદાવાદ**

નૈરોબી હાઈકોર્ટે બેંક ઓફ બરોડા કેન્યાને 2210 કરોડ રૂપિયા એટલે કે અંદાજે 2.996 અબજ કેન્યા શિલિંગ અશોક રૂપશી શાહની કંપની ઈન્ફિનિટી ઈન્ડસ્ટ્રિયલ પાર્ક લિમિટેડને ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ ચુકાદો નાયરોબીના ઈસ્ટર્ન બાયપાસ પાસેના ઈન્ડસ્ટ્રિયલ પાર્ક પ્રોજેક્ટના કોમર્શિયલ લોન વિવાદમાં વળાંક છે. વિવાદ વેરહાઉસ ડેવલપમેન્ટની કોમર્શિયલ લોન અંગે છે, ડેવલપરે જમીન મોર્ગેજ મૂકી હતી. આક્ષેપ છે કે બેંકે ટાઈટલ દસ્તાવેજો રોક્યા, ઉપયોગ ફેરફારની મંજૂરીમાં વિલંબ કર્યો અને આગળનો હપ્તો ન આપી કરાર ભંગ કર્યો, જેથી રોકડ પ્રવાહ અટક્યો અને પ્રોજેક્ટ સમયસર પૂરો થયો નહીં. શરૂઆતમાં ડેવલપરે કબજો અટકાવવા રાહત માંગી, બેંકે સમયમાં બચાવ ન રજૂ કરતા હાઈકોર્ટે ડિફોલ્ટ જજમેન્ટ આપ્યું, પીટર મુલ્વાએ બેદરકારી ટાંકી રદ કરવાનો ઇનકાર કર્યો, 2.996 અબજ શિલિંગનો દાવો માન્ય રાખ્યો, બાદમાં એડમિનિસ્ટ્રેટર્સ આદેશ ભંગથી કેસ ગરમાયો છે.

# ગાંધીનગર મનપા, ઓખા અને દ્વારકા નગરપાલિકાની ચૂંટણી તારીખ જાહેરાત

**અમદાવાદ**

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચે ગાંધીનગર મહાનગરપાલિકા, ઓખા નગરપાલિકા અને દ્વારકા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ તેમજ રાજ્યભરની વિવિધ સ્થાનિક સંસ્થાઓમાં ખાલી પડેલી બેઠકો પર પેટાચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર બુધવારે કર્યો હતો. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા બુધવારે જાહેર કરાયેલા ચૂંટણી કાર્યક્રમ મુજબ, સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે મતદાન ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ (રવિવાર) ના રોજ સવારે ૭ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી યોજાશે.

આ કાર્યક્રમમાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, ઓખા મ્યુનિસિપાલિટી અને દ્વારકા મ્યુનિસિપાલિટીની સામાન્ય ચૂંટણીઓનો સમાવેશ થાય છે. તેમાં ખેરાલુ મ્યુનિસિપાલિટી, છોટા ઉદેપુર મ્યુનિસિપાલિટી, બાયડ મ્યુનિસિપાલિટી, દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત, પાદરા તાલુકા પંચાયત, સતલાસણા તાલુકા પંચાયત અને હારિજ તાલુકા પંચાયતની ખાલી બેઠકો પર પેટાચૂંટણીઓનો પણ સમાવેશ થાય છે. રાજ્ય ચૂંટણી પંચે જણાવ્યું હતું કે પેટા ચૂંટણીઓમાં કુલ સાત ખાલી બેઠકો પર મતદાન થશે.

# મોદીનો ડિગ્રી વિવાદ : સોલિસિટરે કોર્ટમાં કહ્યું જિજ્ઞાશા સંતોષવા માહિતી માંગવી યોગ્ય નથી

## વડાપ્રધાન મોદીની ડિગ્રી અંગે અરવિંદ કેજરીવાલે RTIથી માહિતી માંગી હતી

**અમદાવાદ**

વડાપ્રધાનની ડિગ્રી જાહેર કરવાના બહુચર્ચિત વિવાદાસ્પદ કેસમાં હાઈકોર્ટમાં મહત્ત્વની સુનાવણી હાથ ધરાઈ હતી. ભારત સરકારના સોલિસિટર જનરલ વર્ચ્યુઅલ મોડ પર હાજર રહ્યા હતા. તેમણે દલીલ કરી કે અરવિંદ કેજરીવાલનો ડિગ્રી જાહેર કરાવવા પાછળનો હેતુ યોગ્ય નહોતો અને RTI એક્ટ હેઠળ કયા કારણોસર માહિતી માગવામાં આવે છે તેની યોગ્ય ચકાસણી થવી જરૂરી છે.

સોલિસિટર જનરલે વધુમાં જણાવ્યું કે આવી માહિતી એકત્રિત કરવા યુનિવર્સિટીના 70 ટકાથી વધુ સ્ટાફ નિયમિત કામ છોડી સમય ફાળવવો પડે છે અને કર્મચારીઓ મૂળ ફરજ મૂકી આવા કામમાં સમય બગાડી શકે નહીં. માત્ર જિજ્ઞાસા સંતોષવા કોઈપણ વ્યક્તિ RTI હેઠળ માહિતી માગી શકે નહીં અને ભવિષ્યમાં સત્તાધીશો તથા કોર્ટનો કિંમતી સમય ન બગડે તે માટે આવી અરજી કરનાર સામે ભારે દંડ ફટકારવો જોઈએ. આ મામલે હાઈકોર્ટે વધુ સુનાવણી 21 ઓક્ટોબરે થશે. અને આગામી સુનાવણીમાં કેજરીવાલ, યુનિવર્સિટી અને માહિતી આયોગ તરફથી દલીલો રજૂ થશે. ઉલ્લેખનીય છે કે કેજરીવાલની અરજી સામે યુનિવર્સિટીએ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો, જેની સામે કેજરીવાલે હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. હાઈકોર્ટે અગાઉ કેજરીવાલને 25,000નો દંડ ફટકાર્યો હતો અને તે દંડ સામે પુનઃ અરજી કરી હતી, જેની બાકી દલીલો આવતા મહિને સાંભળવામાં આવશે.

# વસ્ત્રાપુરમાં ઔડાનો ડિરેક્ટર છું કહી પ્રધાનમંત્રી આવાસના નામે રૂપિયા 19.60 લાખની ઠગાઈ

## જયશ્રીબેન સહિત ગ્રુપ પાસેથી 19.60 લાખ પડાવી ચેક રિટર્ન થતા ભાંડો ફૂટ્યો

**અમદાવાદ**

છેલ્લા સમયથી નકલી સરકારી કર્મચારી બની છેતરપિંડી વધી છે, ત્યારે વધુ એક ઘટના વસ્ત્રાપુરમાં નોંધાઈ છે. રાજેશસિંહ રાઠોડે પોતાને ઔડાના બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે ખોટી ઓળખ આપી જયશ્રીબેન શર્મા અને ગ્રુપને પ્રધાનમંત્રી આવાસમાં મકાનની લાલચ આપી 19.60 લાખ પડાવ્યા હતા. મકાન ન મળતા ચેક રિટર્ન થયા અને હોદ્દો ન હોવાનો ભાંડો ફૂટતા ફરિયાદ નોંધાઈ છે.

નવેમ્બર 2025માં ફરિયાદી જયશ્રીબેન શર્મા અને ગ્રુપના અન્ય સભ્યોને રાજેશસિંહ ઉર્ફે રાજભા બાબુસિંહ રાઠોડે પોતાને ઔડાના બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે ખોટી ઓળખ આપી હતી. તેણે કહ્યું હતું કે હું પ્રધાનમંત્રી આવાસ યોજનાના ફોર્મ ભરી ચોક્કસ મકાન અપાવું છું, હું ઔડાનો ડિરેક્ટર છું, મકાન જોઈતું હોય તો કહેજો, તાત્કાલિક લગાડી આપીશ. ઔડાનું મકાન લેવા પહેલા રૂપિયા આપવા પડશે પછી લોન કરાવી દઈશ. એડવાન્સ પેટે જયશ્રીબેને નવેમ્બર 2025માં 1,60,000 આપ્યા હતા.

ત્યારબાદ અંકિતભાઈ, વિશાલભાઈ, મનીષાબા, વિક્રમભાઈ, પ્રફુલ્લાબેન, આશિષનાબેન અને યોગેશભાઈએ રોકડ અને ટ્રાન્સફરથી મળી કુલ 19,60,000 આપ્યા હતા. મકાન ન મળતા પૈસા માંગતા જુલાઈ 2026માં નોટરી કરાર કરી એક મહિનામાં પરત આપવાની બાંહેધરી અને ચેક આપ્યા હતા, જે રિટર્ન થયા હતા.

# જામનગરના દરેડમાં પ્રેમસંબંધની શંકાએ 16 વર્ષના કિશોરની હત્યા, ચાર પકડાયા

## મેસેજ કરી ઘરે બોલાવી ધોકા વડે માર મારી હત્યા નિપજાવી

**જામનગર**

દરેડમાં બસ સ્ટેશન સામે રહેતા 16 વર્ષીય સાગર રમેશભાઈ ખરા અને પાડોશી દિનેશ ગોહીલની પુત્રી વચ્ચે પ્રેમસંબંધ હોવાનું સામે આવ્યું છે. પિતા દિનેશ ગોહીલને જાણ થતાં દીકરીના મોબાઈલથી મેસેજ કરી સવારે નવ વાગ્યે ઘરે બોલાવ્યાનો આક્ષેપ છે.

સાગર ઘરે પહોંચતા દિનેશ જેઠાભાઈ ગોહીલ, ભાઈ જગદીશ જેઠાભાઈ ગોહીલ, મિત્ર રામકેશ ઉર્ફે પિન્ટુ પ્રેમનારાયણ પ્રજાપતિ અને અભી અગ્રાવતે પકડી ઉપરના માળે લઈ ધોકા વડે માર માર્યો હતો. બાદમાં ઘર બહાર ઢસડી કાઢી રામકેશ ઉર્ફે પિન્ટુ અને અભિએ ટીંગાટોળી કરી શેરીમાં ફેંકી દીધો હતો. પરિવારજનો પહોંચતા 108 મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં તબીબે મૃત જાહેર કર્યો હતો. મૃતકના મોટા ભાઈ પિયુષ રમેશભાઈ ખરાની ફરિયાદ પરથી પોલીસે ચારેય સામે ભારતીય ન્યાય સંહિતા 103(1), 54, જી.પી. એક્ટ 135(1) અને એટ્રોસિટી એક્ટ 3(2)(5) હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

# વરસાદી માહોલના પગલે રાજ્યની વીજ માગમાં 7000 મેગાવોટનો ઘટાડો

**ગાંધીનગર**

રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલ જામ્યો હોવાના કારણે વીજ માગમાં ૭૦૦૦ મેગાવોટ જેટલો ઘટાડો થયો છે. રાજ્યના મોટાભાગના તાલુકાઓમાં થયેલા વરસાદ પહેલા ૧૨ સપ્ટેમ્બરે રાજ્યની વીજ માગ ૨૯૧૯૬ મેગાવોટ નોંધાઈ હતી.ગરમીના કારણે તથા વરસાદ ખેંચાયો હોવાથી કૃષિ ક્ષેત્રની વીજ માગમાં વધારો નોંધાયો હતો.જોકે ૧૬ સપ્ટેમ્બરે વીજ માગ ૨૧૯૬૫ મેગાવોટ નોંધાતા વીજ માગમાં સીધો ૭૦૦૦ મેગાવોટનો જંગી ઘટાડો નોંધાયો છે.ખાસ કરીને કૃષિ ક્ષેત્રની વીજ માગ ૮૦૦ મેગાવોટથી ઘટીને ૮૬ મેગાવોટ રહી છે. આ જ રીતે મધ્ય ગુજરાત વીજ કંપનીની વીજ માગ પણ પણ ૨૬૦૦ મેગાવોટથી ઘટીને ૨૩૦૦ મેગાવોટ થઈ છે.

# બાબુ કાલિયા ગેંગ સામે ગુજસીટોક હેઠળ ગુનો સૂત્રધારના રિમાન્ડ મંજૂર

## ગુનાનો ઈતિહાસ ધરાવતી ગેંગ સામે પ્રપોઝલ ગ્રાહ્ય રાખ્યું

**અમદાવાદ**

વેજલપુર ફતેવાડીમાં સંગઠિત ગુનાખોરી આચરતી બાબુ કાલિયા ગેંગ સામે પોલીસે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કર્યો છે. 307 હેઠળ બે આરોપીની ધરપકડ કરી એક દિવસના રિમાન્ડ બાદ જેલમાં મોકલાયા હતા. નવી કલમ ઉમેરી રિમાન્ડ માગતા કોર્ટે બાબુ કાલિયાના રિમાન્ડ આપ્યા છે, વસીમ ઉર્ફે ડેમો જ્યુડિશિયલ કસ્ટડીમાં છે અને શહેજાન વોન્ટેડ છે.

ઝોન-7ના ડીસીપી શિવમ વર્માના જણાવ્યા મુજબ ફતેવાડીમાં ગેંગ સામે કલમોનો ઉમેરો કરાયો છે. ગેંગ સામે મારામારી, આર્મ્સ એક્ટ, 307 સહિત 15 ગુના છે, 307ની એફઆઈઆરમાં 2ની ધરપકડ કરાઈ છે. ઈતિહાસનો અભ્યાસ કરી પ્રપોઝલ ગ્રાહ્ય રાખતા ગુજસીટોક ઉમેરાઈ છે. મુખ્ય આરોપી મુજાહિદ અલી ઉર્ફે બાબુ કાલિયા સામે મર્ડર સહિત 15 ગુના છે, વસીમ શેખ અને રોઝાન પઠાણ સામે 3-3 ગુના છે. આરોપીઓ ફતેવાડીમાં નજીક રહેતા હોવાથી ઓળખાણ થઈ હતી, આર્મ્સ એક્ટ, મારામારી, 307માં સામેલ છે.

# વાઘ બકરી ટી ગ્રૂપના સ્વપ્નદ્રષ્ટા ચેરમેન પીયૂષ દેસાઈનું અમદાવાદમાં નિધન

**નવી દિલ્હી**

વાઘ બકરી ગ્રૂપના ચેરમેન પીયૂષ દેસાઈનું અમદાવાદમાં નિધન થયું છે. કુશળ ટી ટેસ્ટર અને દિગ્ગજ દેસાઈએ ગુજરાત ટી પ્રોસેસર્સ એન્ડ પેકર્સને 2000 કરોડની આવક સાથે ભારતની ત્રીજી મોટી પેકેજ્ડ ચા કંપની બનાવી હતી. 1892માં નરણદાસ દેસાઈએ શરૂ કરેલી બ્રાન્ડે તેમના નેતૃત્વમાં સૌથી આક્રમક વિસ્તરણ કર્યું, પશ્ચિમ-મધ્ય ભારતથી આગળ વધી 30થી વધુ દેશોમાં પ્રવેશ મેળવ્યો હતો. માસ્ટર ટી ટેસ્ટર તરીકે બ્લેન્ડમાં ગુણવત્તા નિયંત્રણ જાળવ્યું હતું અને NETA તરફથી લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ મેળવ્યો હતો. પેઢીના મૂલ્યોને આધુનિક કોર્પોરેટ વ્યૂહરચના સાથે જોડી વૈશ્વિક ભારતીયો માટે ચા બ્લેન્ડ્સ ઉપલબ્ધ કરાવ્યા હતા અને ચા ક્ષેત્રે યોગદાન આપ્યું હતું.

# સુરતમાં 84 વર્ષીય મહિલાની હત્યા ઘર બંધ કરી તાળું મારી હત્યારો ફરાર

## પોલીસ તમામ ફૂટેજ ચેક કરી અનેકના નિવેદનો લીધા

**અમદાવાદ**

સુરતના નાનપુરા વિસ્તારમાં આવેલા એપાર્ટમેન્ટમાં 84 વર્ષીય આમેનાબેનનો તેમનાં ફ્લેટમાં લોહીલુહાણ મૃતદેહ મળ્યો હતો. આમેનાબહેન તેમનાં નાના બહેન (71)ના ઘરે વિઘનેશ્વર એસ્ટેટમાં રહેતાં હતાં અને રોજ સવારે પોતાના ફ્લેટ પર એકવાર આવતાં. બન્ને બહેનો મુંબઈ જવાની હોવાથી આમેનાબહેન તૈયારીઓ માટે સોમવારે પોતાના ફ્લેટમાં આવ્યા હતાં, પરંતુ પરત ન ફરતાં તેમની ખબર લેવા ગયેલાં તેમનાં બહેને તેમનો મૃતદેહ ફ્લેટમાં લોહીલુહાણ હાલતમાં જોયો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

સવારે સાડા નવ વાગ્યાના ગયેલાં આમેનાબહેન સાથે બપોરે અઢી વાગ્યા આસપાસ તેમનાં બહેન દુરરીયા સિરાજ મોતીવાલાએ વાત પણ કરી હતી. સાંજ સુધી તેઓ પરત ફર્યા નહીં આથી, દરરીયાબહેન તેમનાં ફ્લેટ પર ગયાં હતાં અને ડુપ્લિકેટ ચાવીથી ઘર ખોલ્યું હતું. ઘટનાની જાણ થતા પોલીસ દોડી આવી હતી. વૃદ્ધ મહિલાનાં પોસ્ટમોર્ટમ પ્રમાણે તેમનું ગળું દબાવવામાં આવ્યું હતું. આ સાથે તેમના માથા પર ભારે સાધનથી વાર કરવામાં આવ્યો હતો અને તેમની પાંસળીઓમાં પણ ઈજા પહોંચી હતી.

તેમનાં બિલ્ડિંગમાં સીસીટીવી કેમેરા ન હોવાથી પોલીસ આસપાસની ઈમારતોના ફૂટેજ ચેક કરી રહી છે. આ સાથે કામવાળી, આસપાસના લોકો સહિત તમામના નિવેદન લેવામાં આવી રહ્યા છે.

મળતી વિગતો અનુસાર આમેનાબહેનનાં પતિનું 40 વર્ષ પહેલા નિધન થયું હતું અને ત્યારબાદ તેમનાં એકમાત્ર અપણિત પુત્ર શબ્બીરનું પણ 2017માં નિધન થયું હતું. ત્યારબાદ તેઓ એકલવાયું જીવન જીવતાં હતા. તેમની હત્યા બાદ તેમનો મોબાઈલ ગુમ છે અને હત્યારો ઘરને તાળું દઈ ભાગી ગયો છે. હાલમાં પોલીસને કોઈ પરિચિત વ્યક્તિએ જ આ હત્યા કરી હોવાનું જણાઈ રહ્યું છે.

# સુરતની પી.પી સવાણી હોસ્ટેલમાં ફૂડ પોઈઝનિંગની અસર

**સુરત**

સુરતની પી.પી. સવાણી હોસ્ટેલ ખાતે તાજેતરમાં બનેલી ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ તંત્ર જાગ્યું છે. વિદ્યાર્થીઓ અને નાગરિકોના આરોગ્યની સુરક્ષાન ધ્યાનમાં રાખી આરોગ્ય મંત્રીએ રાજ્યભરમાં હોસ્ટેલ અને કેન્ટીનની સઘન તપાસ હાથ ધરવા ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્રને સૂચના આપી હતી. આ મામલે ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા રાજ્યવ્યાપી સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરી 386 હોસ્ટેલ/કેન્ટીનમાં તપાસ કરી હતી. જેમાંથી 102ને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારી છે.ગુ

તપાસ દરમિયાન જ્યાં સ્વચ્છતા, ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તા સંબંધિત ખામીઓ જણાઈ ત્યાં સંચાલકોને જરૂરી સુધારાત્મક પગલાં લેવા ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવી હતી. ઉપરાંત, ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે 194 નમૂનાઓ પણ લેવામાં આવ્યા છે, જેની વધુ તપાસ અને વિશ્લેષણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# બિલીમોરાના પરિવારે કેનેડામાં શ્રીજી માટે પરંપરા જાળવી તાજા શાકભાજી ઉગાડ્યા

## ઓન્ટેરિયોના ગણેશોત્સવમાં આરતી, પુજાનું આયોજન

**બીલીમોરા**

મૂળ બિલીમોરાના અને હાલ કેનેડાના સ્ટોફવિલેમાં રહેતા મહેતા પરિવારે વિદેશમાં પણ ગણેશોત્સવની પરંપરા જાળવી છે. ગણેશજીની સ્થાપના સાથે બાપ્પાને ધરાવાતા થાળમાં તાજા શાકભાજીનો ઉપયોગ થાય તે માટે પરિવારે ઘરે જ શાકભાજી ઉગાડ્યા છે. હીરલ મહેતાના જણાવ્યા મુજબ કેનેડામાં ફ્રોઝન ખાદ્યસામગ્રી સામાન્ય છે, પરંતુ બાપ્પાના થાળ માટે ફ્રોઝન નહીં પરંતુ ઘરે ઉગાડેલા તાજા શાકભાજીનો ઉપયોગ કરાય છે.

રાજીવ અને હીરલ મહેતા છેલ્લા 22 વર્ષથી કેનેડામાં રહે છે. તેમના બાળકો શિવ અને રિયાનો જન્મ કેનેડામાં થયો હોવા છતાં પરિવાર ભારતીય તહેવારોની ઉજવણીમાં કોઈ કચાશ રાખતો નથી. બાળકો ગુજરાતી બોલવામાં મુશ્કેલી અનુભવે છે, પરંતુ ગણેશજીની પૂજા અને આરતીમાં ઉત્સાહથી જોડાય છે. પરિવાર ઘણા વર્ષોથી ઘરે ઈકો ફ્રેન્ડલી ગણેશજીની



સ્થાપના કરે છે.

વિસર્જનના દિવસે આસપાસ રહેતા ભારતીય પરિવારો એકત્ર થાય છે અને સામૂહિક વિસર્જન બાદ સમૂહભોજનનું આયોજન થાય છે, જેથી કેનેડામાં ઉછરતી નવી પેઢી પરિવારના માધ્યમથી ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલી રહે છે. ઓન્ટારિયોમાં રહેતા જ્યાન અને નિયતિને ત્યાં પણ ગણેશોત્સવમાં આરતી, પૂજા સાથે ગરબાનું આયોજન થાય છે, આસપાસના ગુજરાતીઓ અને ઓળખીતાઓ ભેગા થઈ ઉત્સવ મનાવે છે. વિસર્જનની પરવાનગી ન હોવાથી ઘર નજીક નાનું લેક બનાવી વિસર્જન કરવામાં આવે છે. બિલીમોરા સાથેનો નાતો જાળવી વિદેશમાં પણ ભારતીય તહેવારોની ગરિમા જાળવી રાખી છે.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# પોલીસકર્મી સહિત 4 સામે વ્યાજખોરીના આક્ષેપ સાથે ગુનો

## 50 લાખ સામે 1.05 કરોડ ચૂકવ્યા છતાં વધુ રકમની માગણી, ધમકીના આક્ષેપો વચ્ચે સુરેન્દ્રનગર એસઆઈટી દ્વારા સઘન તપાસ શરૂ

**જામનગર**

જામનગર સિટી ‘બી’ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી ચૂકેલા અને હાલ સુરેન્દ્રનગર બદલી કરાયેલા પોલીસકર્મી અજયસિંહ મહાવીરસિંહ ઝાલા સહિત ચાર શખ્સો સામે સરકારી કોન્ટ્રાક્ટર પાસેથી વ્યાજખોરી તથા બળજબરીથી નાણાં વસૂલવાના આક્ષેપો સાથે ગુનો નોંધાયો છે. રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુના નેતૃત્વમાં વિશેષ તપાસ ટીમની રચના કરાઈ છે.

ફરિયાદી પુષ્પરાજસિંહ ઘનશ્યામસિંહ રાણા (ઉ.વ.32)ના જણાવ્યા મુજબ, 2024માં રેતીની



લીઝના કામ માટે અજયસિંહ પાસેથી 3 ટકા વ્યાજે રૂ.35 લાખ લીધા હતા અને રૂ.36.05 લાખ ચૂકવ્યા હતા. જૂન-2025માં વધુ રૂ.15 લાખ દર મહિને 20 ટકા વ્યાજે લીધા હતા. ફરિયાદીનો આક્ષેપ છે કે કુલ રૂ.50 લાખ સામે રોકડ, ઓનલાઈન અને આંગડિયા મારફતે રૂ.1,05,02,000 ચૂકવ્યા છતાં વધુ રકમ માગવામાં આવી. 27 ફેબ્રુઆરી, 2026ના રોજ અજયસિંહ ઝાલા ઉપરાંત દિવ્યરાજસિંહ ગંભીરસિંહ વાઢેર, અજયસિંહ જયેન્દ્રસિંહ વાઢેર અને યુવરાજસિંહ લાલુભા ઝાલા વડોદરા પહોંચ્યા હતા અને ધમકી આપી હતી. બાદમાં ફરિયાદીને વડોદરા કોર્ટમાં લઈ જઈ રૂ.2 કરોડ હાથઉછીના લીધા હોવાના ત્રણ અલગ-અલગ નોટરાઇઝ્ડ લખાણ કરાવ્યાનો આક્ષેપ છે. આ લખાણોના આધારે રૂ.2 કરોડના ચેક મેળવી બેંકમાં જમા કરાવી બાઉન્સ કરાવી કાયદેસરની નોટિસો પાઠવાઈ હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

રકમ નહીં ચૂકવાય તો ગંભીર પરિણામની ધમકી અને સગા-સંબંધીઓને ફોન કરી ધમકાવ્યાના પણ આક્ષેપ છે. ફરિયાદી પાસે વોટ્સએપ ચેટ, કોલ રેકોર્ડિંગ અને આંગડિયાની પહોંચ સહિતના પુરાવા હોવાનું જણાવાયું છે. બીએનએસ તથા નાણાં ધીરધાર અધિનિયમની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધાયો છે. સુરેન્દ્રનગર એસઆઈટીએ જામનગરમાં આરોપીઓના રહેણાંક સ્થળોએ તપાસ કરી જરૂરી નિવેદનો લીધા છે અને આસપાસના વિસ્તારોમાં પણ તપાસ ચાલુ રાખી છે. એસઆઈટી દ્વારા સમગ્ર નાણાકીય વ્યવહાર, ચેક, નોટરાઇઝ્ડ લખાણો અને અન્ય પુરાવાઓની ચકાસણી ચાલી રહી છે.

# ભૂજના ફતેહગઢમાં સામસામે ફાયરિંગ થતાં નાસભાગ, એક વ્યક્તિ ગંભીર

**ભુજ**

વાગડ પંથકના રાપર તાલુકાના ફતેહગઢ ગામે બુધવારે ધોળા દિવસે બે જૂથો વચ્ચે સામસામે ધાણીફૂટ ફાયરિંગની સનસનાટીભરી ઘટના બનતાં સમગ્ર પંથકમાં ભારે દહેશત અને અફરાતફરીનો માહોલ ફેલાઈ ગયો હતો. ભરચક વિસ્તારમાં અચાનક થયેલા ગોળીબારમાં એક વ્યક્તિ ગોળી વાગવાથી લોહીલુહાણ થઈ ઢળી પડ્યો હતો, જેને તાત્કાલિક ગંભીર હાલતમાં ગાંધીધામની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

ધોળા દિવસે બનેલી આ લોહિયાળ અથડામણની જાણ થતાં જ પૂર્વ કચ્છ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતનો મોટો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી સમગ્ર ફતેહગઢ ગામ તેમજ આસપાસના સીમાડા વિસ્તારોમાં કડક નાકાબંધી ગોઠવી પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો. આ સશસ્ત્ર અથડામણ કઈ જૂની અદાવત, જમીન વિવાદ કે પારિવારિક વેરઝેરના કારણે સર્જાઈ છે તેમજ ગોળીબારમાં કેટલા રાઉન્ડ ફાયર થયા અને બંને પક્ષે કોણ કોણ સામેલ હતું તે દિશામાં પોલીસે તપાસ કેન્દ્રિત કરી છે.

# આંબરડી ગામે વીજ કરંટથી ભાઈ-બહેનનું કરુણ મોત, પરિવારમાં કલ્પાંત, પંથકમાં શોકનું મોજું

## પવન અને વરસાદને કારણે વાયર મશીનને અડી જતાં કરંટ ઉતરવા માંડ્યો હતો

**અમરેલી**

આંબરડી ગામે ભુપતભાઈ ગજેરાની વાડીની ઓરડીમાં લાઈટ અને પંખા માટે વાયરિંગ કરવામાં આવ્યું હતું. થોડા દિવસ પહેલા આવેલા પવન અને વરસાદના કારણે આ વાયરિંગનો પ્રવાહ ઝટકા મશીનના વાયર સાથે અડી જવાથી ઓરડીમાં વીજ પ્રવાહ ચાલુ થઈ ગયો હતો. જો કે, આ અંગેની કોઈ જ જાણ બંને મજૂર ભાઈ-બહેન કે તેમના પરિવારજનોને નહોતી. 21 વર્ષીય યુવાન રાજુભાઈ કચરાભાઈ ભાભોર



વીજ કરંટની ઝપેટમાં આવી ગયો હતો. પોતાના ભાઈને ગંભીર હાલતમાં જોઈને તેને બચાવવા માટે દોડી આવેલી તેની 16 વર્ષીય સગીર બહેન પણ વીજ કરંટની ઝપેટમાં આવી ગઈ હતી. આ અકસ્માતમાં બંને ભાઈ-બહેનનું કરુણ મોત નીપજ્યું હતું. આ કરુણ બનાવની જાણ થતાં જ સ્થાનિક દામનગર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતકોના મૃતદેહનો કબજો કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. હાલમાં દામનગર પોલીસ દ્વારા પંચનામું કરવાની સાથે એફએસએલનો રિપોર્ટ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. એક જ પરિવારના બે યુવા સંતાનોના અચાનક મોતથી પરિવારમાં ભારે રોકકળાટ અને શોકની લાગણી છવાઈ છે.

# તરણેતરના મેળામાં ‘લાડુ સ્પર્ધા’, 30 મિનિટમાં 28 લાડુ ખાઈને બળવંતભાઈ બન્યા પ્રથમ વિજેતા

## અંતિમ તબક્કામાં પ્રથમ સ્થાને આવવા માટે પાંચ સ્પર્ધકો વચ્ચે ભારે રસાકસી જોવા મળી

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકામાં આવેલા વિશ્વપ્રસિદ્ધ તરણેતરના ભાતીગળ મેળામાં ગ્રામીણ ઓલિમ્પિક્સ અંતર્ગત ‘લાડુ સ્પર્ધા’ યોજાઈ હતી. ઝાલાવાડની લોકસંસ્કૃતિ અને પરંપરા સાથે જોડાયેલી આ અનોખી સ્પર્ધાને જોવા માટે મેળામાં હાજર મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા હતા.

‘લાડુ સ્પર્ધા’ સ્પર્ધામાં 25થી 75 વર્ષની વયજૂથ ધરાવતા 28 જેટલાં



સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નિયમ અનુસાર, તમામ સ્પર્ધકોએ 30 મિનિટના નિશ્ચિત સમયમાં દાળ સાથે બેસનના ખાંડવાળા લાડુ ખાવાના હતા. સ્પર્ધાની શરૂઆત થતાં જ તમામ સ્પર્ધકોએ ઝડપથી લાડુ ખાવાનું શરૂ કર્યું હતું.

પહેલી 15 મિનિટમાં જ મોટાભાગના સ્પર્ધકો સરેરાશ 15 જેટલાં લાડુ આરોગીને વારાફરતી સ્પર્ધામાંથી બહાર થવા લાગ્યા હતા. પરંતુ અંતિમ તબક્કામાં પ્રથમ સ્થાને આવવા માટે પાંચ સ્પર્ધકો વચ્ચે ભારે રસાકસી જોવા મળી હતી. સ્પર્ધકો જ્યારે 22, 24 અને 26 લાડુ સુધી પહોંચ્યા, ત્યારે ઉપસ્થિત દર્શકોએ પણ તાળીઓ અને ચિચિયારીઓ સાથે તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

# આદિપુરમાં ઊંચા વળતરની લાલચે બે મિત્રો સાથે 15.50 લાખની છેતરપિંડી

## શરૂઆતમાં 25 હજાર વિશ્વાસ મેળવ્યો પછી ફોન બંધ કરી દીધો

**ભુજ**

ભુજમાં રહેતા અને આદિપુરની ૩૪ નંબર બજારમાં ‘જલારામ મેડિકલ એન્ડ જનરલ સ્ટોર’ ચલાવતા ભૂપેન્દ્ર હીરાલાલ સોલંકીની ઓળખાણ તેના મિત્ર ધૈર્ય બુચ મારફતે અમદાવાદના વિશાલ નવીન પટેલ સાથે થઈ હતી. ૨૦૨૬ની આઈપીએલમાં ગુજરાત-હૈદરાબાદ મેચની ટિકિટો અપાવ્યા બાદ આરોપીએ નિકટતા કેળવી હતી. વિશાલ પટેલે પોતે ચીનથી કન્ટેનર મંગાવી ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં કમિશનથી માલ વેચતો હોવાનું જણાવી ૭ થી ૧૦ દિવસના રોકાણ પર ૨ થી ૫ ટકા સુધીનું માતબર વળતર આપવાનો દાવો કર્યો હતો.

આરોપીએ બોગસ બિલો, કન્ટેનરોના ફોટા અને ક્યૂઆર કોડ મોકલી વિશ્વાસ સંપાદિત કરતાં વેપારી ભૂપેન્દ્રભાઈએ તેના બેન્ક ખાતામાં રૂપિયા ૧૦,૫૦,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. શરૂઆતના બે મહિના આરોપીએ રૂપિયા ૨૫ થી ૩૦ હજાર આપીને વિશ્વાસ જાળવ્યો હતો, પરંતુ બાદમાં પોતાનો મોબાઈલ સ્વિચ ઓફ કરી દીધો હતો.

# રાપર તાલુકામાં વીજળી ત્રાટકતાં બે યુવાનોનાં કરુણ મોત થયાં : તંત્ર દ્વારા સાવચેતીની તાકીદ

## સીમમાં બકરા ચરાવવા માટે ગયેલા યુવાનને કાળ ભેટી ગયો

**ભુજ**

કચ્છમાં પ્રથમ બનાવ જીલાર વાંઢ વિસ્તારમાં બન્યો હતો. સીમમાં બકરા ચરાવવા ગયેલા કેસા તરસી કોળી નામના યુવક પર અચાનક કડાકા-ભડાકા સાથે આકાશી વીજળી ત્રાટકી હતી. વીજપ્રહારથી ગંભીર રીતે દાઝી ગયેલા યુવાનને પરિજનો અને ગ્રામજનો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયો હતો, પરંતુ ટૂંકી સારવાર બાદ તેનું પ્રાણપંખેરુ ઊડી ગયું હતું. બીજી કાળજું કંપાવનારી ઘટના આડેસર ગામે બની હતી. વરસાદી વાતાવરણ દરમિયાન આકાશી વીજળી પડતાં જયંતિ ભવાન પરમાર નામના યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. માત્ર 48 કલાકના ગાળામાં આકાશી વીજળી પડવાથી બે-બે યુવાનોનાં અકાળે અવસાન થતાં ગ્રામીણ પ્રજામાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા હજુ પણ વરસાદી પ્રણાલી સક્રિય હોવાની ચેતવણીના પગલે વહીવટી તંત્રએ ખેડૂતો, માલધારીઓ અને શ્રમિકોને ખેતર, વાડી તેમજ ખુલ્લા વિસ્તારોમાં કામ કરતી વખતે અત્યંત સાવચેતી રાખવા અને મેઘગર્જના વેળાએ વૃક્ષ નીચે ઊભા રહેવાને બદલે પાકા મકાન કે સુરક્ષિત સ્થળે આશરો લેવા ખાસ અનુરોધ કર્યો છે.

# કલેક્ટરને HCની ટકોર : બિનખેતી પરવાનગી મામલે સરકારી ઠરાવ કાયદાથી તો મોટો નથી

## ઠરાવ માત્ર વહીવટી સૂચના છે કાયદા કરતાં ઊંચું સ્થાન આપી શકાય નહીં

**જામનગર**

જામનગરમાં બિનખેતી પરવાનગી નકારવાના મામલે જસ્ટિસ નિરલ મહેતાએ કલેક્ટરની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે. સિવિલ કોર્ટમાં કેસ પેન્ડિંગ અને વિવાદ નોંધાયાના આધારે પરવાનગી નકારાઈ હતી, જે કયા કાયદા હેઠળ નકારાઈ તે અંગે હાઈકોર્ટે સ્પષ્ટતા માગી હતી.

7 સપ્ટેમ્બરના આદેશ બાદ કલેક્ટરે 9 સપ્ટેમ્બરે સોગંદનામું રજૂ કરી 10 માર્ચ 2022ના ઠરાવના આધારે નિર્ણય યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કર્યો હતો. હાઈકોર્ટે ઠેરવ્યું કે ઠરાવ માત્ર વહીવટી સૂચના છે, કાયદા અને અદાલતના સિદ્ધાંતો કરતાં ઊંચું સ્થાન આપી શકાય નહીં. સોગંદનામામાં કાનૂની સ્થિતિ અંગે ચર્ચા નથી અને તે ધ્યાને લેવાઈ કે નહીં તેની સ્પષ્ટતા પણ નથી. આ વલણ પ્રથમ દ્રષ્ટિએ અદાલતના તિરસ્કાર સમાન ગણી ગંભીર નોંધ લેવાઈ છે. આગળની કાર્યવાહી પહેલાં મહેસૂલ વિભાગના વડાનું ધ્યાન દોરવું યોગ્ય ગણાયું છે. અધિક મુખ્ય સચિવને તપાસ કરી કાયદા અને ચુકાદાનું પાલન થાય તે માટે પગલાં સૂચવવા જણાવાયું છે. સુનાવણી 24 સપ્ટેમ્બરે થશે. ઠરાવના આધારે કાનૂની સ્થિતિ અવગણાય નહીં તે સુનિશ્ચિત કરવા કહેવાયું છે.

સ્વદેશ



## અનંત નાગને દાદાસાહેબ ફાળકે અવૉર્ડ મળશે

ભારતીય સિનેમા જગતના સર્વોચ્ચ અને અત્યંત પ્રતિષ્ઠિત ગણાતા 'દાદાસાહેબ ફાળકે એવૉર્ડ'ની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. કન્નડ સિનેમાના દિગ્ગજ કલાકાર અને પીઢ અભિનેતા અનંત નાગને ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં તેમના બહુમૂલ્ય પ્રદાન અને પેઢીઓને પ્રેરણા આપતી ભવ્ય સિનેમેટિક સફર બદલ આ સર્વોચ્ચ સન્માન એનાયત કરવામાં આવશે. PIB દ્વારા બુધવારે આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. દાદાસાહેબ ફાળકે એવૉર્ડ સિલેક્શન કમિટીની ભલામણના આધારે કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો છે.

## સલમાનની માતૃભૂમિને હજુ મંજૂરી નહિ, રીલિઝ અંગે અનિશ્ચિતતા



મુંબઈ : સલમાન ખાનની 'માતૃભૂમિ' આવતા અઠવાડિયે સેન્સર બોર્ડના અધિકારીઓને દર્શાવવામાં આવશે તેવા અહેવાલો પાયાવિહોણાં પુરવાર થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ફિલ્મ સેન્સર બોર્ડમાં જ અટવાઇને પડેલી છે. ચીન સાથે સંબંધો સુધર્યા બાદ હવે આ ફિલ્મનું ભાવિ અનિશ્ચિત બની ગયું છે. ૨૦૨૦માં ભારત અને ચીન વચ્ચે ગલવાનમાં થયેલી લડાઇ પર આ ફિલ્મ આધારીત છે. પહેલાં તેનું નામ 'બેટલ ઓફ ગલવાન' રાખવામાં આવ્યું હતું જોકે, આ નામથી ચીન છંછેડાય તેમ હોવાથી ભારે દબાણ બાદ તેનું નામ બદલીને 'માતૃભૂમિ' કરવામાં આવ્યું છે. ફિલ્મમાં ચીન વિરોધી અનેક ઉલ્લેખો પર કાતર ફેરવાઈ છે. જોકે, તેમ છતાં પણ હજુ કેન્દ્ર સરકાર દ્વારા આ ફિલ્મને લીલી ઝંડી દેખાડાઈ નથી.

## 41મા દિવસે બોક્સ ઓફિસની 'કિંગ' બની 'હનુમાન અંશ'



મુંબઈ : વિશાલ ચતુર્વેદી દ્વારા નિર્દેશિત ફિલ્મ 'હનુમાન અંશ' બોક્સ ઓફિસ પર અકલ્પનીય ઇતિહાસ રચી રહી છે. ફિલ્મ પર નીમ કરોલી બાબાના એવા આશીર્વાદ વરસ્યા છે કે તેની કમાણીની રફતાર અટકવાનું નામ નથી લઈ રહી. વીકેન્ડ હોય કે સામાન્ય દિવસો, ઓછા બજેટ અને વિરાટ કમાણીના મામલે આ ફિલ્મે ભારતીય સિનેમાના તમામ જૂના સમીકરણો બદલી નાખ્યા છે. આ ફિલ્મમાં શોભિનવ સત્યાએ મુખ્ય ભૂમિકા ભજવી છે અને ફિલ્મની સમગ્ર વાર્તા નીમ કરોલી બાબાના દિવ્ય જીવન પર આધારિત છે. 7 ઓગસ્ટના રોજ થિયેટરોમાં રિલીઝ થયેલી આ ફિલ્મે 41 દિવસમાં ભારતનું કુલ ગ્રોસ કલેક્શન 277.72 કરોડ પર પહોંચી ચૂક્યું છે. જો કમાણીની આ જ ઝડપ ચાલુ રહેશે, તો ચાલુ સપ્તાહમાં જ ફિલ્મનું ગ્લોબલ કલેક્શન રૂ.300 કરોડનો ઐતિહાસિક આંકડો પાર કરી જશે.



## હવે મને સેફ પાત્રો ભજવવામાં રસ નથી : કૃતિ સેનન

મુંબઈ : 'હવે મને માનસિક રીતે જટિલ પાત્રો ભજવવામાં વધારે રસ પડે છે. હોલિવુડની સાયકોલોજિકલ ડ્રામા 'ઓબ્સેશન' જોયા પછી મેં મારી -કારકિર્દીને નવી નજરે જોવાનું શરૂ કર્યું છે. આ ફિલ્મ જોયા પછી મને લાગ્યું કે એક કલાકાર તરીકે જોખમ તો ઉઠાવવું જ પડે'

હિન્દી ફિલ્મોમાં કામ કરતી નવીસવી હિરોઇનને જ્યારે નેશનલ એવોર્ડ મળે ત્યારે તેનો આત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચી જાય છે. નેશનલ એવોર્ડ મળ્યા પછી અભિનેત્રીઓની જોખમ ખેડવાની ક્ષમતા ગજબનાક રીતે વધી જાય છે અને કૃતિ સેનન તેનો સૌથી તાજો દાખલો છે. કૃતિ હવે પોતાની કારકિર્દીના એવા વળાંક પર પહોંચી ચૂકી છે જ્યાં તે વિવિધ પ્રયોગો અને જોખમો લેવા સજ્જ છે. કૃતિ કહે છે, 'એક કલાકાર તરીકે મને એવાં પાત્રો ભજવવાની મજા આવે છે જે મારા અંગત વ્યક્તિત્વથી તદ્દન અલગ હોય. હવે મને માનસિક રીતે જટિલ પાત્રો ભજવવામાં વધારે રસ પડે છે.' પોતાના અભિગમમાં આવેલા આ પરિવર્તન પાછળનું રહસ્ય છતું કરતાં કૃતિ કહે છે, 'સાયકોલોજિકલ ડ્રામા ફિલ્મ 'ઓબ્સેશન' જોયા પછી મેં મારી કારકિર્દીને નવી નજરે જોવાનું શરૂ કર્યું છે. આ ફિલ્મ જોયા બાદ મને લાગ્યું કે એક કલાકાર તરીકે જોખમ ઉઠાવવું અનિવાર્ય છે. હંમેશાં સલામત માર્ગ પસંદ કરવો જરૂરી નથી. એવું પણ કશુંક કરવું જોઈએ જે દર્શકોને ચોંકાવી મૂકે. એક કલાકાર તરીકે મને પણ આવી અલગ પ્રકારની ભૂમિકાઓ ભજવવાનો પડકાર ઝીલવો ગમશે.' કૃતિએ 'કોકટેલ-ટુ'માં આવું જ એક પાત્ર ભજવ્યું છે. આ વિશે વાત કરતાં તે કહે છે, 'એલીનું પાત્ર મારા અંગત સ્વભાવ કરતાં સાવ વિપરીત છે. એલી સાવ નોખી જિંદગી જીવે છે અને તે કોઈને જજ કરતી નથી. જ્યારે મારો સ્વભાવ વધુ પડતા વિચારો કરવાનો છે. હું પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરી તેના વિશે તર્કબદ્ધ વિચારવા ટેવાયેલી છું. બીજી તરફ, એલી સંપૂર્ણપણે મનમોજી છે અને સમાજના કોઈ બંધનોમાં બંધાયેલી નથી.



## મારા દાદી-નાની તો મારા માટે બ્યુટી સ્ટાન્ડર્ડ : કરિશ્મા કપૂર

મુંબઈ : સૌંદર્યની પણ અનોખી વ્યાખ્યા હોય છે. વર્ષોથી તમે ધ્યાનથી જોશો તો કરિશ્મા કપૂર તેની સુંદરતા માટે વિવિધ પ્રતિકોમાંથી એક પ્રતિક માટે જાણીતી છે, જે છે બોલ્ડ લિપસ્ટિક! જો કે આ અંગે અભિનેત્રી કરિશ્મા કપૂર સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે, 'બોલ્ડ લિપસ્ટિક પ્રત્યેનો મારો અનોખો પ્રેમ એ સુંદરતાના ટ્રેન્ડસ કે ફિલ્મ સેટ્સથી પ્રેરિત નહોતો. આ તો મને મારી દાદી અને નાની પાસેથી વારસામાં મળ્યો હતો.

જ્યારે કરિશ્મા કપૂરને પૂછવામાં આવ્યું કે 'શું તેણે ક્યારેય પરંપરાગત સૌંદર્ય ધોરણોનું પાલન કર્યું છે?' ત્યારે કરિશ્મા કહે છે, 'બિલ કુલ નહીં. હું મારી દાદી અને નાની બંને સાથે મોટી થઈ છું. મારા માટે પણ તેમનું ચોક્કસ ધોરણ હતું અને તે હતું સૌંદર્યનું ધોરણ! કારણ કે તેમની બંનેની ત્વચા સુંદર હતી. તેમણે એથી વધારે કંઇ કર્યું નહોતું. તેઓ જૂના નુસખામાં માનતા હતા.'ખાસ કરીને મારી દાદી સુંદરતા માટે એક સરળ, પરંપરાગત અભિગમ અપનાવતી હતી, 'મારી દાદી ઘી ખાતા અને ઘી ચહેરા પર પણ લગાડતા અને હોઠ પર બ્રાઈટ રંગ લગાડતી. મને લાગે છે કે મને તેમના દ્વારા જ આ બધુ સમજાયું, એમ કરિશ્મા કહે છે.

## એન હેથવે : ફેશન આઈકનથી ડ્રામાટિક પાવરહાઉસ

મુંબઈ : એન હેથવે લાંબા સમયથી હોલિવુડની સૌથી વર્સેટાઇલ અને લોકપ્રિય અભિનેત્રી રહી છે. 'ધી પ્રિન્સેસ ડાયરીઝ'થી લઈને 'લા મિસરેબલ્સ'માં ઓસ્કર વિજેતા પરફોર્મન્સ સુધી તેણે પોતાની અભિનય ક્ષમતા વારંવાર સાબિત કરી છે. હવે ૨૦૨૬નું વર્ષ તેની કારકિર્દીનું સૌથી વ્યસ્ત વર્ષ બની રહ્યું છે, જેમાં તે અનેક મહત્વકાંક્ષી ફિલ્મો સાથે ફરી વૈશ્વિક સ્પોટલાઇટમાં આવી છે. ડેવિડ લોવરી દિગ્દર્શિત સાયકોલોજિકલ ડ્રામા 'મધર મેરી'માં હેથવે એક પોપ સ્ટારનું શીર્ષક પાત્ર ભજવ્યું. એનની 'ધી ડેવિલ વેર્સ પ્રાડા-ટુ' અને ક્રિસ્ટોફર નોલનની ભવ્ય ફિલ્મ 'ધી ઓડીસી' ઓલરેડી રિલીઝ થઈ ચૂકી છે અને વખણાઈ



ચૂકી છે. એનની આગામી ફિલ્મો પણ ધમાકેદાર છે. જેમ કે, કોલીન હૂવરની બેસ્ટસેલિંગ થ્રિલર પર આધારિત 'વેરિટી'. તેમાં તે ડાકોટા જોનસન અને જોશ હાર્ટનેટ સાથે એક રહસ્યમય લેખિકાનું પાત્ર ભજવી રહી છે. આ સિવાય તે અર્બન થ્રિલર 'ધી એન્ડ ઓફ ઓક સ્ટ્રીટ'નો પણ હિસ્સો છે.

દરમ્યાન, ચાહકો 'ધી પ્રિન્સેસ ડાયરીઝ-થ્રી'ની પણ રાહ જોઈ રહ્યા છે. વધુમાં, ટોમ ક્રુઝ સાથે 'ડેઝ ઓફ થન્ડર'ની સીક્વલમાં પણ હેથવે રેસિંગ ટીમ ઓનર તરીકે સ્ક્રીન શેર કરવાની છે.

સાચ્ચે, એન હેથવી ફિલ્મોની આ સૂચિ જોઈને મોંમાંથી એક જ ઉદ્ગાર નીકળે છેઃ ગજબ!.નાટક ટિકિટ મેળવો






હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### મનુષ્યો, પ્રાણીઓ, જળ સંસાધનો અને સમગ્ર ઇકોસિસ્ટમ માટે ખતરાની ઘંટડી

# તાપમાનમાં ફેરફાર : પૃથ્વીનો 40% હિસ્સો રણમાં ફેરવાશે

ઓફબીટ
ધવલ શુક્લ

વૈશ્વિક ક્લાઈમેટ ચેન્જને કારણે પૃથ્વીના તાપમાનમાં અભૂતપૂર્વ ફેરફાર થઈ રહ્યા છે. આ સાથે જ લીલાછમ વિસ્તારો સૂકાઈ રહ્યા છે અને રણવિસ્તારો તેમની સીમાઓ વટાવી આગળ વધી રહ્યા છે. ચાઈનીઝ એકેડેમી ઓફ ફોરેસ્ટ્રીના વૈજ્ઞાનિકોએ કરેલું વિશ્લેષણ એવું છે કે, ૨૧મી સદીના અંત સુધીમાં પૃથ્વીની જમીનનો ૪૦ ટકાથી વધુ હિસ્સો ડ્રાયલેન્ડ્સ એટલે કે અત્યંત સૂકો અથવા રણ જેવા વિસ્તારોમાં ફેરવાઈ જશે. આ પરિવર્તન માત્ર જમીનનો પ્રકાર નહીં બદલે, પરંતુ કરોડો મનુષ્યો, પ્રાણીઓ, જળ સંસાધનો અને સમગ્ર ઈકોસિસ્ટમ માટે જોખમી પુરવાર થઈ જશે.

પર્યાવરણીય પરિભાષામાં ડ્રાયલેન્ડ્સ એવા વિસ્તારોને કહેવામાં આવે છે, જ્યાં જળસંચય અને વરસાદનું પ્રમાણ અત્યંત નહિવત હોય છે. જ્યારે તેની સામે બાષ્પીભવનનો દર ખૂબ ઊંચો હોય છે. સાદી રીતે તેને સમજીએ તો જેટલું પાણી આકાશમાંથી જમીન પર પડે છે, તેના કરતાં ઘણું વધારે પાણી ગરમીના લીધે વરાળ બનીને ઊડી જાય છે.

વૈજ્ઞાનિકોની ટીમે ૧૯૬૦થી લઈને ૨૦૨૩ સુધીના ઐતિહાસિક હવામાન ડેટા અને આધુનિક ક્લાઈમેટ પ્રોજેક્શન મોડેલ્સનો ઉપયોગ કરીને આ વલણ તપાસ્યું છે. તેમના તારણો સ્પષ્ટ નિર્દેશ કરે છે કે, જળચક્રનું સંતુલન વ્યાપક રીતે ખોરવાયું છે. વધતી ગરમી જમીનની ભેજ સંગ્રહવાની ક્ષમતા ઘટાડે છે, જેનાથી ફળદ્રુપ જમીન શુષ્ક ધૂળમાં ફેરવાય છે. જ્યારે સૂકા વિસ્તારો ભેજવાળા પ્રદેશો તરફ વિસ્તરે છે, ત્યારે વનસ્પતિનો નાશ થાય છે અને રણનો વિસ્તાર વધે છે. તેના કારણે ઈકોસિસ્ટમ પર દબાણ વધી રહ્યું છે. આ ઉપરાંત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સામે પડકાર ઊભા થવાની શકયતા વધે છે.

સંશોધકોએ ૧૯૯૪થી ૨૦૨૩ના બેઝલાઈન ડેટાના આધારે સ્પષ્ટ કર્યું છે કે, એન્ટાર્કટિકા જેવા બરફાચ્છાદિત મહાદ્વીપને બાદ કરતાં, પૃથ્વીની લગભગ ૩૮.૫૮% જમીન પહેલેથી જ ડ્રાયલેન્ડ્સની શ્રેણીમાં આવે છે. વૈજ્ઞાનિકોએ આ શુષ્ક પ્રદેશોને તેમની તીવ્રતાને આધારે ચાર મુખ્ય કેટેગરીમાં વિભાજિત કર્યા છે, જેમાં અર્ધ-શુષ્ક, શુષ્ક પ્રદેશ, અલ્પ-ભેજવાળા, અતિ-શુષ્ક રણ પ્રદેશનો સમાવેશ થાય છે. આ ચારેય પ્રદેશોનું વિભાજન જોઈએ તો અંદાજે ૩૮ ટકાથી વધારે



જાય છે.

આ આંકડો દર્શાવે છે કે, વિશ્વનો એક મોટો હિસ્સો પહેલેથી જ પાણીની અછત સામે ઝઝૂમી રહ્યો છે. જો આ ટકાવારીમાં સહેજ પણ વધારો થશે, તો તે કરોડો લોકોના સ્થળાંતરનું કારણ બનશે. આ સંશોધનમાં સૌથી ચોંકાવનારો ખુલાસો કાર્બન ડાયોક્સાઈડની ભૂમિકા અંગે થયો છે. સામાન્ય રીતે કાર્બન ડાયોક્સાઈડને ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જનો મુખ્ય ગુનેગાર માનવામાં આવે છે. પરંતુ આ જ વાયુ પૃથ્વીને સંપૂર્ણપણે રણ બનવાથી આંશિક રાહત પણ આપી રહ્યો છે. આ પ્રક્રિયા પાછળનું વનસ્પતિ વિજ્ઞાન સમજવા જેવું છે.

વનસ્પતિના પાંદડાઓની સપાટી પર અસંખ્ય અત્યંત સૂક્ષ્મ છિદ્રો આવેલા હોય છે, જેને વિજ્ઞાનની ભાષામાં ‘સ્ટોમેટા’ કહેવામાં આવે છે. છોડ આ છિદ્રો દ્વારા વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડ ગ્રહણ કરે છે અને પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા કરે છે. જ્યારે વાતાવરણમાં કાર્બનડાયોક્સાઈડનું પ્રમાણ પુષ્કળ હોય છે, ત્યારે છોડને પૂરતો કાર્બન મેળવવા માટે સ્ટોમેટા પૂરેપૂરા ખોલવાની જરૂર પડતી નથી, તે આંશિક રીતે જ ખુલે છે.

જૂના પર્યાવરણીય સંશોધનોમાં વનસ્પતિના આ શારીરિક ગુણધર્મને નજરઅંદાજ કરવામાં આવ્યો હતો. તેથી અગાઉના અહેવાલોમાં એવી આગાહી કરવામાં આવી હતી કે, વર્ષ ૨૧૦૦ સુધીમાં ધરતીનો ૫૬% હિસ્સો સુકાઈને રણ બની જશે. જોકે, ચાઈનીઝ સંશોધકોની ગણતરીને ધ્યાનમાં લેવામાં આવે તો વર્ષ 2100માં દુનિયાનો ૪૦% વિસ્તાર રણમાં ફેરવાય જાય તેવો અંદેશો લગાવી શકાય છે. હકિકતે કાર્બન ડાયોક્સાઈડનો આ બચાવ માત્ર એક કામચલાઉ સંરક્ષણ જેવો છે. જાણકારોનું અનુમાન છે કે, વર્ષ ૨૦૭૧થી ૨૧૦૦ દરમિયાન વૈશ્વિક ડ્રાયલેન્ડ્સનું કવરેજ વધીને ૪૦.૨૮% સુધી પહોંચી જશે. આ વધારો મુખ્યત્વે માનવસજત ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જન ઉપર નિર્ભર રહેશે. ચિંતાજનક બાબત એવી છે કે, સૌથી મોટો વધારો હાઈપર-એરિડ એટલે કે અતિ-શુષ્ક રણ ઝોનમાં જોવા મળશે, જેનું હાલનું પ્રમાણ માત્ર ૬.૨૭ ટકા છે. જાણકારોના મતે પૃથ્વી પર નવું સર્જાનારું રણ એટલંઆ વિશાળ હશે જે આફ્રિકાના અલ્જીરિયા જેટલું અથવા ઓસ્ટ્રેલિયાના કુલ જમીન વિસ્તારના ૩૦ ટકા જેટલું વિસ્તરેલું હશે. ઓસ્ટ્રેલિયા પહેલેથી જ વિશ્વનો સૌથી સૂકો મહાદ્વીપ ગણાય છે. ક્લાઈમેટ ચેન્જને કારણે ઓસ્ટ્રેલિયાને વધુ માઠી અસર થઈ શકે છે. આ સિવાય અત્યંત સમૃદ્ધ જૈવવિવિધતા ધરાવતું બ્રાઝિલ ભયાનક દુષ્કાળનો સામનો કરવો પડી શકે છે. એમેઝોનના વર્ષાવનોનો ભેજ ઘટી રહ્યો છે અને તે ધીમે ધીમે શુષ્ક સવાના કે રણમાં ફેરવાઈ શકે છે. રણવિસ્તાર વધવાથી પૃથ્વીની સપાટી વધુ ગરમ થશે, જેના પરિણામે મહાનગરોમાં અસહ્ય હીટવેવ્સ અને હજારો કિલોમીટર સુધી ફેલાતી રેતીની આંધળીઓનું પ્રમાણ વધશે. સંશોધકો માને છે કે, આ રિપોર્ટ માત્ર એક આગાહી નથી, પરંતુ પૃથ્વી તરફથી મળેલી કદાચ અંતિમ અને ગંભીર ચેતવણી છે. જો માનવજાતે પોતાની ભાવિ પેઢીઓને આ ભયાનક રણમાં હોમાતી બચાવવી હોય, તો વૈશ્વિક સ્તરે તાત્કાલિક અને કડક પગલાં ભરવા પડશે. આ દિશામાં પગલાં ભરતા તાકીદે કોલસો, પેટ્રોલ અને ડીઝલ જેવા અશ્મિભૂત ઈંધણનો વપરાશ તાત્કાલિક ઘટાડીને સૌર, પવન અને હાઈડ્રોજન જેવી રિન્યુએબલ એનર્જી તરફ ૧૦૦% વળવું પડશે. તે સિવાય આફ્રિકાની ગ્રેટ ગ્રીન વોલની જેમ રણની સીમાઓ પર મોટા પાયે સ્થાનિક જાતોના વૃક્ષો વાવીને કુદરતી બફર ઝોન તૈયાર કરવા જોઈએ, જેથી રણ આગળ ન વધે.

આ સિવાય પરંપરાગત સિંચાઈ પદ્ધતિઓને બદલે ટપક અને ફુવારા પદ્ધતિ ફરજિયાત બનાવવી પડશે. વરસાદી પાણીના સંગ્રહને દરેક સ્તરે કાયદાકીય રૂપ આપી ફરજિયાત કરવું જરૂરી છે. સૌથી વધારે સોઈલ રીજનરેશનની દિશામાં કામ કરવું પડશે.

જાણકારોના મતે રણના વિસ્તરણથી વૈશ્વિક સ્તરે ભયાનક પરિસ્થિતિનું સર્જન થશે. જમીન સૂકી થતાં ભૂગર્ભજળના સ્તર તળિયે જશે. પાણી માટે દેશો અને રાજ્યો વચ્ચે સંઘર્ષો વધશે. ખેતી અશક્ય બનવાથી કરોડો લોકો શહેરો તરફ કે અન્ય દેશો તરફ હિજરત કરવા મજબૂર બનશે. આ સિવાય સેમી-એરિડ વિસ્તારો જ્યાં આજે ઘઉ, બાજરી, કઠોળ જેવા પાકો થાય છે, તે જમીન બિનઉપજાઉ બનશે. વિશ્વની વસ્તી વધી રહી છે ત્યારે અનાજનું ઉત્પાદન ઘટતા અનેક દેશોએ વ્યાપક ભૂખમરાની સમસ્યાનો સામનો કરવો પડશે. જળચક્રનું અસંતુલન વ્યાપક રીતે વધી ગયું છે. જ્યારે સૂકા વિસ્તારો ભેજવાળા પ્રદેશો તરફ વિસ્તરે છે, ત્યારે વનસ્પતિનો નાશ થાય છે અને રણનો વિસ્તાર વધે છે. તેના કારણે ઈકોસિસ્ટમ પર દબાણ વધી રહ્યું છે.

સંશોધકોએ ૧૯૯૪ થી ૨૦૨૩ના બેઝલાઈન ડેટાના આધારે સ્પષ્ટ કર્યું છે કે એન્ટાર્કટિકા જેવા બરફાચ્છાદિત મહાદ્વીપને બાદ કરતાં, પૃથ્વીની લગભગ ૩૮.૫૮% જમીન પહેલેથી જ ડ્રાયલેન્ડ્સની શ્રેણીમાં આવે છે. ખાસ વાત એ છે કે, પૃથ્વી આપણને હજુ પણ સંકેતો અને તક આપી રહી છે. જો વર્ષ ૨૧૦૦ સુધીમાં ૪૦ ટકા ધરતીને ધગધગતા રણમાં ફેરવાતી અટકાવવી હોય, તો વૈશ્વિક સમુદાયે વચનો અને શિખર સંમેલનોથી આગળ વધીને નક્કર પગલા ભરવા જ પડશે.

**પૃથ્વી પર વધતી ગરમીથી જમીનની ભેજ સંગ્રહવાની ક્ષમતા ઘટી રહી છે. જેનાથી ફળદ્રુપ જમીન શુષ્ક ધૂળમાં ફેરવાય છે. જ્યારે સૂકા વિસ્તારો ભેજવાળા પ્રદેશો તરફ વિસ્તરે છે. ઇકોસિસ્ટમ પર દબાણ આવતા અનેક સમસ્યા ખડકાઈ શકે છે**

# સ્વાદ-સોડમ બક્ષતી વસ્તુઓ સ્વાસ્થ્ય માટે પણ ગુણકારી

આપણા રોજબરોજના ભોજનમાં આપણે એવી ઘણી વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ જે આપણી તંદુરસ્તી માટે અત્યંત લાભકારક હોય છે. પરંતુ આપણે તેના ફાયદાઓથી અજાણ હોઈએ છીએ. વળી નવી પેઢીના લોકોને પશ્ચિમી કે ચાઈનિસ વ્યંજનોનો એવો ચસકો લાગ્યો છે કે તેમને આપણા પરંપરાગત આહારમાં કાંઈ દમ નથી લાગતો. પરિણામે તેઓ આપણી સદાકાળ ચાલી આવતી સ્વાસ્થ્યપ્રદ વસ્તુઓના લાભથી વંચિત રહી જાય છે. આજે આપણે એવી કેટલીક વસ્તુઓ વિશે વાત કરીશું જેના વિશે જાણ્યા પછી નવી પેઢીના લોકો પણ ચોક્કસ કહેશે કે તે ખરેખર દમદાર છે.

**અજમો :** અજમાની સુગંધ જ આપણને તે ખાવા લલચાવે છે. અજમામાં રહેલો અર્ક પાચક રસોના સ્ત્રાવમાં વૃધ્ધિ કરે છે તેથી ખોરાક સારી રીતે પચે છે. અજમો રેચક હોવાથી કબજિયાત દૂર કરવામાં પણ સહાયક બને છે. વાસ્તવમાં આપણું વજન ન વધે એટલા ખાતર પણ ખોરાક સારી રીતે પચે તે જરૂરી છે. સાથે સાથે મળ પણ શરીરમાંથી નિયમિત રીતે બહાર ફેંકાઈ જાય એ પણ એટલું જ આવશ્યક છે. અજમામાં આ ગુણો હોવા ઉપરાંત તે શરદીમાં રાહત આપે છે. શરદીને કારણે નાક બંધ થઈ ગયું હોય તો તે જલદી ખુલે છે. અસ્થમા અને બોંકાઈટિસ જેવા શ્વસનને લગતા રોગોમાં તેમ જ માઈગ્રેન જેવા શિરદર્દમાં પણ ઘણી રાહત આપે છે. દરરોજ માત્ર બે ગ્રામ જેટલો શેકેલો અજમો પણ એક જણ માટે પૂરતો થઈ રહે છે. તમે ચાહો તો અજમો, લીલી ચા, આદુ અને એલચી નાખીને ઉકાળેલું પાણી પણ પી શકો છો.

**હિંગ :** ભાગ્યે જ કોઈ ગુજરાતી ઘર એવું હશે જેના ઘરમાં હિંગનો વપરાશ ન થતો હોય. એક ચપટી હિંગ સમગ્ર રસોઈને સ્વાસ્થપ્રદ બનાવે છે. ગેસ, પેટ ફૂલવું, આમવાત ઈત્યાદિ દૂર રાખવામાં હિંગ મહત્ત્વનો ભાગ ભજવે છે. હિંગનું સેવન રક્તને કુદરતી રીતે પાતળું રાખવામાં મદદ કરતું હોવાથી લોહીનું ઊંચુ દબાણ અંકુશમાં રહે છે. હિંગમાં રહેલા ચોક્કસ તત્વો રક્ત પરિભ્રમણ ઝડપી બનાવતાં હોવાથી બ્લડ ક્લોટ્સ થતાં અટકે છે. દરેક પ્રકારના વઘારમાં હિંગ નાખી શકાય. ખાસ કરીને પચવામાં ભારે હોય એવા વ્યંજનોમાં હિંગનો ઉપયોગ અચૂક કરવો.

**જીરૂં :** ચયાપચયની ક્રિયાને સુચારુ રીતે ચલાવવા તેમ જ રોગપ્રતિકારક શક્તિ વધારવામાં




મહત્ત્વની કામગીરી બજાવતા લોહ તત્વની આપૂર્તિ માટે રોજિંદા આહારમાં જીરાનો પૂરતો ઉપયોગ કરો. જીરૂં પાચક રસોના સ્ત્રાવમાં મદદગાર બનતું હોવાથી ખોરાકનું પાચન સારી રીતે થાય છે. જીરૂં યકૃત અને સ્વાદુપિંડને સારી રીતે કાર્યરત રાખે છે. તે લિવરમાં રહેલા વિષારી તત્વોનો નાશ કરવામાં સહાય કરે છે. અને જ્યારે તમારા આ અંગો સારી રીતે કામ કરે ત્યારે અનિદ્રા જેવી સમસ્યાઓ આપોઆપ દૂર રહે છે. તેથી તમારી રસોઈના વઘારમાં જીરૂં અચૂક નાખો. તમે ચાહો તો થોડું જીરૂં પાણીમાં નાખી રાતભર પલાળી રાખો. સવારના આ પાણીને ઉકાળી-ગાળીને ઠંડુ થાય એટલે પી લો.

**મીઠો લીમડો :** મીઠો લીમડો આપણા સ્વાસ્થ્ય માટે ખરેખર મીઠો પુરવાર થાય છે. હળવું ક્ષાર તત્વ ધરાવતો લીમડો રસોઈને સ્વાદ-સોડમ બક્ષે છે. લીમડાના પાનમાં ડાયાબિટિસ ખાળવાના ભરપૂર ગુણો રહેલા છે. તે આપણા શરીર માટે સારા ગણાતા કોલેસ્ટોલમાં વૃધ્ધિ કરે છે તેથી હૃદય રોગનું જોખમ ઘટે છે. એટલું નહીં, મીઠો લીમડો ખોરાકનું પાચન કરાવવામાં, ત્વચાનો ચેપ રોકવામાં, વાળ વધારવામાં અને વજન ઘટાડવા સુધ્ધાંમાં સહાયક બને છે. તેથી દરેક વઘારમાં લીમડો નાખવાનું ન ભૂલો. વહેલી સવારે લીમડો ચાવીને ખાવો પણ લાભકારક બને છે.

**કેસર :** ગુણ અને રંગ-સોડમના ખજાના સમી અતિકિંમતી કેસરમાં રહેલું પાણીમાં ઓગળી જાય એવું 'ક્રોસિન'ના નામે ઓળખાતું કેરટીન કેન્સર સામે રક્ષણ આપે છે. અને તેનો રંગ પણ આ તત્વને જ આભારી છે. 'ક્રોસિન' યાદશક્તિ તેજ બનાવે છે અને પાર્કિન્સન સામે પણ સુરક્ષા આપે છે. મીઠાઈઓમાં કેસરનો ઉપયોગ ગુણકારી બની રહે છે. તેવી જ રીતે તે ઉકાળેલા દૂધમાં નાખીને પણ લઈ શકાય.

**મેથી :** મેથીના દાણા મધુપ્રમેહના દરદીઓ માટે આશિર્વાદરૂપ બની રહે છે. મેથી ઈન્સ્યુલીનની પ્રતિક્રિયા ઘટાડતી હોવાથી તે ડાયાબિટિસના દરદીઓ માટે શ્રેષ્ઠ અને સોંઘી ઔષધિ ગણાયછે. મેથીના દાણા શરીરમાંથી ટ્રાઈગ્લિસરાઈડ અને સિરમ ઘટાડવામાં મદદ કરે છે. તેનાથી કફ છૂટો થાય છે, તે દાહ-બળતરા શાંત કરે છે, તે રેચક હોવાથી કબજિયાત દૂર રાખે છે, તે આમવાતને કારણે પેટમાં થતાં શૂળને પણ દૂર રાખે છે એટલું જ નહીં મેથી અતિસારમાં પણ રાહત આપે છે. મેથી મૂત્રવર્ધક હોવાથી શરીરમાં રહેલા વિષારી તત્વોને મૂત્ર વાટે બહાર ફેંકવામાં સહાયક બને છે. તમે ચાહો તો દાળ-શાક ઈત્યાદિના વઘારમાં મેથી નાખી શકો. એક ટી-સ્પૂન મેથી દાણા રાતભર પાણીમાં પલાળી રાખીને એ પાણી સવારના ઉકાળી-ઠારીને પીઓ. તેમ જ આ પાણીમાં બફાઈ ગયેલા મેથીના દાણા ચાવીને ખાઈ જાઓ.

**લસણ :** લસણમાં રહેલું સલ્ફાઈડ નામનું તત્વ કોલેસ્ટરોલ ઘટાડવામાં, રક્તમાં ગઠ્ઠા પડતાં ખાળવામાં મદદ કરે છે. રોજનું બે કળી જેટલું લસણ પણ ચમત્કારી પરિણામ આપે છે.

**આદુ :** આદુ રોગપ્રતિકારક શક્તિમાં વૃધ્ધિ કરે છે અને શરદી-તાવ આઘા રાખવામાં મદદ કરે છે. માઈગ્રેનને કારણે થતાં શિરદર્દમાં પણ આદુ રાહતદાયક પુરવાર થાય છે. તે કેટલાંક હોર્મોન્સ માટે પણ અસરકારક બની રહે છે. મોટાભાગના ગુજરાતીઓ આદુવાળી ચા પીવાનું પસંદ કરે છે. તમે ચાહો તો થોડું આદુ માત્ર પાણીમાં નાખીને ઉકાળીને પી શકો. તેવી જ રીતે સલાહના ડ્રેસિંગમાં આદુ સાથે સોયા સોસ, ઓલિવ ઓઈલ અને લસણનો ઉપયોગ પણ થઈ શકે.




MOTEL & HOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

Cell: 647-866-2790

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011



Selling Motels, Hotels, Commercial and Residential Properties Since 2011
Visit my website for new and updated Exclusive and MLS listings

MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO

WINDSOR FRANCHISE HOTEL, 90+ROOM I $7.2M
Fully Renovated Rooms, No PIP, 3.5 Arec Lot

COCHRANE MOTEL, 43 ROOM & RESTAURANT I $4.2M
6 Acre Lot Right on Hwy 11, Year-round profitable business
Absentee Owner, Excellent NOI and Cap Rate, VTB available

GANANOQUE HOTEL, 54 ROOM, RESTAURANT & BAR I $4.9M
Well-maintained Rooms, Profitable year-round operation. Close to Hwy 401, Casino and 1000 Island Cruise Line. Excellent Net Income, Great Investment.

HUNTSVILLE MOTEL, 17 ROOM - $2.3M
In the downtown, Absentee Owner for last 4 years. Great opportunity for the Owner Operator to grow

GRAVENHURST MOTEL & RESTAURANT, 21 ROOM - $1.5M
Rooms are on monthly basis on long-term. 3 Acre lot in Muskoka area, Selling AS IS – Ideal for Builders/Renovators

HUNTSVILLE FRANCHISE MOTEL, 36 ROOM – ASKING $3.9M
Newer, well-maintained property comes with separate 2-bedroom detached house. Easy operation. Ideal for Owner operator

ALBERTA – FRANCHISE & NON-FRANCHISE MOTELS
1-2 hours from Calgary and Edmonton
Price range: $800,000 to $3,500,000. Call for more info.

Motel Job: Front desk, housekeeping and general work in Ontario
Partnership: Working Partner, Min $200,000 investment (PR or Citizen), good English and computer knowledge. Location: Ontario & Alberta

Century 21 People's Choice Realty Inc. 120 Matheson Blvd E #103, Mississauga, Ontario (cell; 647-866-2790 I email: ncpancholi@gmail.com)
Brilliant Realty, 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, Alberta (cell: 647-866-2790 I email: niraj.alberta@gmail.com)

MOTEL & HOTEL OWNERS: Thinking of Selling! Call ASAP, I have qualified BUYERS ready for Any Size, Any Price, Any Location

### શિબિર દરમિયાન હર્ષોલ્લાસ સાથે જન્માષ્ટમી પર્વની ઉજવણી : ભજનો, યોગા બાદ મનોરંજક રમતો રમાઈ

# મિસિસાગા ગુજરાતી સિનિયર્સ સમાજની યાદગાર શિબિર

### સભ્યોએ 30,000 ટાપુઓના મનમોહક દ્રશ્યો વચ્ચે ક્રૂઝ વિહાર કર્યો અને પેરી સાઉન્ડના દરિયા કિનારે કુદરતી વાતાવરણનો ભરપૂર આનંદ માણ્યો









મિસિસાગા : ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મિસિસાગા દ્વારા તારીખ ૩૧મી ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર સુધી એક શિબિરનું આયોજન કનુભાઈ પટેલ, વીરેન્દ્રભાઈ ભટ્ટ, સુધાબેન ભટ્ટ, જગદીશભાઈ શાહ, નીલાબેન શાહ, રૂપેશભાઈ દેસાઈ, દીપિકા દેસાઈ, શ્રીકાંત ગાંધી, ભારતીબેન ગાંધી તથા મુકેશભાઈ ગજરીયા અને ભારતીબેન ગજરીયાની આગેવાની હેઠળ થયું હતું.

સોમવારે સવારે સૌ સભ્યો ઉત્સાહભેર મિસિસાગા વેલી કમ્યુનિટી સેન્ટર પર પોતાનો સામાન લઈને આવી પહોંચ્યા હતા. જે બાદ કેસેવેલ રિસોર્ટ તરફ જવા માટે સૌએ પ્રયાણ કર્યું હતુ. બસમાં પ્રાર્થના, ભજન અને વિવિધ ગીતો સાથે અંત્યાક્ષરી રમી સૌએ આનંદ માણ્યો હતો. જે બાદ બેરીમાં ટીમ હોર્ટન્સ પહોંચી સૌએ વિરામ કર્યો હતો. જે બાદ ટીમ હોર્ટન્સના ગિફ્ટ કાર્ડનું વિતરણ થયું અને ગરમ કોફી સાથે ગોટા, પૂરી. હાજીકુડોની જાપાનીઝ પેસ્ટ્રી આપવામાં આવ્યા હતા. ત્યારબાદ ફરી બસમાં બેસીને ધમાલ કરતા કરતા સૌ પેરી સાઉન્ડના વોબોન્ગો સુંદર બીચ પર પહોંચ્યા હતા. જ્યાંથી જ્યોર્જિયન બે પરથી ક્રૂઝની શરૂઆત થઈ હતી. ૩૦,૦૦૦ ટાપુઓના મનમોહક દ્રશ્ય નિહાળતા નિહાળતા સાથે વાતો કરતા સૌએ ટાપુઓની જાણકારી મેળવી હતી. જે બાદ સૌ કેસેવેલ રિસોર્ટ પહોંચ્યા હતા. ત્યાં રહેવાની વ્યવસ્થા હોય, સૌએ સાથે મળીને હોલમાં રાત્રી ભોજન કર્યું હતુ. ત્યારબાદ બીજા દિવસની સવાર યોગા, તાઈ-ચી, સ્ટ્રેચિંગ કરતા થઈ હતી. નાસ્તા બાદ ૧૧:૦૦ વાગે ભારતીબેન ગાંધીએ હનુમાન ચાલીસા પર, હેમાબેન દેસાઈ ગરબા પર ઝુમ્બા



તથા સુધાબેન ભટ્ટ કૃષ્ણ ગીત પર ડાન્સ એક્સરસાઈઝ કરાવ્યા હતા. બાર વાગે વિવિધ ભોજનમાં ઉંધિયું, મોહનથાળ, દૂધપાક (ઈલાબેન / હસમુખભાઈ નાઈક તરફથી), ગોળના લાડુ, ગોટા અને દાળ ભાત, રોટલી, વિવિધ લીલા શાક પીરસાયા હતા. ભોજન પછી કેટલીક બહેનોએ સુંદર ફૂલપાંદની રંગોળી કરી તો વળી કેટલાકે ગંજીફાની રમતો રમી હતી. હોલમાં બેસીને સુંદર ગીતો, રમુજી ટુચકા, ઉખાણાં અને હેલ્થ પરની ટિપ્સ સાંભળીને મનોરંજન કર્યું હતુ. આ સાથે રૂપેશભાઈએ ખૂબ સુંદર શાયરીઓ રજૂ કરી હતી. સોનલબેન શાહ, કેતનભાઈ શાહ, દીપિકાબેન દેસાઈ અને રૂપેશભાઈ દેસાઈએ સુંદર લાઈન ડાન્સ કરાવ્યો હતો. સૌએ નૌકા વિહાર પણ કર્યો હતો. બીજા દિવસે રાત્રીના વિવિધ ભોજનમાં ભેળ, ઈડલી સંભાર, સેવ ઉસળ, આઈસક્રીમ, ગુલાબ જાંબુ વિગેરેનો લહાવો સૌએ લીધો હતો.

જે બાદ કાનાને લાડ લડાવતા અંત્યાક્ષરીની હરીફાઈ થઈ હતી. નિલેષભાઈ અને પરમેશ્વરીબેને તો ગુજરાતી, હિન્દી, ગઝલ, લોકગીતો ગાઈ સૌના દિલ જીતી લીધા હતા. કેટલાક તો ડાન્સ કરવા સ્ટેજ પર દોડી આવ્યા હતા. તારીખ ૦૪ સપ્ટેમ્બરે કનુભાઈ પટેલનો જન્મદિવસ હોવાથી તેમને સૌએ આઈસક્રીમ ખવડાવ્યો હતો. જે બાદ જન્માષ્ટમીનો તહેવાર હોય, મંદિર જેવું વાતાવરણ થયું હતું. ગરબા, રાસ, કૃષ્ણના ગીતો અને કૃષ્ણ જીવનલક્ષી પ્રશ્નોથી સૌએ જ્ઞાન સાથે ગમ્મત કરી હતી. નંદબાવાને ઘરે બાલકૃષ્ણની પધરામણી કરી, બાલકૃષ્ણને વધાવી પારણે પણ ઝુલાવાયા હતા.

ચાર દિવસ કુદરતી વાતાવરણમાં સૌ સાથે હળીમળીને વિવિધ પ્રવૃત્તિઓ કરી જ્ઞાન સાથે ગમ્મત કરી ખૂબ આનંદ કર્યો હતો. પરત ફરતી વેળા રસ્તામાં કર્બી બીચ પર ઠંડા પાણીમાં ચાલી અને ઠંડી લહેરોનો સભ્યોએ ખૂબ જ આનંદ લૂંટ્યો હતો.

# ઓન્ટેરિયોમાં ભાડાના કાયદા વધુ કડક : ૨૧ સપ્ટેમ્બરથી લાગુ થનાર નવા નિયમોથી હલચલ

### ‘N4’ ફોર્મ હેઠળ નોટિસની સમયમર્યાદા 14 દિવસથી ઘટાડીને માત્ર 7 દિવસ કરી દેવાઈ

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોમાં ભાડા અંગેના નિયમોનો બીજો તબક્કો આવતા અઠવાડિયે અમલમાં આવનાર છે. જો કે, કેટલાક મકાનમાલિકોનું કહેવું છે કે, આનાથી વ્યવસ્થામાં સંતુલન આવશે, જ્યારે ભાડૂઆતોના અધિકારો માટે કામ કરતા લોકોનું માનવું છે કે, આ “ખોટી દિશા” છે. જુલાઈમાં જ કેટલાક નિયમો અમલમાં આવી ગયા હતા, જેમાં મોડા ભાડું ચૂકવવાના કિસ્સામાં સત્તાવાર કરારના ફોર્મ દ્વારા ચુકવણીની યોજના નક્કી કરવાની આવશ્યકતાનો સમાવેશ થાય છે. સોમવાર, 21 સપ્ટેમ્બરથી વધુ નિયમો અમલમાં આવવા જઈ રહ્યા છે. નવા નિયમો હેઠળ જો વાર્ષિક કે માસિક ભાડૂત ભાડું ચૂકવવાનું ચૂકી જાય, તોમકાનમાલિક હવે ‘N4’ ફોર્મ આપી શકે છે. જેમાં ચૂકવણી માટે માત્ર સાત દિવસની સમયમર્યાદા આપવામાં આવે છે. અગાઉના નિયમોમાં 14 દિવસની સમયમર્યાદા આપવામાં આવતી હતી.

ભલે નવા નિયમોનો ઉદ્દેશ્ય પ્રક્રિયાને ઝડપી બનાવવાનો હોય, ઈરવિને ચેતવણી આપી હતી કે, તેનાથી ‘લેન્ડલોર્ડ એન્ડ ટેનન્ટ બોર્ડ’ દ્વારા કેસની સુનાવણી થવાની પ્રક્રિયા ઝડપી બને તે જરૂરી નથી. આવાસ અધિકારો માટે કામ કરતા કાર્યકરોનું કહેવું છે કે, નવા નિયમો ભાડૂતો માટે વધુ મુશ્કેલીઓ ઊભી કરે છે. Rentals.ca અને Urbanation દ્વારા ઓગસ્ટ મહિના માટે બહાર પાડવામાં આવેલા તાજેતરના ભાડાના અહેવાલ મુજબ ઓન્ટેરિયોમાં ભાડાના દરમાંઘટાડો થયો છે, પરંતુ એપાર્ટમેન્ટ્સ અને કોન્ડોઝ માટે સરેરાશ ખર્ચ હજુ પણ દર મહિને લગભગ $ 2,248 છે. દા.ત., બે બેડરૂમવાળા એપાર્ટમેન્ટ કેકોન્ડોનું ભાડું દર મહિને લગભગ $2,457 છે. ટકર-સિમોન્સે કહ્યું, “આપણે જોઈ રહ્યા છીએ કે લોકો ભાડું ચૂકવવામાં વધુને વધુ અસમર્થ બની રહ્યા છે અને તેથી ઘર ખાલી કરાવવાની અરજીઓની સંખ્યાવધી રહી છે. મને લાગે છે કે આ ખોટી દિશા છે.” ભાડું ન ચૂકવવાના કિસ્સામાં સમયગાળો ઘટાડવો અથવા ‘સતત’ મોડી ચૂકવણીની વ્યાખ્યા નક્કી કરવી એ એકમાત્ર ફેરફારો નથી. જ્યારે ‘બિલ 60’ હેઠળ મકાનમાલિક રહેવા માટે આવવાની તારીખના ઓછામાં ઓછા 120 દિવસ પહેલાં N12 નોટિસ આપીને, કોઈપણ વળતર ચૂકવ્યા વિના પોતાની મિલકતમાં પોતે અથવા તેમના પરિવારના કોઈ સભ્યને રહેવા માટે લાવી શકે છે.

# દ. આફ્રિકાના ત્સ્વાનેમાં ડીઆરડીઓએ અસ્ત્ર, આકાશ NG સહિત સ્વદેશી સંરક્ષણ ટેક્નોલોજી પ્રદર્શિત કરી

**કેપટાઉન**

ત્સ્વાને, દક્ષિણ આફ્રિકામાં યોજાઈ રહેલા આફ્રિકા એરોસ્પેસ એન્ડ ડીફેન્સ એક્ઝિબિશન 2026માં ભારતે હવાઈ તાકાત રજૂ કરી હતી. ડીફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનએ બુધવારે એક્સ પર પોસ્ટ કરી જણાવ્યું હતું કે તે આ પ્રદર્શનમાં ભાગ લઈ રહ્યું છે અને સ્વદેશી હવાઈ તાકાત દર્શાવી રહ્યું છે સાથે આંતરરાષ્ટ્રીય સંરક્ષણ સહકાર પણ મજબૂત બનાવી રહ્યું છે. ભારતે આંતરરાષ્ટ્રીય સંરક્ષણ સહકાર મજબૂત બનાવ્યો છે તેવું પણ ઉમેર્યું હતું. પ્રદર્શન દરમિયાન મીડિયમ રેન્જ મેરીટાઈમ રીકોનેસા એરબોર્ન અર્લી વોર્નિંગ એન્ડ કંટ્રોલ સિસ્ટમ, વ્હીલ્ડ સીબીઆરએન રીકોનેસા વ્હીકલ અને પીડીડીએસ એક્સ એટલે કે પોર્ટેબલ ડ્રાઈવર ડીટેક્શન સોનાર રજૂ કરાયા હતા. ઉપરાંત અસ્ત્ર એમકે-1 બીયોન્ડ વિઝ્યુઅલ રેન્જ એર-ટુ-એર મિસાઈલ, આકાશ એનજી સરફેસ-ટુ-એર મિસાઈલ, લો ફ્રીક્વન્સી વેરીયેબલ ડેપ્થ સોનાર અને એક્ટિવ પ્રોટેક્શન સિસ્ટમ ટેક્નોલોજી પણ દર્શાવાઈ હતી.

# ટોરોન્ટોમાં કાર્નીની રોકાણ સમિટ સામે વિરોધ પ્રદર્શન, બેની ધરપકડ

### રસ્તા પર અવરોધ ઉભો કરી પોલીસ સાથે ઘર્ષણ કરાયાનો આક્ષેપ




**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં આયોજિત ‘કેનેડા ઈન્વેસ્ટમેન્ટ સમિટ’ સામે સોમવારે ડાઉનટાઉન વિસ્તારમાં ૧,૦૦૦થી વધુ પ્રદર્શનકારીઓ એકઠા થયા હતા અને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ સાથે થયેલા ઘર્ષણને કારણે બે મહિલાઓની ધરપકડ કરવામાં આવી છે.

ટોરોન્ટોમાં સોમવાર અને મંગળવારે યોજાનારી આ સમિટનું યજમાનપદ વડાપ્રધાન માર્ક કાર્ની સંભાળી રહ્યા છે, જેમાં વિશ્વભરના ૧૦૦થી વધુ મોટા રોકાણકારોને આમંત્રિત કરવામાં આવ્યા છે. આ સમિટનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી પાંચ વર્ષમાં દેશભરના લગભગ ૧૬૭ પ્રોજેક્ટ્સમાં ૧ ટ્રિલિયન ડોલરનું વિદેશી રોકાણ મેળવવાનો છે. વર્લ્ડ બિયોન્ડ વોર’ના આયોજક રશેલ સ્મોલે જણાવ્યું હતું કે, સામાન્ય કેનેડિયનો મોંઘવારી, ઘરનું ભાડું અને જીવનનિર્વાહનો ખર્ચ ઉઠાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, જેથી વિદેશી રોકાણ કરતાં શિક્ષણ, પરિવહન અને આરોગ્ય સંભાળમાં રોકાણ વધુ જરૂરી છે. શ્રમિક સંગઠનો, મૂળ નિવાસી સમુદાયના નેતાઓ તથા આબોહવા અને આવાસ અધિકારોના સમર્થકોએ કેનેડાના આર્થિક ભવિષ્યને સીઈઓ (CEO)ના હાથમાં સોંપવાના વિચારને સખત શબ્દોમાં નકાર્યો છે.

પ્રદર્શનકારીઓએ નાથન ફિલિપ્સ સ્ક્વેરથી ‘આર્ટ ગેલેરી ઓફ ઓન્ટેરિયો’ (AGO) તરફ કૂચ કરી હતી, જ્યાં સમિટનો ઉદ્ઘાટન સમારોહ યોજાઈ રહ્યો હતો. આ સમયે ભીડને નિયંત્રિત કરવા અને બેરિકેડ તોડતા રોકવા માટે AGO વિસ્તારમાં અંદાજે ૨૦૦થી ૩૦૦ ટોરોન્ટો પોલીસ અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. ધરપકડના કારણો આપતા પોલીસે જણાવ્યું હતું કે રસ્તો “જાણીજોઈને” અવરોધિત કરવા અને વારંવાર સૂચના આપવા છતાં રસ્તો ખાલી ન કરવાના કારણે તેમજ પોલીસ અધિકારીની ફરજમાં દખલ કરવાના આરોપસર બે મહિલાઓની ધરપકડ કરવામાં આવી છે.

# કેનેડાથી ચીનમાં થતી નિકાસમાં 30%નો રેકોર્ડબ્રેક વધારો

## કુલ નિકાસમાં 58.4 ટકા હિસ્સો ઊર્જા અને ખનિજોનો નોંધાયો, બે દેશ વચ્ચે ચીજવસ્તુઓનો કુલ વેપાર 3.6 ટકા વધીને 66.6 અબજ ડોલર

**ટોરોન્ટો**

સંશોધકો દ્વારા વિશ્લેષણ કરાયેલા 'સ્ટેટિસ્ટિક્સ કેનેડા'ના ડેટા અનુસાર 2026ના પ્રથમ છ મહિનામાં ચીન ખાતે કેનેડાની નિકાસમાં 30 ટકાનો ઉછાળો આવ્યો છે. જેમાં વેપારમાં એકંદરે વાર્ષિક ધોરણે 3.6 ટકાનો વધારો નોંધાયો છે.

કેનેડા ચાઇના બિઝનેસ કાઉન્સિલ' અને 'યુનિવર્સિટી ઓફ આલ્બર્ટાના ચાઇના ઇન્સ્ટિટ્યૂટ' દ્વારા પ્રકાશિત નવા અહેવાલના આ આંકડા બંને દેશો વચ્ચે ફરીથી ગાઢ થતા સંબંધોને દર્શાવે છે. આ પ્રક્રિયા અમેરિકા સાથેના બગડતા સંબંધો વચ્ચે કેનેડાના અર્થતંત્રમાં વિવિધતા લાવવાના પ્રયાસનો એક ભાગ છે. 2026ના પ્રથમ છ મહિનામાં કેનેડા અને ચીન વચ્ચે ગ્રાહક ચીજવસ્તુઓનો કુલ વેપાર 3.6 ટકા વધીને 66.6 અબજ ડોલર થયો હતો, જ્યારે નિકાસ વાર્ષિક ધોરણે 30 ટકા વધીને 21.74 અબજ ડોલર સુધી પહોંચી હતી. આ સમયગાળા દરમિયાન ચીન ખાતેની કુલ સ્થાનિક નિકાસમાં ઊર્જા અને ખનિજોનું વર્ચસ્વ રહ્યું હતું. જે કુલ નિકાસના 58.4 ટકા



હિસ્સો ધરાવતા હતા. જેમાં માત્ર ઊર્જા ક્ષેત્રે 81.8 ટકાનો વધારો થયો હતો. ધાતુના અયસ્ક અને બિન-ધાતુ ખનીજો (તાંબાના અયસ્ક સહિત)ની નિકાસમાં 29 ટકાનો વધારો થયો હતો.

કેનેડા ચાઇના બિઝનેસ કાઉન્સિલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર બિજન અહમદીએ કહ્યું કે, ચીન ખાતે વર્ષના પ્રથમ છ મહિનામાં કરવામાં આવેલી નિકાસ માટે આ એક વિક્રમ છે. 2018માં અમેરિકાના પ્રત્યાર્પણ વોરંટ હેઠળ હુઆવેઈના અધિકારી મેંગ વાન્ઝોઉની ધરપકડને કારણે વર્ષો સુધી ચાલેલા તણાવ બાદ કેનેડા અને ચીન વચ્ચેના રાજદ્વારી અને આર્થિક સંબંધોમાં સુધારો થઈ રહ્યો છે.

હકીકતમાં ટ્રાન્સ માઉન્ટેનના સીઈઓ માર્ક માકીએ તાજેતરમાં જ અંદાજ લગાવ્યો હતો કે, એશિયા 2028 સુધીમાં કેનેડાના 70 ટકા તેલ ખરીદશે. 2026ના પહેલા ભાગમાં દ્વિપક્ષીય સંબંધોમાં ધરતીકંપપૂર્ણ પરિવર્તન તરીકે વર્ણવી શકાય તેવું ચિહ્ન હતું. કાર્નેએ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે સ્થાનિક બજારમાં હજારો ચાઇનીઝ ઇવીને મંજૂરી આપવા માટે સોદો કર્યો હતો. જેના બદલામાં બેઇજિંગે કેનેડિયન કૃષિ ઉત્પાદનો જેવા કેનેડિયન કૃષિ ઉત્પાદનો પરના કેટલાક ટેરિફને સ્થગિત કર્યા અને કેનોલા બીજ પરના ટેરિફ ઘટાડ્યા હતા.

# અમેરિકામાં કેનેડિયન માલ પર 50% ટેરિફનો રાઉન્ડ અમલમાં, અનેક ચીજવસ્તુઓ પ્રભાવિત

## માત્ર મીઠું, ખાંડ, સિમેન્ટ અને ટોઇલેટ પેપર સહિત 10 વસ્તુઓ પરથી ટેરિફ પાછો ખેંચાયો

**ટોરોન્ટો**

મંગળવારે મધ્યરાત્રિ પછી કેનેડિયન માલ ઉપર યુ.એસ. ટેરિફનો નવો રાઉન્ડ અમલમાં આવ્યો હતો. જેમાં ચોક્કસ ચીઝથી લઈને મોટરબોટ, ઓલ-ટેરેન વાહનો (એટીવી) અને ફર્નિચર સુધીના 110 ઉત્પાદનો ઉપર 50 ટકા ટેરિફ લાદી દેવાયો છે. વ્હાઇટ હાઉસે કહ્યું કે તે "જાહેર હિતને વધુ સારી રીતે સેવા આપતી વખતે યુ.એસ. વાણિજ્ય ઉપરનો બોજ ઓછો કરવા"ના પ્રયાસમાં મીઠું, ખાંડ, સિમેન્ટ, સ્વીચબોર્ડ અને ટોઇલેટ પેપર સહિત 10 વસ્તુઓ ઉપર ટેરિફ એકસાથે દૂર કરાશે.

કેનેડા પણ સરહદની દક્ષિણમાં સૌથી મોટા મીઠા સપ્લાયર્સમાંનો એક છે. યુએન કોમટ્રેડ અને વર્લ્ડ બેંકના વેપાર ડેટા અનુસાર 2025માં યુ.એસ.એ કેનેડાથી આશરે $159.2 મિલિયન યુએસ મૂલ્યનું મીઠું આયાત કર્યું હતું. અલ્બનરના વિશ્લેષણ મુજબ, જે શ્રેણીઓમાં ટેરિફ દૂર કરવામાં આવ્યા હતા, તે આશરે $2.41 બિલિયનનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે ઉમેરાયેલા ટેરિફ 2025ના વેપારના આશરે $2.56 બિલિયનને આવરી લે છે. આ ટેરિફ કવરેજમાં માત્ર થોડો વધારો દર્શાવે છે, જે બંને દેશો વચ્ચેના વેપારનો એક ભાગ દર્શાવે છે. સૌથી વધુ ડોલર મૂલ્ય સ્વીચગિયર એસેમ્બલી અને સ્વીચબોર્ડની શ્રેણીમાં છે. યુ.એસ.એ 2025માં કેનેડાથી આશરે $750 મિલિયનની યુએસમાં આયાત કરી હતી. જેનો ઉપયોગ કારથી લઈને વિમાન સુધીના ઉપયોગ માટે થાય છે.

# રાજકોટ કોર્ટ, મહાત્મા મંદિર, નાયરા રિફાઇનરીને ઉડાવી દેવા ધમકી અપાઈ

**ગાંધીનગર**

ગાંધીનગરના મહાત્મા મંદિર, રાજકોટ કોર્ટ અને નાયરા રિફાઈનરી સહિત રાજ્યના અતિસંવેદનશીલ સ્થળોને બોમ્બ અને ડ્રોન હુમલાથી ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ છે. અગાઉ સચિવાલય, હાઈકોર્ટ અને શાળાઓને મળેલી ધમકીના કિસ્સામાં આરોપીઓ પકડાયાના ગણતરીના દિવસોમાં જ ફરી એકવાર ખાલિસ્તાની જૂથના નામે ઈ-મેઈલ મારફતે નવી ધમકી મળતાં ભારે ચકચાર મચી છે.

મળતી માહિતી મુજબ, રાજકોટ કોર્ટના ઓફિશિયલ ઈ-મેઈલ આઈડી તેમજ બાર એસોસિયેશનને એક ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. આ ઈ-મેઈલમાં રાજકોટ કોર્ટ ઉપરાંત જામનગર, વાડીનાર પોર્ટ, સિક્કા પોર્ટ અને નાયરા રિફાઈનરી જેવા અતિસંવેદનશીલ ઔદ્યોગિક વિસ્તારોમાં ડ્રોન દ્વારા હુમલો કરવાની ધમકી આપવામાં આવી છે. આ ઉપરાંત, ગાંધીનગર ખાતે આવેલા મહાત્મા મંદિરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ગર્ભિત ધમકી પણ ઈ-મેઈલમાં આપવામાં આવી છે.

ધમકીભર્યો ઈ-મેઈલ મળતાં જ કોર્ટ સત્તાધીશો અને પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

# ભાજપે 11 સ્ટેટ એક્ઝિક્યુટિવ સભ્યની કરી નિમણૂંક, રાજેન્દ્ર ત્રિવેદીની વાપસી

**અમદાવાદ**

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ પક્ષના ૧૧ નેતાને રાજ્ય કારોબારી સમિતિના સભ્યો તરીકે નિયુક્ત કર્યા છે. રાજ્ય કારોબારીના ઘણા વર્તમાન સભ્યોને અન્ય સંગઠનાત્મક જવાબદારીઓ સોંપવામાં આવ્યા પછી રહેલી ખાલી જગ્યાઓ ભરવા માટે આ નિમણૂકો કરવામાં આવી હતી.

પક્ષના સંગઠનાત્મક આદેશ અનુસાર, આ નિમણૂકોની જાહેરાત બુધવારે કરવામાં આવી હતી અને તે તાત્કાલિક અમલમાં આવશે. જેમાં રાજેન્દ્ર ત્રિવેદી (વડોદરા), ડૉ. મુકેશભાઈ રાઠવા (છોટા ઉદેપુર), શરદભાઈ લાખાણી (અમરેલી), કિશોરભાઈ ગાવિત (કર્ણાવતી), મનીષભાઈ પટેલ (કર્ણાવતી), અરૂણાબેન ચૌધરી (ગાંધીનગર), શિલ્પેશભાઈ દેસાઈ (વલસાડ), વિશાલભાઈ ભરવાડ (કર્ણાવતી), નંદીતાબેન ઠાકુર (ખેડા), ડૉ. જાનકીબેન આચાર્ય (કર્ણાવતી), તેમ જ કનુભાઈ અરવિંદભાઈ પટેલ (મહેસાણા)નો સમાવેશ થાય છે. આ સાથે શહેર-જિલ્લા પ્રભારીના નામની પણ જાહેરાત કરવામાં આવી છે.

આ યાદીમાં બ્રાહ્મણ નેતા એડવૉકેટ રાજેન્દ્ર ત્રિવેદીના નામે રાજકીય વર્તુળોનું ધ્યાન ખેંચ્યું છે.

# 44 વર્ષ બાદ પતિની છૂટાછેડાની અરજીને HCની મંજૂરી : પત્ની વર્ષ 1992થી ઘરે પરત નહોતી ફરી

## પત્ની માટેની કાયમી ભરણપોષણની રકમ 20,000 પ્રતિ માસ કરવા આદેશ

**અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે છૂટાછેડાનો એક અનોખો આદેશ આપ્યો છે. જેમાં કોર્ટે 67 વર્ષના પતિ અને 65 વર્ષની પત્નીને છૂટાછેડાનો આદેશ આપ્યો છે. જેમાં વર્ષ 1992માં પિયર ગયેલી પત્ની 44 વર્ષ સુધી પરત ફરી ન હતી.

67 વર્ષના પતિ અને તેમની 65 વર્ષીય પત્ની 1992થી અલગ રહેતા હતા. તેમજ પત્ની 44 વર્ષ પહેલાં પોતાના ભાઈના જન્મદિવસની ઉજવણીમાં હાજરી આપવા માટે ઘર છોડીને ગઈ હતી અને ક્યારેય પાછી ફરી ન હતી. આ કેસમાં કોર્ટે ઠરાવ્યું કે પતિ એ સાબિત કરવામાં સફળ રહ્યા હતા કે તેમની પત્નીએ કોઈ પણ યોગ્ય કારણ વિના તેમને છોડી દીધા હતા. જોકે, કોર્ટે પત્ની માટેની કાયમી ભરણપોષણની રકમ રૂપિયા 12,000 થી વધારીને 20,000 પ્રતિ માસ કરી હતી.કારણ કે તેમની પાસે આવકનું કોઈ સ્વતંત્ર સાધન નહોતું અને તેઓ તેમના ગુજરાન માટે આ રકમ પર નિર્ભર હતા. આ દંપતીએ વર્ષ 1989માં લગ્ન કર્યા હતા અને તેમને બે પુત્રો હતા. ન્યાયમૂર્તિ ઈલેશ જે. વોરા અને આર. ટી. વાછાનીએ નોંધ્યું હતું કે ફેમિલી કોર્ટે 2015માં પતિની છૂટાછેડાની અરજી ફગાવી દીધી હતી. તેની બાદ બંને દાયકાઓ સુધી અલગ-અલગ જીવન જીવતા રહ્યા છે. જોકે, પતિ સંમત થયા હતા કે તેમની પત્ની જ તેમના પેન્શન અને નિવૃત્તિ-સંબંધિત અન્ય લાભો માટે એકમાત્ર નોમિની રહેશે. ગુજરાત હાઈકોર્ટે ૭ સપ્ટેમ્બરના રોજ છૂટાછેડા અંગેનો પોતાનો ચુકાદો આપ્યો હતો.

# વેટની વિદાયને 10 વર્ષ છતાં કરોડોના રિફંડ અટવાયા!

## વેપારીઓ સરકારી બાબુઓ સામે લાચાર, વેટના ખાતા લૉક થવાથી સુધારા કરવા અશક્ય

**અમદાવાદ**

પહેલી જુલાઈ 2017ના રોજ વેલ્યુ એડેડ ટેક્સ (વેટ)ની વિદાય લીધાને સાડા નવ વર્ષ થવા આવ્યા હોવા છતાં અમદાવાદ અને ગુજરાતના હજારો વેપારીઓના વેટના રિફંડ હજીય મળતા નથી. હિસાબ શાખામાં વેપારીઓના બેન્ક એકાઉન્ટ રિફ્લેક્ટ થતા નથી, કારણ કે વેપારીઓ વેટમાંથી જીએસટીમાં શિફ્ટ થઈ ગયા હોવાથી તેમના ખાતા વેટમાં દેખાતા નથી. હિસાબ શાખાના અધિકારીઓ તે ખાતા દેખાતા ન હોવાના કારણે રિફંડના ઓર્ડર થઈ ગયા પછી પણ રિફંડ આપતા નથી. વેટના ખાતાઓ લૉક કરી દેવામાં આવ્યા હોવાથી તેમાં સુધારા કરવા શક્ય નથી. વેપારીઓ વેટમાંથી જીએસટીમાં માઇગ્રેટ થઈ ગયા હોવાથી વેટના પોર્ટલ પર સુધારો કરવાની કોઈ તક મળતી નથી. દસ વર્ષથી એકાઉન્ટ ઓપરેટ ન કર્યા હોવાથી મોટાભાગના વેપારીઓ પાસે લોગ ઇન આઈડી અને પાસવર્ડ સચવાયેલા નથી, અને જેની પાસે છે તેઓ પણ એકાઉન્ટ લૉક હોવાને કારણે સુધારો કરી શકતા નથી. ભૂતકાળમાં આ ખાતામાં રિફંડ લીધેલા હોવા છતાં અત્યારે એફિડેવિટ આપવી પડે છે. વળી, રિફંડના એપ્રુવલ માટેના ઘણા કેસો ગાંધીનગરના એડિશનલ કમિશનર પાસે ટ્રાન્સફર થયા હોવાથી લગભગ બે મહિનાથી રિફંડ આવ્યા જ નથી. સરકારના જીઆર-સેલમાં કાયદા વિરુદ્ધ જઈને ફાઈલ પુનઃ સાદર કરીને રિફંડ ટલ્લે ચઢાવવામાં આવે છે. અપીલમાં 25 લાખ રૂપિયાથી વધુના રિફંડ માટે ડેપ્યુટી કમિશનર અને 50 લાખ રૂપિયાથી વધુ માટે એડિશનલ કમિશનરની મંજૂરી લેવી પડે છે. આ વિભાગમાંથી એક જ ફાઈલ પર ત્રણ-ત્રણ વાર જુદા-જુદા મુદ્દા કાઢીને ફાઈલ પરત મોકલવામાં આવે છે, જેના કારણે બેથી ત્રણ વર્ષ સુધીનો અસહ્ય વિલંબ થાય છે.

# ૬૩૪ કરોડના SD Pay કૌભાંડ કેસમાં વધુ એક આરોપીની ધરપકડ કરાઈ

## ઊંચા વળતરની લાલચ આપી 1.75 લાખથી વધુ લોકોને છેતરવામાં આવ્યા હતા

**અમરેલી**

ઉંચા વળતરની લોભામણી લાલચ આપીને ગુજરાત સહિત દેશભરના લોકો સાથે રૂ.૬૩૪ કરોડનું મહાકૌભાંડ આચરનારા મુખ્ય સૂત્રધારો સામે અમરેલી સાયબર પોલીસે મોટી કાર્યવાહી કરી છે. મોબાઈલ એપ્લિકેશન બનાવીને પોંઝી સ્કીમ ચલાવતા મુખ્ય ૨ માસ્ટરમાઈન્ડ્સ બાદ વધુ એક આરોપી ઝડપાયો છે. જેની સાથે કુલ આરોપીની સંખ્યા ૯ પર પહોંચી છે.

બે દિવસ પહેલા બે મુખ્ય સૂત્રધારમાં એપ માલિક ધવલ પટેલ અને હિરેન શાહને ઓડિશાથી ધરપકડ કરવામાં આવી હતી. બંને આરોપ બીઓને ઓડિશાથી ફ્લાઈટ મારફત અમરેલી લાવવામાં આવ્યા હતા. તેની પૂછપરછ કર્યા બાદ લધુ એક આરોપી ભાવેશ અરવિંદ ધનેચાને ઝડપી લેવાયો છે. આ પૂર્વે સાયબર ટીમે આ કૌભાંડમાં સામેલ ૬ આરોપીઓને જેલભેગા કર્યા હતા. હાલ આ કેસમાં કુલ ૯ આરોપીઓ ઝડપાયા છે.

# પંચાયતોમાં અંધેર : 723 કરોડની વસુલાત બાકી, પણ રેકોર્ડ જ નથી

## બાકીદારો ગાયબ છે કે હયાત છે તે પણ તંત્ર જાણતું નથી : રાજ્યની વિધાનસભામાં સરકારે આંકડા રજૂ કરતાં ખુલાસો થયો

**અમદાવાદ**

ગુજરાતના પંચાયતી રાજમાં ભ્રષ્ટાચાર અને અણઘડ વહીવટના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. રાજ્ય વિધાનસભા ગૃહમાં રજૂ થયેલી પંચાયતી રાજ સમિતિના અહેવાલે સરકારના 'સુશાસન'ના દાવાઓની પોલ ખોલી નાખી છે. અહેવાલ મુજબ, વર્ષ 1993-94થી લઈને 2012-13 સુધીના લાંબા સમયગાળા દરમિયાન થયેલા ઓડિટમાં રૂ. 723.81 કરોડની વસૂલાત સરકારના ચોપડે માત્ર એક આંકડો બનીને રહી ગઈ છે. આશ્ચર્યજનક અને ગંભીર બાબત એ છે કે, આ કરોડો રૂપિયા કોની પાસેથી વસૂલવાના છે, તેનો કોઈ જ સત્તાવાર રેકોર્ડ હાલની સરકારી કચેરીઓમાં ઉપલબ્ધ નથી! આ પરિસ્થિતિ રાજ્યની પંચાયતોમાં 'અંધેર નગરી અને ગંડુ રાજા' જેવો વહીવટ ચાલી રહ્યો હોવાની ચાડી ખાઈ રહી છે. કોન્ટ્રાક્ટર કે સંસ્થા પાસેથી કેટલા પૈસા લેવાના છે? તેઓ હયાત છે કે કેમ તેની કોઈ વિગતો પણ ઉપલબ્ધ નથી! આ અહેવાલ માત્ર નાણાકીય નુકસાનનો નથી, પરંતુ જિલ્લા અને તાલુકા પંચાયતોમાં કઈ હદે લાલીયાવાડી અને બેદરકારી ચાલે છે તેનો જીવતો જાગતો પુરાવો છે. જે વ્યક્તિઓ, કોન્ટ્રાક્ટરો કે સંસ્થાઓ પાસેથી સરકારે જનતાના પરસેવાના નાણાં પાછા લેવાના હતા, તેઓ આજે હયાત છે કે નહીં, કે નાણાં લઈને ક્યાં ગાયબ થઈ ગયા છે, તેની કોઈ જ વિગત વિકાસ કમિશનર કે જવાબદાર અધિકારીઓ પાસે નથી. સમિતિએ કરેલી ગંભીર નોંધ મુજબ, આટલા લાંબા સમયગાળા સુધી કોઈ યોગ્ય હિસાબ રાખવામાં ન આવ્યો અને કોઈ ફોલો-અપ ન લેવાયું, જેના કારણે આજે આખી રકમ હાલ હવામાં અધ્ધરતાલ છે.




### મોદીના જન્મદિવસે વારાણસી યાત્રાને પ્રસ્થાન

# વિપક્ષે ભલે બિલ રોકી રાખ્યું હોય, પણ મહિલા આરક્ષણ થઈને જ રહેશે : શાહ

**વડનગર**



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મસ્થળ વડનગર ખાતે, વડનગરથી વારાણસી યાત્રાને પ્રસ્થાન કરાવતા, કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે નરેન્દ્ર મોદીની દૂરંદેશીતા, સર્વસમાવેશી, સર્વસ્પર્શી કલ્યાણકારી યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો. ગુજરાત મોડલના આધારે દેશના વિવિધ રાજ્યોમાં હજારો લાખો લોકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મળી રહ્યો હોવાનું જણાવ્યું હતું. અમિત શાહે, આ પ્રસંગે, વિપક્ષના નેતા રાહુલ ગાંધીને પણ નિશાને લઈને, દેશની મહિલાઓને આશ્વત કરતા કહ્યું કે, વિપક્ષના નેતા બિલને રોકીને બેઠા છે, પણ મને વિશ્વાસ છે કે ૩૩ ટકા માતૃશક્તિ મહિલા આરક્ષણ થઈને જ રહેશે તેમાં કોઈએ શંકા રાખવાની જરૂર નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનરી કાર્યો અંગેનો ઉલ્લેખ કરતા અમિત શાહે કહ્યું કે, ગુજરાતના ગામમાં ૨૪ કલાક વીજળી આપ વાની જ્યોતિગ્રામ યોજના સફળતા પૂર્વક અમલ કર્યો છે.

# ગુજરાતમાં ભારત દેશનો 'આર્ટિફિશિયલ સૂર્ય' ટ્રાયલમાં પાસ, અસલીથી 20 ઘણું વધુ ગરમ

### ઉપકરણ 82.6 ગીગાહર્ટ્ઝ ફ્રિક્વન્સી અને 400 કિલોવોટની પ્રચંડ ક્ષમતા ધરાવે છે

**ગાંધીનગર**

ભારત સ્વચ્છ અને અખૂટ ન્યુક્લિયર ફ્યુઝન ઊર્જા ક્ષેત્રે ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાત સ્થિત ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝમા રિસર્ચ (IPR) ખાતે SST-1 ટોકામાક રિએક્ટર પર એક નવું અતિશક્તિશાળી 'ગાયરોટ્રોન' સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવ્યું છે. આ ઉપકરણ 82.6 ગીગાહર્ટ્ઝ ફ્રિક્વન્સી અને 400 કિલોવોટની પ્રચંડ ક્ષમતા ધરાવે છે. આ ઉપકરણ સૂર્યની જેમ ઊર્જા પેદા કરવા માટે રચાયેલા ભારતના સુપરકન્ડક્ટિંગ ફ્યુઝન રિએક્ટરને વધુ કાર્યક્ષમ બનાવશે. SST-1 એ ભારતનું સુપરકન્ડક્ટિંગ ફ્યુઝન રિએક્ટર છે, જેને ધરતી પર સૂર્ય જેવી પ્રક્રિયા ઉત્પન્ન કરવા માટે બનાવવામાં આવ્યું છે. તેમાં ચુંબકીય ક્ષેત્રોની મદદથી અતિશય ગરમ પ્લાઝમાને નિયંત્રિત કરવામાં આવે છે. ભારતીય પ્રયોગો દરમિયાન પ્લાઝમાનું તાપમાન 20 કરોડ ડિગ્રી સેલ્સિયસથી પણ વધુ નોંધાઈ ચૂક્યું છે, જે સૂર્યના કેન્દ્રના તાપમાન કરતાં પણ અનેક ગણું વધારે છે. નવું ગાયરોટ્રોન આ પ્લાઝમાને વધુ સારી રીતે ગરમ કરવામાં અને લાંબા સમય સુધી સ્થિર રાખવામાં વૈજ્ઞાનિકોને મદદ કરશે. ગાયરોટ્રોન એક એવું વિશિષ્ટ ઉપકરણ છે, જે ખૂબ ઊંચી ફ્રિક્વન્સી ધરાવતી માઇક્રોવેવ ઊર્જા પેદા કરે છે. આ ઊર્જાને ટોકામાક રિએક્ટરની અંદર રહેલા પ્લાઝમામાં દાખલ કરવામાં આવે છે, જેનાથી પ્લાઝમા વધુ ગરમ થાય છે. અગાઉ SST-1માં 42 ગીગાહર્ટ્ઝની સિસ્ટમ કાર્યરત હતી, પરંતુ હવે 82.6 ગીગાહર્ટ્ઝનું નવું ઉપકરણ અગાઉની સરખામણીએ વધુ અસરકારક હીટિંગ ક્ષમતા પ્રદાન કરશે. ફ્યુઝન ઊર્જા મેળવવા માટે માત્ર ઊંચું તાપમાન મેળવવું પૂરતું નથી, પરંતુ પ્લાઝમાને લાંબા સમય સુધી નિયંત્રિત અને સ્થિર રાખવો એ સૌથી મોટો પડકાર છે. નવું ઉપકરણ સંશોધકોને લાંબા સમય સુધી ઊંચા તાપમાને પ્રયોગો કરવાની તક આપશે.

# આર્થિક કટોકટીમાં તારણહાર ગણપતિ : જાણો ઉપાય

આર્થિક સંકડામણ અને માથે ચડેલું દેવું માનવીની માનસિક શાંતિ હણી લે છે. ગણપતિજીનું ઋણહર્તા સ્વરૂપ આર્થિક કટોકટીમાંથી ઉગારવા માટે પ્રખ્યાત છે.

» ઋણહર્તા ગણપતિ સ્તોત્રનો પાઠ : આ દિવસોમાં રોજ સવારે સ્નાન કરી પીળા આસન પર બેસી ગણેશજી સમક્ષ ગાયના ઘીનો દીવો પ્રગટાવી ઋણહર્તા ગણપતિ સ્તોત્રના ત્રણ પાઠ કરવા. આ પાઠથી આવકના નવા માર્ગો ખૂલે છે અને જૂના દેવામાંથી મુક્તિ મળે છે.

» ગોળ અને શુદ્ધ ઘીનો ભોગ : ગણેશજીને નિયમિત ગોળ અને ગાયના શુદ્ધ ઘીનો નૈવેદ્ય ધરાવવું. પૂજા સંપન્ન થયા પછી તે પ્રસાદ ગાયને ખવડાવી દેવો. આ ઉપાયથી સ્થિર સંપત્તિમાં વૃદ્ધિ થાય છે.

» સિંદૂર અને સોપારીનો પ્રયોગ : એક સોપારી પર પીળા દોરાથી સ્વસ્તિક બનાવી, તેના પર સિંદૂર ચડાવી ગણેશજીનાં ચરણોમાં અર્પણ કરવી. અનંત ચતુર્દશીના દિવસે આ સોપારીને લાલ વસ્ત્રમાં બાંધીને તિજોરી કે ગલ્લામાં મૂકી દેવાથી ધનની બચત વધે છે.

**નોકરી અને કારકિર્દીમાં આવતા અવરોધો માટે**

શિક્ષણ પૂર્ણ થવા છતાં મનગમતી નોકરી ન મળતી હોય, ઇન્ટરવ્યૂમાં વારંવાર નિષ્ફળતા મળતી હોય કે નોકરીમાં પ્રમોશન અટકેલું હોય, તો ગણેશજીની બુદ્ધિ-વિવેકની ઊર્જા જીવનને સાચી દિશા આપી શકે છે.

» 21 દૂર્વા(ધરો)નો સંકલ્પ: નોકરી મેળવવા માટે 21 દૂર્વાની જોડી બનાવી, દરેક જોડી ચડાવતી વખતે ૐ ગં ગણપતયે નમઃ મંત્રનો જાપ કરવો. દૂર્વા ગણેશજીના મસ્તક પર ચડાવવી, ચરણોમાં નહીં. આ ઉપાયથી કાર્યક્ષેત્રની નકારાત્મકતા દૂર થાય છે.

» પીળા ગણેશજીની સ્થાપના : અભ્યાસ ખંડ કે કાર્યસ્થળના ઉત્તર ભાગમાં પીળા રંગના ગણેશજીની પ્રતિમા અથવા ચિત્ર રાખવું. રોજ સવારે હળદરનું તિલક કરી ઇન્ટરવ્યૂ કે ઓફિસે નીકળતી વખતે તેમાંથી એક ચાંદલો પોતાના કપાળ પર કરવો.

» મોદક અર્પણ : બુધવારે બેસનના પાંચ લાડુ બનાવી ગણેશજીને ભોગ લગાવવો અને તેમાંથી એક લાડુ કોઈ ગરીબ બાળકને આપવો. આનાથી કારકિર્દીનાં અટકેલાં કાર્યો ઝડપથી પાર પડે છે.

**વ્યાપાર, ધંધા અને ભાગીદારીમાં મુશ્કેલીઓ માટે**

દુકાન કે ફેક્ટરીમાં ગ્રાહકો ન આવતા હોય, પેમેન્ટ અટવાઈ ગયું હોય કે પાર્ટનર સાથે અણબનાવ રહેતો હોય ત્યારે વ્યાપારિક ગતિ મંદ પડી જાય છે.



» શ્વેતાર્ક (આકડાના) ગણપતિ : વ્યાપાર સ્થળે શ્વેતાર્ક ગણપતિની સ્થાપના કરવી અત્યંત શુભ માનવામાં આવે છે. તેનાથી ધંધાને કોઈની ખરાબ નજર લાગતી નથી.

» ચાંદીની પ્લેટમાં લવિંગ અને સોપારી : એક સોપારી અને બે લવિંગ ચાંદીના સિક્કા સાથે ગણેશજી આગળ મૂકી તેની પૂજા કરવી. વેપારમાં જ્યારે મોટી ડીલ કરવા જવાનું હોય ત્યારે તે લવિંગ મોંમાં રાખીને જવું. કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધી જાય છે.

» મુખ્ય દ્વાર પર પંચમુખી ગણેશ : દુકાન કે ઓફિસના પ્રવેશદ્વારની અંદરની બાજુ પંચમુખી ગણેશજીની તસવીર લગાવવી. તેનાથી વેપારમાં આવતી અવરોધક ઊર્જા નાશ પામે છે.

**ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ અને માનસિક તણાવ નિવારણ**

દીર્ઘકાલીન રોગો, શારીરિક અશક્તિ કે સતત રહેતી ડિપ્રેશન અને ચિંતા જેવી માનસિક સમસ્યાઓ માટે ગણપતિની આરાધના અમોઘ ઔષધિ સમાન છે.

» લાલ જાસૂદનું ફૂલ : ગણેશજીને લાલ જાસૂદનું પુષ્પ ખૂબ જ પ્રિય છે. સ્વાસ્થ્ય સુધારવા માટે રોજ સવારે સ્નાન બાદ ગણેશજીને લાલ જાસૂદ ચડાવવું અને ૐ નમો ભગવતે ગજાનનાય મંત્રની એક માળા કરવી.

» દૂર્વાનો રસ અને અભિષેક : બીમાર વ્યક્તિના સારા સ્વાસ્થ્ય માટે ગણેશજી પર શેરડીના રસ અથવા શુદ્ધ જળથી અભિષેક કરવો. સંકટનાશન ગણેશ સ્તોત્રનો 11 વખત પાઠ કરવો.

» લાડુનો ભોગ : જે લોકોને માનસિક અશાંતિ રહેતી હોય તેમણે ચંદ્ર દોષના નિવારણ માટે સફેદ લાડુ અથવા ખીરનો ભોગ ગણેશજીને ધરાવી પોતે પ્રસાદ ગ્રહણ કરવો.

**કોર્ટ-કચેરી, સરકારી વિવાદો અને શત્રુ મુશ્કેલીઓ માટે**

અકારણ કોર્ટ-કચેરીના આંટાફેરા કે શત્રુઓ તરફથી અડચણો ઊભી થતી હોય ત્યારે ગણેશજીનું વિઘ્નરાજ સ્વરૂપ રક્ષણ પૂરું પાડે છે.

» સિંદૂર અર્ચન : ગણેશજીને સળંગ 11 દિવસ સુધી દેશી ગાયના ઘીમાં કે ચમેલીના તેલમાં સિંદૂર મેળવીને ચોલો ચડાવવો. સિંદૂર ચડાવતી વખતે મનમાં વિજય પ્રાપ્તિનો સંકલ્પ રાખવો.

» કાળા તલનો હોમ અથવા ભોગ : કોર્ટના કેસમાં રાહત મેળવવા માટે ગણેશજીને કાળા તલ અને ગોળથી બનેલા લાડુનો ભોગ ધરાવવો. બુધવારે પક્ષીઓને કાળા તલ નાખવા.

» અથર્વશીર્ષના પાઠ : ગણેશ અથર્વશીર્ષનો સંપૂર્ણ શ્રદ્ધા સાથે પાઠ કરવાથી અદાલતી કાર્યવાહીમાં પક્ષ મજબૂત બને છે અને ન્યાયિક સહાયતા પ્રાપ્ત થાય છે.

**વાસ્તુદોષ અને ઘરની નકારાત્મક ઊર્જાનું શમન**

ઘરમાં જો ઈશાન ખૂણો કપાયેલો હોય, દક્ષિણ દિશામાં દોષ હોય કે નકારાત્મક સ્પંદનો અનુભવાતાં હોય, તો વાસ્તુદોષના નિવારણમાં ગણેશજીની સ્થાપના ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

» મુખ્ય દ્વાર પર જોડિયા ગણેશ : વાસ્તુશાસ્ત્ર મુજબ જો ઘરના પ્રવેશદ્વાર પર બહારની તરફ ગણેશજી મૂકવામાં આવે, તો તેમની પીઠ ઘર તરફ રહે છે. શાસ્ત્રોમાં ગણેશજીની પીઠમાં દરિદ્રતાનો વાસ માનવામાં આવ્યો છે, તેથી જો બહાર ગણેશજી મૂક્યા હોય, તો બરાબર તેની પાછળ ઘરની અંદરની દીવાલ પર પણ બીજા ગણેશજી મૂકવા જોઈએ, જેથી બંનેની પીઠ એકબીજા સાથે જોડાયેલી રહે. આનાથી ઘરનો તમામ વાસ્તુદોષ શાંત થાય છે.

» હળદર મિશ્રિત ચોખા (અક્ષત) : ઘરના ચારેય ખૂણામાં ગણેશ મંત્રથી અભિમંત્રિત કરેલા અક્ષત છાંટવાથી ઘરમાંથી નકારાત્મક ઊર્જા દૂર થઈ સકારાત્મક સ્પંદનો ફેલાય છે.

» ડાબી સૂંઢવાળા ગણપતિ : પારિવારિક શાંતિ માટે ઘરમાં હંમેશાં ડાબી બાજુ વળેલી સૂંઢવાળા (વામમુખી) ગણપતિ રાખવા, કારણ કે તે ચંદ્રનાડીનું પ્રતિનિધિત્વ કરે છે અને ઘરમાં શીતળતા તેમજ પ્રસન્નતા જાળવી રાખે છે.

# નવી દિલ્હીમાં 12.84 કરોડની ડિજિટલ ચોરી, 5ની ધરપકડ

## વિવિધ બેંક ખાતાઓમાં રૂપિયા 1.70 કરોડની રકમને ફ્રીઝ કરવામાં આવી, નાણાં 34 મ્યુલ એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કરી દેવાયા હતા

**નવી દિલ્હી**

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલના IFSO યુનિટે આંતર-રાજ્ય અને આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત સાયબર છેતરપિંડી કરતી એક મોટી ટોળકીનો પર્દાફાશ કર્યો છે. જેમાં પોલીસે એક કંપનીના ખાતામાંથી રૂપિયા 12.84 કરોડની ડિજિટલી ચોરી ઝડપી છે. આ કેસમાં પોલીસે પાંચ લોકોની ધરપકડ પણ કરી છે.

12.84 કરોડ ની ડિજિટલ ચોરી આચરી હતી

પોલીસના જણાવ્યા અનુસાર આ ઠગ ટોળકીએ એક કોર્પોરેટ બેંક ખાતાનો દૂર ઉપયોગ કરીને રૂપિયા 12.84 કરોડ ની ડિજિટલ ચોરી આચરી હતી. જેની બાદ દિલ્હી પોલીસે દેશના વિવિધ ભાગોમાં દરોડા પાડીને પાંચ મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં એક ખાનગી બેંકના



રિલેશનશિપ મેનેજરનો પણ સમાવેશ થાય છે.

આ કાર્યવાહી દરમિયાન, પોલીસ છેતરપિંડીથી પડાવવામાં આવેલી રકમમાંથી આશરે રૂપિયા 1.70 કરોડની રકમને વિવિધ બેંક ખાતાઓમાં ફ્રીઝ કરાવવામાં સફળ રહી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપીએ કંપનીના કોર્પોરેટ ખાતામાંથી 317 અનધિકૃત ડિજિટલ વ્યવહારો કર્યા હતા. આ રકમ 34 અલગ-અલગ મ્યુલ એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.

જેમાં જયપુરમાં સ્થિત ખાનગી બેંકના રિલેશનશિપ મેનેજર વિકાસે સહ-આરોપી નમન કુમારને બે ખાનગી બેંકમાં ખાતા ખોલવામાં મદદ કરી હતી. તેને મુખ્ય નેટવર્ક સાથે જોડ્યો અને હરમન સાથે તેનો પરિચય કરાવ્યો. નમન કુમારના એક ખાતામાં આશરે રૂપિયા 70 લાખ અને બીજા ખાતામાં રૂપિયા 40 લાખ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

આ તપાસમાં જાણવા મળ્યું કે નમનનું એક બેંક એકાઉન્ટ 'નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ' પર દેશભરમાં નોંધાયેલી 43 ફરિયાદો સાથે જોડાયેલું હતું. છેતરપિંડી કરનારાઓએ નમનને દિલ્હી બોલાવ્યો હતો. તેને કૃષ્ણ નગરની 'હોટેલ નિર્વાણ રેસિડેન્સી'માં ઉતારો આપ્યો અને APK ફાઈલનો ઉપયોગ કરીને તેનું ખાતું ઓપરેટ કર્યું હતું. છેતરપિંડી દ્વારા મેળવવામાં આવેલી રૂપિયા 80 લાખની રકમ લવલીના બેંક ખાતામાં જમા કરાવવામા આવી હતી. તેણે સત્યા નામના ફરાર આરોપીના કહેવાથી આ ખાતું ખોલાવ્યું હતું. અભય કુમાર સોલંકીના ખાતામાં રૂપિયા 60,000 જમા કરવામાં આવ્યા હતા. જે તેણે ATM દ્વારા ઉપાડી લીધા હતા. આ તપાસમાં ચીન તથા દુબઈમાં સ્થિત સાયબર ગુનેગારો વચ્ચેના જોડાણનો પર્દાફાશ થયો છે. તેમજ આરોપી હરમન ટેલિગ્રામ દ્વારા રાજસ્થાનના દેવેન્દ્ર સિંહ ચૌહાણના સંપર્કમાં હતો. દેવેન્દ્ર છેતરપિંડીથી મેળવેલી રકમ ને ક્રિપ્ટોકરન્સી માં રૂપાંતરિત કરતો હતો અને તેને વિદેશમાં બેઠેલા મુખ્ય સૂત્રધારોને ટ્રાન્સફર કરતો હતો.

# અરબી સમુદ્રમાં ભારતીય જહાજ સાથે ટકરાતા પાક. જહાજને ભારે નુકસાન

**નવી દિલ્હી**

પાકિસ્તાન દ્વારા ફરી ભારતને ઉશ્કેરવાનો પ્રયાસ થયો છે, સમુદ્રમાં ભારતીય વોરશિપ સાથે પાકિસ્તાન નેવીનું જહાજ ટકરાયું હતું. ઉત્તર અરબ સમુદ્રમાં ભારતીય નેવીના ફ્રન્ટલાઈન યુદ્ધપોત સાથે પાકિસ્તાન નેવીના જહાજના ટકરાવાની આ ઘટનાની ભારતે ટીકા કરી છે. એટલુ જ નહીં આ મુદ્દે પાકિસ્તાનના પદાધિકારીઓ સમક્ષ વિરોધ પણ નોંધાવવામાં આવ્યો છે.

એવા અહેવાલો છે કે ઉત્તર અરબ સમુદ્રમાં ભારતીય નેવીનું ફ્રન્ટલાઈન યુદ્ધપોત નિયમિત દેખરેખ માટે કામ પર તૈનાત કરાયું હતું. આ દરમિયાન જ પાકિસ્તાની નેવીનું એક જહાજ ઝડપથી ભારતીય યુદ્ધપોત સાથે ટકરાયું હતું. પાકિસ્તાનનું જે જહાજ ટકરાયું તેનું નામ પીએનએસ હુનૈન હોવાનું સામે આવ્યું છે. જોકે આ ટક્કરમાં ભારતીય યુદ્ધપોતને બહુ નુકસાન નથી થયું પરંતુ પાકિસ્તાની જહાજને ભારે નુકસાન થયું હોવાના અહેવાલો છે.

જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. જે બાદ બન્ને દેશો સામસામે આવી ગયા હતા અને ડ્રોન હુમલા થવા લાગ્યા હતા. આ ઘટના બાદ બન્ને દેશો વચ્ચે શસ્ત્ર વિરામ જાહેર કરાયો હતો.

# શાદીપાર્ટનર ડોટ કોમને નામે યુવાનો સાથે ઠગાઈ આગ્રાના વકીલ સહિત નવની ધરપકડ કરાઈ

## નકલી મેટ્રિમોનિયલ પોર્ટલ મારફતે છેતરપિંડી, સાત મહિલા ટેલીકોલર્સનો સમાવેશ

**નવી દિલ્હી**

દિલ્હીની સાયબર પોલીસે લગ્નની લાલચ આપીને ઠગાઈ કરતા એક કોલ સેન્ટરનો પર્દાફાશ કર્યો છે. આ કૌભાંડ આગ્રાના એલએલબી વકીલ અમિત કુમાર દ્વારા ચલાવાતું હતું. આ ગેંગ 'શાદીપાર્ટનર ડોટ કોમ' નામના નકલી મેટ્રિમોનિયલ પોર્ટલ મારફતે લગ્નવાંચ્છુ પુરુષોને ફસાવતી હતી. પોલીસે માસ્ટરમાઈન્ડ વકીલ, મેનેજર જયા શાક્ય અને સાત મહિલા ટેલીકોલર્સની ધરપકડ કરી છે. એનસીઆરપી પોર્ટલ પર આ ગેંગ વિરુદ્ધ છ ફરિયાદો સામે આવી છે. પોલીસને આશંકા છે કે છેલ્લા એક વર્ષમાં આ ટોળકીએ હજારો પુરુષોને શિકાર બનાવી છેતરપિંડી આચરી છે.

દરોડામાં આરોપીઓ પાસેથી એક કાર, પચાસ હજાર રોકડા, સાત ડેસ્કટોપ સીપીયુ અને સુડતાલીસ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે. પોર્ટલ પર નોંધાયેલી ફરિયાદની તપાસમાં આ દેશવ્યાપી સાયબર ફ્રોડનો પર્દાફાશ થયો હતો. પીડિતોને ફસાવવા માટે ટેલીકોલર્સ વોટ્સએપ પર આકર્ષક યુવતીઓના ફોટા મોકલતા હતા. ભરોસો જીતવા અને મેચમેકિંગ પ્રક્રિયા અસલી બતાવવા સિન્ડિકેટ ફોન પર વાતચીતનું નાટક કરી સંભવિત દુલ્હન સાથે સીધી વાત કરાવતી હતી. જ્યારે પીડિત રસ દાખવે ત્યારે અલગ અલગ તબક્કે નાણાં ટ્રાન્સફર કરાવવામાં આવતા હતા. એક ફરિયાદી પાસેથી રજીસ્ટ્રેશન ચાર્જ, પ્રોફાઈલ એક્સેસ ફી, પ્રોફાઈલ એક્ટિવેશન ચાર્જ અને કોન્ટેક્ટ અનલોક ફી જેવા બહાના હેઠળ કુલ પંદર હજાર રૂપિયા પડાવી લેવાયા હતા.

# બિહારના બેગુસરાયમાં 8 દિવસમાં 3 અજાણી મહિલાના મૃતદેહ મળી આવતાં ભારે ચકચાર

## ઝાડીમાંથી મળેલી ત્રીજી લાશના હાથ પર પ્રીતિ નામનું ટેટૂ, પોલીસ દ્વારા તપાસ શરૂ

**પટના**

બિહારના બેગુસરાયમાં છેલ્લા 8 દિવસમાં 3 અજાણી મહિલાઓના મૃતદેહ મળી આવતા ભારે સનસનાટી ફેલાઈ છે. લાખો પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા શાહપુર ટોલ પ્લાઝા અને ઈનિયાર વચ્ચે NH-31 હાઈવેથી આશરે 20 થી 30 ફૂટ નીચે ઝાડીઓમાંથી એક 28 થી 30 વર્ષની મહિલાની લાશ મળી હતી. મૃતદેહમાંથી ભારે દુર્ગંધ આવતી હોવાથી ત્યાંથી પસાર થતા રાહદારીઓએ નીચે જઈને જોતાં આ ઘટના સામે આવી હતી.

માહિતી મળતા જ સ્થાનિક લોકો અને પોલીસ ઘટના સ્થળે પહોંચ્યા હતા. પોલીસે એફએસએલ ટીમને બોલાવીને સ્થળનું બારીકાઈથી નિરીક્ષણ કરી પુરાવા એકઠા કર્યા હતા. સલવાર-કમીઝ પહેરેલી આ મહિલાનો મૃતદેહ 2 થી 3 દિવસ જૂનો હોવાનું પોલીસ માની રહી છે. તેના એક હાથ પર પ્રીતિ નામનું ટેટૂ છે અને બીજા હાથ પર ઈજાનું નિશાન છે. હાલ સ્થાનિકોની મદદ છતાં મૃતકની ઓળખ થઈ શકી નથી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ ખૂલશે. મહિલાની હત્યા અન્યત્ર કરી લાશ અહીં ફેંક્યાની દિશામાં ગુમશુદગીની ફરિયાદોના આધારે તપાસ ચાલુ છે. અગાઉ 8 સપ્ટેમ્બરે તેઘરાના આધારપુર બાંધ અને 15 સપ્ટેમ્બરે પિઢૌલી પંચાયતના બાંધ નજીકથી 22 વર્ષની યુવતી સહિત બે લાશો મળી હતી. તેમાં પણ હત્યા બાદ લાશ ફેંક્યાની આશંકા વચ્ચે પોલીસે ત્રણેય ઘટનાઓ વચ્ચેની કડીઓ મેળવવાની કવાયત હાથ ધરી છે.

# અમારો વિસ્તાર તાત્કાલિક ખાલી કરો ભારતે ચીન-પાકિસ્તાનને ખખડાવ્યા

**નવી દિલ્હી**

ભારતે ચીન અને પાકિસ્તાન દ્વારા શરૂ કરાયેલા 'ચીન-પાકિસ્તાન જૉઈન્ટ બાઉન્ડ્રી કમિશન'નો સખત વિરોધ કર્યો છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે પાકિસ્તાન જે ભારતીય જમીન પર ગેરકાયદેસર કબજો જમાવીને બેઠું છે, તેના સંબંધમાં તેને ચીન સાથે કોઈપણ પ્રકારનો સરહદી કરાર કે સમજૂતી કરવાનો અધિકાર નથી.

'ચીન-પાકિસ્તાન જૉઈન્ટ બાઉન્ડ્રી કમિશન'ને ફરી શરૂ કરવાની જાહેરાત કરી હતી. ભારતે આ પગલાને તરત જ ફગાવી દીધું છે અને કહ્યું છે કે જે વિસ્તારને લઈને બંને દેશો સરહદી ચર્ચા કરી રહ્યા છે, તે ભારતનો જ ભાગ છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે પાકિસ્તાન અને ચીન વચ્ચે જે વિસ્તાર અંગે ચર્ચા થઈ રહી છે, તે ભારતીય ભૂમિ છે. તેમણે કહ્યું કે પાકિસ્તાનનો તે વિસ્તારમાં ગેરકાયદેસર કબજો છે અને તેથી તેને કોઈ ત્રીજા દેશ સાથે સરહદ નક્કી કરવાનો કે કોઈ કરાર કરવાનો અધિકાર મળતો નથી. સરકારનું કહેવું છે કે આ સ્થિતિ પહેલાં પણ એવી જ હતી, હાલમાં પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે. દેશની સંપ્રભુતા અને પ્રાદેશિક અખંડિતતા સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં.

## રામનગરીયામાં બેંક ઓફ ઈન્ડિયાના ATMમાં 41.70 લાખની લૂંટ, અંશુએ કેશની બાતમી આપી હતી

# જયપુર એટીએમ લૂંટમાં ગર્લફ્રેન્ડની એન્ટ્રી, રેકી કરતી યુવતીની ધરપરકડ, રોકડા 26.80 લાખ કબજે કરાયા

**જયપુર**

જયપુરના રામનગરીયા વિસ્તારમાં બેંક ઓફ ઈન્ડિયાના ATMમાં 41.70 લાખની લૂંટ કેસમાં પોલીસે અંશુ નામની યુવતીની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ યુવતી ATMની આસપાસ રેકી કરી બોયફ્રેન્ડ અને સાથીદારોને રોકડ પહોંચ્યાની બાતમી આપતી હતી. તેની પાસેથી 26.80 લાખ રોકડા જપ્ત કરાયા છે.

બેંક કર્મચારીઓ રોકડ ભરવા પહોંચ્યા ત્યારે અંશુ આસપાસ હાજર હોવાનો દાવો છે. કેશ પહોંચતા જ તેણે બોયફ્રેન્ડ મસ્તરામ મીણાને ફોન કરી જાણ કરી હતી. થોડી વારમાં બાઈક પર આવેલા શખ્સોએ હથિયાર બતાવી કર્મચારીઓને ધમકાવી 41.70 લાખ લૂંટી ફરાર થઈ ગયા હતા. બેંક સાથે જોડાયેલા કર્મચારીના સંપર્કમાં હોવાનું સામે આવ્યું છે, તેના આધારે મોટી રકમ પહોંચવાની બાતમી મળતા લૂંટનું આયોજન કરાયું હતું. લૂંટ બાદ આરોપીઓએ રકમ અલગ-અલગ ભાગમાં વહેંચી હતી. અંશુને કારમાં થોડે દૂર રહેલા સાથીદાર પાસે મોકલાઈ હતી. રકમનો એક હિસ્સો તેના રૂમમાં સૂટકેસમાં છુપાવાયો હતો, બીજો હિસ્સો અન્ય આરોપી લઈ ગયો હતો. નાકાબંધીથી બચવા અંશુના કપડાં બદલાવાયા હોવાનો દાવો છે. બોયફ્રેન્ડ મસ્તરામ સહિત 3 આરોપીઓ ફરાર છે, બાકી રકમની શોધ ચાલે છે. પ્રાથમિક તપાસમાં દેવું ચૂકવવા લૂંટનું કાવતરું ઘડાયાની આશંકા છે, બેંક કર્મચારીની ભૂમિકા અને સમગ્ર કાવતરું તપાસ પૂર્ણ થયા બાદ સ્પષ્ટ થશે.

# શિવસેના ધનુષ-બાણ વિવાદમાં વળાંક, સુપ્રીમે ચૂંટણી પંચ પર ગંભીર સવાલ ઉઠાવ્યા

**મુંબઈ**

ધનુષ-બાણ ચિહ્ન વિવાદમાં સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચ પર સવાલ ઉઠાવ્યા છે. ઉદ્ધવ જૂથની અરજી પર ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ બાગચી અને જસ્ટિસ મોહનાની બેંચે પૂછ્યું કે પંચે બંને જૂથોને આરક્ષિત ચિહ્ન ન આપી અલગ ચિહ્ન પર લડાવવાનો વિકલ્પ વિચાર્યો હતો કે કેમ. શિંદે જૂથના ધારાસભ્યો સામે ગેરલાયકાત પેન્ડિંગ હોવા છતાં નિર્ણય કેમ લેવાયો તેની સ્પષ્ટતા માંગી, આગામી સુનાવણી 22 સપ્ટેમ્બરે થશે. શિંદે જૂથના વકીલ નીરજ કૌલે કહ્યું 2019માં 55માંથી 40 ધારાસભ્યો પાસે 76 ટકા અને 18માંથી 13 સાંસદો પાસે 73 ટકા વોટ હતા, તેથી નિર્ણય કાયદેસર છે, 2019ની વિધાનસભા ભંગ થઈ ગઈ છે.

# છત્તીસગઢના ઝીરમ ઘાટી હત્યાકાંડમાં 13 વર્ષે ચુકાદો આવ્યો, બે મહિલાઓ સહિત 10ને ફાંસી

## જગદલપુરની સ્પેશિયલ એનઆઈએ કોર્ટે કોંગ્રેસ નેતાઓ સહિત 29 લોકોની હત્યા કેસમાં સજા સંભળાવી

**રાયપુર**

છત્તીસગઢમાં 2013માં થયેલા દેશના સૌથી ચકચારી ઝીરમ ઘાટી હત્યાકાંડમાં 13 વર્ષ પછી મોટો ચુકાદો આવ્યો છે. જગદલપુર સ્પેશિયલ એનઆઈએ કોર્ટે આ મામલે 2 મહિલાઓ સહિત તમામ 10 દોષિતોને ફાંસીની સજા ફટકારી છે. અદાલતે 101 સાક્ષીઓની જુબાની અને એનઆઈએના નક્કર પુરાવાઓને આધારે ઐતિહાસિક સજાનો હુકમ કર્યો હતો. 25 મે 2013ના રોજ દરભા ઘાટીના ઝીરમ વિસ્તારમાં પસાર થઈ રહેલી કોંગ્રેસની 'પરિવર્તન યાત્રા' પર નક્સલીઓએ ચારે તરફથી ઘેરીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ લોહિયાળ હુમલામાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ સહિત કુલ 29 લોકોએ જીવ ગુમાવ્યા હતા.

કોર્ટે જેમને મૃત્યુદંડ આપ્યો છે તેમાં મિલિટ્રી કંપની નંબર 2 સાથે હુમલો કરી હથિયાર લૂંટનાર પ્રમિલા મોડિયમ જ્યોતિ તેમજ સીધા હુમલામાં સામેલ સુમિત્રા ઉર્ફે સુમિત્રા પુનેમ મોડિયમ નામની 2 મહિલાઓ છે. આ ઉપરાંત પીડિયાથી આવેલા પીએલજીએ સેક્શન કમાન્ડર ચૈતૂ લેકામ (જેની પાસે વિસ્ફોટકોના પુરાવા મળ્યા), હથિયારો સાથે હુમલો કરી પોલીસના હથિયાર છીનવનાર મુક્કા મંડાવી અને કવાસી કોસાને ફાંસી અપાઈ છે. કોલેંગ અને કંડાનથી ચોખા તેમજ લોજિસ્ટિક સામગ્રી પહોંચાડનાર આયતા મડકમ, દરભા ડિવિઝન કમિટીના સભ્ય રહીને લોજિસ્ટિક અને ભંડોળ વ્યવસ્થા કરનાર મડકમિ દેવા તથા બંજમી સના, ષડયંત્રમાં સક્રિય જોગા મડકમી અને ઘટનાસ્થળે હાજર રહી હુમલામાં સીધો ભાગ લેનાર મહાદેવની સંડોવણી સાબિત થતાં અદાલતે તમામને સજા ફટકારી છે.

# કરણી સેનાએ ભાજપની સરકારનું ટેન્શન વધાર્યું, યુપીમાં 50 બેઠક પર ઉતારશે ઉમેદવાર

**લખનઉ**

ઉત્તર પ્રદેશમાં 2027ની વિધાનસભા ચૂંટણી પહેલાં રાજકીય ગરમાવો વધી ગયો છે. કરણી સેનાએ રાજ્યની 50 વિધાનસભા બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતારવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. કરણી સેનાના આ નિર્ણયથી યુપીના રાજકીય સમીકરણોમાં મોટો ઉલટફેર થવાની શક્યતા સેવાઈ રહી છે. કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સૂરજપાલ સિંહ અમ્મએ જણાવ્યું કે, 'કરણી સેના પૂરા દમ સાથે યુપીના ચૂંટણી મેદાનમાં ઉતરશે. હાલની રાજનીતિ માત્ર ઓબીસી કેન્દ્રિત થઈ ગઈ છે, બધાને માત્ર ઓબીસીની ચિંતા છે અને સવર્ણોના મુદ્દા પર કોઈ બોલવા તૈયાર નથી. હું પોતે ચૂંટણી નહીં લડું, પરંતુ કરણી સેના 2027ની ચૂંટણીમાં ઉમેદવારો ઊભા રાખશે.'

# મોદી કેબિનેટ ફેરબદલના એંધાણ મંત્રીઓને દિલ્હી ન છોડવા આદેશ

## 23 અને 24 સપ્ટેમ્બરે ચિંતન બેઠકનું આયોજન કરાયું

**નવી દિલ્હી**

વડાપ્રધાન મોદી 23-24 સપ્ટેમ્બરે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય મંત્રીઓ સાથે બે દિવસીય મહત્વપૂર્ણ 'ચિંતન બેઠક' યોજવા જઈ રહ્યા છે. આ બેઠકમાં દેશમાં સુધારાઓ, સરકારી યોજનાઓ, નીતિઓ, મંત્રાલયો વચ્ચેના પરસ્પર તાલમેલ અને આગામી સમયની રણનીતિ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. આ બેઠક માટે તમામ કેન્દ્રીય કેબિનેટ મંત્રીઓને આગામી અઠવાડિયે દિલ્હીમાં જ ઉપસ્થિત રહેવાના કડક નિર્દેશો આપવામાં આવ્યા છે, જેના પરથી લાગી રહ્યું છે કે મોદી કેબિનેટમાં ફેરબદલ થઈ શકે છે. જો કે રાજ્ય કક્ષાના મંત્રીઓ આ બેઠકમાં સામેલ થશે કે નહીં તેને લઈને હજુ સુધી સ્થિતિ સ્પષ્ટ થઈ નથી. આ બેઠક દરમિયાન કેટલાક મંત્રીઓ પોતપોતાના મંત્રાલયોમાં કરવામાં આવેલા કામો અને વિવિધ ક્ષેત્રોમાં લાવવામાં આવેલા સુધારાઓ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી શકે છે. આ બેઠકનો મુખ્ય હેતુ સરકારી નીતિઓને વધુ પ્રભાવશાળી બનાવવાનો અને તેના ફાયદાઓ આમ જનતા સુધી ખૂબ જ ઝડપથી પહોંચાડવાનો છે.

# ધારવાડના મામલતદાર 33 એકર જમીનના કામ માટે 50 લાખની લાંચ લેતા ઝડપાયા

## લોકાયુક્તનું ઓપરેશન: 1 કરોડ રૂપિયા અને એક એકર જમીનની માંગણી કરી હતી

**બેંગ્લોર**



કર્ણાટકમાં અત્યાર સુધીના સૌથી મોટા લાંચ કેસમાં લોકાયુક્ત અધિકારીઓએ ધારવાડના મામલતદારને બુધવારે મોડી સાંજે 50 લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપ્યા હતા. આરોપી મામલતદાર સચિદાનંદ કુચાનુરે 33 એકર જમીનના માલિકી રેકોર્ડમાં ફેરફાર કરવા બદલામાં કુલ એક કરોડ રૂપિયા જે 50 લાખના બે હપ્તામાં ચૂકવવાના હતા અને સાથે એક એકર જમીનની માંગણી કરી હતી. આ જમીન ધારવાડથી 12 કિલોમીટર દૂર પુણે-બેંગ્લુરુ હાઈવેને અડીને આવેલા યેરીકોપ્પા ગામમાં આવેલી છે.

ફરિયાદીની ઓળખ જાહેર કરાઈ નથી, તેમણે લોકાયુક્ત સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. તેમની સૂચના મુજબ ફરિયાદીએ આરોપીને કેસીડી નજીક 50 લાખ લેવા બોલાવ્યા હતા. બુધવારે મોડી રાત્રે લગભગ 10 વાગ્યે કર્ણાટક કોલેજ ધારવાડ સામે જમીનમાલિક પાસેથી લાંચ લેતા ઝડપાયા હતા. લોકાયુક્તે રકમ જપ્ત કરી ભ્રષ્ટાચારનો ગુનો નોંધ્યો છે અને જમીનના દસ્તાવેજો તથા અન્ય વ્યક્તિઓની સંડોવણી અંગે તપાસ ચાલી રહી છે.

અગાઉ રાજસ્થાનના ભરતપુરમાં આસિસ્ટન્ટ એન્જિનિયરના ઘરે દરોડો પાડી 43.38 લાખ રોકડ અને 20 કિલો ચાંદીની ઈંટો જપ્ત કરી હતી. ભુસાવર પંચાયત સમિતિમાં 30 હજારની લાંચ લેતા ઝડપાયો હતો.

# સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ મજબૂત થઈ રહી છે સેમિકોન ઈન્ડિયાનું PM મોદી દ્વારા ઉદ્ઘાટન

## ઈવેન્ટનો મુખ્ય હેતુ કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, વિદ્યાર્થીને વેગ આપવાનો છે

**નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના યશોભૂમિમાં 'સેમિકોન ઈન્ડિયા 2026ની 5મી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે હાજર રહેલા દેશ-વિદેશના અગ્રણીઓ, નીતિ ઘડવૈયાઓ, રોકાણકારો અને નિષ્ણાતોને સંબોધિત કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે 'ભારતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે. વૈશ્વિક ચિપ ડિઝાઈન તથા ઉત્પાદન ક્ષેત્રે ભારત એક મજબૂત શક્તિ તરીકે ઉભરી રહ્યું છે.'



આજથી શરૂ થયેલી આ ત્રિદિવસીય વૈશ્વિક પરિષદ અને પ્રદર્શનની મુખ્ય થીમ 'સિલિકોન ટુ સિસ્ટમ્સ: બિલ્ડીંગ ધ ઈકોસિસ્ટમ' રખાઈ છે. આ ઈવેન્ટનો મુખ્ય હેતુ સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે વૈશ્વિક તથા ભારતીય કંપનીઓ, સ્ટાર્ટ-અપ્સ, સંશોધકો, શૈક્ષણિક સંસ્થાઓ અને વિદ્યાર્થીઓને એક જ મંચ પર લાવીને સહયોગ, રોકાણ, નવીનતા અને નવી પ્રતિભાઓના વિકાસને વેગ આપવાનો છે. આ પરિષદમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રની સમગ્ર વેલ્યુ-ચેઈન આવરી લેવાઈ આવી છે, જેમાં કાચા માલ (સેન્ડ) અને સામગ્રીથી લઈને ચિપ ડિઝાઈન, ફેબ્રિકેશન, એડવાન્સ્ડ પેકેજિંગ અને ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ્સ સુધીની મુસાફરી દર્શાવતો વિશેષ 'સેન્ડ ટુ સિલિકોન ટુ સિસ્ટમ્સ' અનુભવ રજૂ કરાયો છે.

# ઉધમપુરના મજલ્ટા વિસ્તારમાં સેના-આતંકી વચ્ચે અથડામણ, બે ઠાર

**શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લાના મજલ્ટા વિસ્તારમાં ગુરુવારે સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં બે આતંકીઓને ઠાર મારવામાં આવ્યા છે. મજલ્ટાના અંતરિયાળ વિસ્તારમાં આતંકીઓ છુપાયા હોવાના ઈનપુટ મળ્યા બાદ સેના, પોલીસ અને સીઆરપીએફ દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કરાયું હતું. ઘેરાયેલા આતંકીઓએ ફાયરિંગ શરૂ કરતા સેનાએ જડબાતોડ વળતો જવાબ આપ્યો હતો. બુધવારે આખી રાત ચાલેલા ઓપરેશન બાદ ગુરુવારે સવારે આતંકીઓએ ઘેરો તોડીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં જવાનોએ બંનેને ફૂંકી માર્યા હતા. આ આતંકીઓની ઓળખ હજુ થઈ નથી, પરંતુ તેઓ કોઈ મોટા સંગઠન સાથે જોડાયેલા હોવાની આશંકા છે. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં સુરક્ષા વધારી વાહનોનું ચેકિંગ શરૂ કરાયું છે. અગાઉ સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં બડગામના જંગલમાં લશ્કર-એ-તોયબાના ટોપ કમાન્ડરને ઠાર મારી હથિયારો જપ્ત કરાયા હતા. આ ઉપરાંત સેનાએ કુપવાડા, બારામુલા, સોપોર અને કુલગામમાં પણ દસ અડ્ડાઓ પર દરોડા પાડ્યા હતા.

# મમતા બેનર્જીને ઝટકો: ચૂંટણી પંચે ટીએમસીનું નામ અને ચૂંટણી ચિહ્ન ફ્રીઝ કર્યા

**ચેન્નાઈ**

પશ્ચિમ બંગાળમાં સત્તાધારી ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસમાં ચાલી રહેલા આંતરિક વિખવાદ વચ્ચે ચૂંટણી પંચે મોટો નિર્ણય લીધો છે. પંચે પાર્ટીના સત્તાવાર નામ અને 'ફૂલ અને ઘાસ'ના ચૂંટણી ચિહ્નના ઉપયોગ પર તાત્કાલિક અસરથી રોક લગાવી દીધી છે. પાર્ટીમાં હાલ પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી અને અરુપ રોયના બે જૂથ સામસામે છે અને બંને પોતાને અસલી પક્ષ ગણાવી રહ્યા છે. આ રોકના કારણે આગામી પેટાચૂંટણીમાં કોઈપણ જૂથ મૂળ નામ કે ચિહ્ન વાપરી શકશે નહીં. પંચે બંને જૂથોને ૧૮ સપ્ટેમ્બર સવારે ૧૧ વાગ્યા સુધીમાં ત્રણ નવા નામ અને ત્રણ નવા ચૂંટણી ચિહ્નોના વિકલ્પો રજૂ કરવા આદેશ આપ્યો છે.

# પાંચ બાળકોની માતા એવી સાસુના પ્રેમમાં પાગલ 20 વર્ષનો જમાઈ લગ્નની જીદે ચડ્યો

**લખનઉ**

મૈનપુરીમાં 20 વર્ષના જમાઈએ પોલીસ સામે કહ્યું ભલે સાસુને 5 બાળકો હોય તો પણ લગ્ન કરીશ, પત્નીને રહેવું હોય તો રહે. 35 વર્ષની સાસુ પણ અડગ છે કે જમાઈ સાથે લગ્ન કરીશ. પાંચ બાળકોની માતા અને સગા જમાઈના પ્રેમ સંબંધથી પરિવારમાં ડખ્ખા થયા છે. પોલીસે પૂછ્યું મહિલા કોણ છે તો કહ્યું મારા સાસુ છે. લગ્ન કરવા છે પૂછતા કહ્યું હા તેમની સાથે રહેવું છે, પત્નીને રહેવું હોય તો વાંધો નથી. પોલીસે સમજાવ્યું પાંચ બાળકો છે, નિર્ણય બે પરિવાર પર અસર કરશે, દીકરીનું શું થશે પૂછતા કહ્યું સાથે રહીશું. બાળકોનું ધ્યાન રાખીશ, નાના બાળકોની સંભાળ રાખીશ તેમ કહ્યું, મહિલા પણ અડગ રહી. મહિલાના પતિનું બે વર્ષ પહેલા અવસાન થયું હતું, પાંચ બાળકો સાથે રહેતી હતી, આ ગાળામાં જમાઈ સાથે નિકટતા વધી હતી. એક-બે મહિનાથી બંને સાથે રહેવાની વાત કરતા હતા. પ્રસંગમાં બંને સાથે પહોંચ્યા, બાળકો હાજર હતા, સંબંધની જાણ થતા વિરોધ અને બોલાચાલી મારામારી સુધી પહોંચી. હોબાળો વધતા પોલીસને જાણ કરાઈ બંનેને સ્ટેશન લઈ જવાયા, સમજાવી ઘરે મોકલ્યા, લેખિત ફરિયાદે કાર્યવાહી થશે, કોઈ નિષ્કર્ષ આવ્યો નથી, મામલો સોશિયલ મીડિયામાં ચર્ચાય છે.

# સાઉદી અરેબિયાના મક્કા નજીક ડ્રોન હુમલાની ભારતે આકરા શબ્દોમાં નિંદા કરી

**નવી દિલ્હી**

સાઉદી અરેબિયાના મક્કા પાસે હૂથી વિદ્રોહીઓના ડ્રોન હુમલા અંગે ભારતે ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સાર્વભૌમ સીમા, નાગરિકો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના હુમલાની નિંદા કરતા કહ્યું કે, મક્કાનું મુસ્લિમો માટે ધાર્મિક મહત્ત્વ હોવાથી આ ઘટના વધુ ચિંતાજનક છે. હિંસા અસ્વીકાર્ય ગણાવી પશ્ચિમ એશિયામાં શાંતિ અને સ્થિરતાની અપીલ કરી છે. હૂથી જૂથે સાઉદીના ખમીસ મુશૈત, અબહા અને તાઈફમાં નાગરિક તથા સૈન્ય વિસ્તારોમાં મિસાઈલ તેમજ ડ્રોન હુમલા કર્યા હતા. આ તાજેતરના હુમલાઓમાં ૧૩ સામાન્ય નાગરિકો ઘાયલ થયા છે, રહેણાંક મકાનોને નુકસાન પહોંચ્યું છે અને કિંગ ખાલિદ એરબેઝ પાસે આગ લાગી છે.

# ભારતે અફઘાનિસ્તાનનો 3-0થી ક્લીન સ્વીપ કર્યો, ત્રીજી T20માં 127 રને હરાવ્યું; અભિષેકે નોંધાવ્યા અનેક મોટા રેકોર્ડ

**નવીદિલ્હી**

અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી ત્રીજી અને અંતિમ T20 મેચમાં ભારતે અફઘાનિસ્તાનને 127 રને પરાજય આપીને ત્રણ મેચની શ્રેણીમાં 3-0થી ક્લીન સ્વીપ નોંધાવી છે. ભારતે પ્રથમ બેટિંગ કરતાં 20 ઓવરમાં 7 વિકેટે 221 રનનો વિશાળ સ્કોર ઉભો કર્યો હતો, જેના જવાબમાં અફઘાનિસ્તાનની ટીમ 14.1 ઓવરમાં 94 રનમાં સમેટાઈ ગઈ છે. આ જીત સાથે ભારતે શ્રેણીની ત્રણેય મેચ જીતી લીધી છે.



## ‘ઓમ નમઃ શિવાય’ સેલિબ્રેશન બન્યું ચર્ચાનો વિષય

સદી પૂર્ણ કર્યા બાદ અભિષેકે મેદાન પર ધ્યાનની મુદ્રામાં બેસીને હાથ જોડ્યા હતા. તેના ‘ઓમ નમઃ શિવાય’ સ્ટાઇલના સેલિબ્રેશને સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જગાવી હતી. તોફાની બેટિંગ બાદ શાંતિપૂર્ણ અંદાજમાં કરાયેલા આ સેલિબ્રેશનને ચાહકોએ ખૂબ પસંદ કર્યું હતું.

ભારતની જીતનો સૌથી મોટો હીરો અભિષેક શર્મા રહ્યો હતો. તેણે માત્ર 34 બોલમાં 108 રનની વિસ્ફોટક ઈનિંગ્સ રમી હતી, જેમાં 9 ચોગ્ગા અને 11 છગ્ગાનો સમાવેશ થયો હતો. અભિષેકે માત્ર 16 બોલમાં અડધી સદી અને 30 બોલમાં સદી ફટકારી હતી. તેની આ ધમાકેદાર ઈનિંગ્સે અફઘાનિસ્તાનના બોલરોને સંપૂર્ણપણે બેકફૂટ પર ધકેલી દીધા હતા.

અભિષેકે 30 બોલમાં સદી ફટકારીને T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારત તરફથી સૌથી ઝડપી સદી ફટકારવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. આ પહેલાં આ રેકોર્ડ રોહિત શર્માના નામે હતો, જેમણે 2017માં શ્રીલંકા સામે 35 બોલમાં સદી ફટકારી હતી. અભિષેકની આ કારકિર્દીની ત્રીજી T20 આંતરરાષ્ટ્રીય સદી હતી.

અભિષેક ઉપરાંત સંજુ સેમસને 35 બોલમાં 50 રન (2 ચોગ્ગા, 4 છગ્ગા) બનાવ્યા હતા. શ્રેયસ અય્યરે 20 બોલમાં 29 રન (2 છગ્ગા), શિવમ દુબેએ 10 બોલમાં 14 રન (1 ચોગ્ગો), ઈશાન કિશને 8 બોલમાં 10 રન (1 ચોગ્ગો), તિલક વર્માએ 5 બોલમાં 2 રન અને નીતિશ કુમાર રેડ્ડીએ 4 બોલમાં 1 રન કર્યો હતો. અક્ષર પટેલ 4 બોલમાં 5 રને અણનમ રહ્યો હતો, જ્યારે રવિ બિશ્નોઈ 0 રને અણનમ રહ્યો હતો. અફઘાનિસ્તાન તરફથી અજમતુલ્લાહ ઓમરઝાઈએ 3 ઓવરમાં 27 રન આપી 2 વિકેટ ઝડપી હતી. રાશિદ ખાને 4 ઓવરમાં 43 રન આપી 1 વિકેટ અને અબ્દોલ્લાહ અહમદઝાઈએ 4 ઓવરમાં 38 રન આપી 1 વિકેટ લીધી હતી. ફઝલહક ફારૂકીએ 4 ઓવરમાં 39 રન, મુજીબ ઉર રહમાને 4 ઓવરમાં 45 રન અને મોહમ્મદ નબીએ 1 ઓવરમાં 29 રન આપ્યા હતા, પરંતુ તેમને કોઈ વિકેટ મળી નહોતી.

222 રનના લક્ષ્યાંકનો પીછો કરતી અફઘાનિસ્તાનની ટીમ શરૂઆતથી જ દબાણમાં જોવા મળી હતી. ઈબ્રાહિમ ઝદરાને 16 બોલમાં 25 રન (4 ચોગ્ગા, 1 છગ્ગો), અજમતુલ્લાહ ઓમરઝાઈએ 13 બોલમાં 17 રન (1 ચોગ્ગો, 1 છગ્ગો), રહમાનુલ્લાહ ગુરબાઝે 11 બોલમાં 15 રન (3 ચોગ્ગા), નૂર ઉલ રહમાને 15 બોલમાં 11 રન (2 ચોગ્ગા), મોહમ્મદ નબીએ 9 બોલમાં 8 રન (1 ચોગ્ગો) અને રાશિદ ખાને 5 બોલમાં 6 રન (1 ચોગ્ગો) કર્યા હતા. ભારત તરફથી નીતિશ કુમાર રેડ્ડીએ 4 ઓવરમાં 25 રન આપી 3 વિકેટ ઝડપી હતી.

# વેસ્ટ ઈન્ડિઝ સામેની ODI અને T20 સીરિઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત, બે નવા ચહેરાઓને તક

## રોહિત શર્મા અને વિરાટ કોહલીને વન-ડેમાં સ્થાન : હાર્દિક પંડ્યા ફિટનેસના કારણે બહાર

**નવીદિલ્હી**

વેસ્ટ ઈન્ડિઝ સામે આગામી 27 સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલી ઘરેલુ શ્રેણી માટે ભારતીય વન-ડે અને ટી20 ટીમની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. આ પ્રવાસમાં ભારતીય ટીમ 3 વન-ડે અને 5 ટી20 મેચ રમશે. વન-ડે શ્રેણીમાં શુભમન ગિલ ટીમનું નેતૃત્વ કરશે, જ્યારે ટી20 શ્રેણીમાં શ્રેયસ ઐયરને કેપ્ટન બનાવવામાં આવ્યો છે. આ ટીમમાં મોહમ્મદ સિરાજ અને રવીન્દ્ર જાડેજાની વાપસી થઈ છે, જ્યારે નમન ધીર અને ઔકિબ નબી જેવા નવા યુવા ચહેરાઓને પણ તક આપવામાં આવી છે.

રોહિત શર્માએ વર્ષ 2027 ના વન-ડે વર્લ્ડ કપ સુધી રમવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેને ધ્યાનમાં રાખીને પસંદગીકારોએ તેમના પર ફરી વિશ્વાસ દર્શાવ્યો છે. ઓક્ટોબર 2025 માં વન-ડેની કપ્તાની શુભમન ગિલને સોંપાયા બાદ પણ રોહિતે નિવૃત્તિ લીધી નહોતી. કાર્ડિફમાં 26 રન અને તે પહેલાં અફઘાનિસ્તાન સામે 16, 48 અને 79 રન ફટકાર્યા બાદ તેમના ફોર્મ પર ચર્ચા જરૂર થઈ હતી, સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાની ફિટનેસ ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે. IPL 2026 પછી તેઓ કોઈ સ્પર્ધાત્મક ક્રિકેટ રમ્યા નથી.

**ભારતની વન-ડે ટીમ :** શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, ઋતુરાજ ગાયકવાડ, કેએલ રાહુલ (વાઈસ કેપ્ટન), ધ્રુવ જુરેલ, નીતિશ કુમાર રેડ્ડી, રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, પ્રસિદ્ધ કૃષ્ણા, ગુરનૂર બ્રાર, મોહમ્મદ સિરાજ, ઔકિબ નબી, યશસ્વી જયસ્વાલ, નમન ધીર.

**ભારતની ટી20 ટીમ :** શ્રેયસ ઐયર (કેપ્ટન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, ઈશાન કિશન (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટકીપર), તિલક વર્મા (વાઈસ કેપ્ટન), શિવમ દુબે, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, નીતિશ કુમાર રેડ્ડી, અર્શદીપ સિંહ, પ્રિન્સ યાદવ, મયંક યાદવ.

# ICC T20 રેન્કિંગમાં ભારતનો દબદબો : અભિષેક બીજા ક્રમાંકે

**દુબઈ**

ICC દ્વારા જાહેર કરાયેલી તાજી ખેલાડીઓની રેન્કિંગમાં ભારતીય ક્રિકેટ માટે અનેક સારા સમાચાર આવ્યા છે. T20I, ODI અને ટેસ્ટ બેટિંગ-બોલિંગની ટોપ-10 યાદીમાં ભારતના કુલ 16 ખેલાડીઓએ સ્થાન મેળવ્યું છે. T20I બેટિંગમાં ઈશાન કિશન નંબર-1 અને અભિષેક શર્મા નંબર-2 પર પહોંચ્યા છે, જ્યારે ODI બેટિંગમાં શુભમન ગિલ ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. ટેસ્ટ ક્રિકેટમાં ઋષભ પંત અને શુભમન ગિલ ટોપ-10 બેટર્સમાં સામેલ છે, જ્યારે જસપ્રીત બુમરાહ ટેસ્ટ બોલિંગમાં ચોથા ક્રમે છે. ICCની નવી રેન્કિંગમાં ભારતીય ખેલાડીઓનો દબદબો ત્રણેય ફોર્મેટમાં જોવા મળી રહ્યો છે. અફઘાનિસ્તાન સામેની પ્રથમ બે T20I મેચમાં 82 અને 39 રનની ઈનિંગ રમનાર અભિષેક શર્મા ICC T20I બેટિંગ રેન્કિંગમાં બીજા સ્થાને પહોંચી ગયા છે. તેઓએ પાકિસ્તાનના સાહિબઝાદા ફરહાનને પાછળ છોડી દીધા છે. ભારતના ઈશાન કિશન 913 રેટિંગ પોઈન્ટ્સ સાથે હજુ પણ નંબર-1 સ્થાને છે. T20I બેટિંગ ટોપ-10માં ભારતના કુલ ત્રણ ખેલાડીઓ છે, જેમાં તિલક વર્મા પણ આઠમા સ્થાને સામેલ છે. T20I બોલિંગ રેન્કિંગમાં અફઘાનિસ્તાનના રશીદ ખાન પ્રથમ સ્થાને યથાવત છે. ભારતના વરુણ ચક્રવર્તી પાંચમા સ્થાને પહોંચી ગયા છે, જ્યારે જસપ્રીત બુમરાહ 7 સ્થાનની છલાંગ લગાવીને 10મા ક્રમે પહોંચ્યા છે. આ રીતે T20I બોલિંગની ટોપ-10 યાદીમાં ભારતના બે બોલર્સ સ્થાન ધરાવે છે.

# સિડની સ્વીનીની સ્પોર્ટ્સ એડથી વિવાદ, મહિલા ખેલાડીઓ નારાજગી

**ન્યૂયોર્ક**

અભિનેત્રી સિડની સ્વીની એક નવી જાહેરાતને કારણે વિવાદમાં ફસાઈ છે. અમેરિકાની સ્પોર્ટ્સ પ્રિડિક્શન કંપની નોવિંગ માટે તૈયાર કરાયેલી આ જાહેરાતમાં સ્વીનીને અલગ-અલગ રમતોના ઉપકરણો સાથે ખુબ જ ઓછા અથવા કપડા વિના દેખાડવામાં આવી છે. જાહેરાતમાં તે અમેરિકન ફુટબોલ, ટેનિસ, બેઝબોલ અને બાસ્કેટબોલ જેવા 5 પોમ્પ્ટ સાથે જોવા મળી છે. એક તસવીરમાં તે કપડા વિના જ બાસ્કેટબોલ પર સુતી સુતી જોવા જોવા મળે છે. જાહેરાતની તસવીરો અને વીડિયો સિડનીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. આ જાહેરાત સામે આવ્યા બાદ મહિલા ખેલાડીઓએ તે રમતો અને મહિલાઓ ખેલાડીઓને જરૂર કરતા વધારે ગ્લેમર સાથે રજૂ કરનારી ગણાવતા નારાજગી દર્શાવી હતી. માત્ર વિદેશ જ નહીં ભારતમાં પણ મહિલા એથ્લેટ્સે સિડની વિરુદ્ધ ઈન્સ્ટાગામ રીલ્સ પોસ્ટ કરતી જોવા મળી હતી. જાહેરાત વિરુદ્ધ સૌથી વધુ વિરોધ ઓસ્ટ્રેલિયન સફર ફેલિસિટી પાલ્મેટિયરે કર્યો હતો.

# 3 વર્ષ બાદ IPLમિની ઓક્શન ભારતમાં ૨૮ ઓક્ટોબરે WPLનું ઓક્શન યોજાશે

## 14 જાન્યુ.2027થી પ્રારંભ થનાર વિમેન્સ પ્રીમિયર લીગ 7 ફેબ્રુઆરી સુધી યોજાશે

**મુંબઈ**

આઈપીએલના ચેરમેન અરૂલ ધુમલે પુષ્ટિ કરી છે કે આગામી સિઝન માટે ખેલાડીઓની મિની હરાજી ભારતમાં જ આયોજિત કરવામાં આવશે. છેલ્લા ત્રણ વર્ષથી આ હરાજી દેશની બહાર વોજાતી હતી. પરંતુ હવે તેને કરીથી ભારતમાં લાવવાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી છે. બીજી તરફ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા વિમેન્સ પ્રીમિયર લીગ (WIPL) ૨૦૨૭ની સિઝન માટે તારીખોની સત્તાવાર જાહેરાત કરી છે. WIPLની આ પાંચમી સિઝનનો પ્રારંભ૧૪ જાન્યુઆરીથી થશે, જ્યારે ખેલાડીઓની હરાજી ૨૮ ઓક્ટોબરે કોચી ખાતે વોજાશે. જોકે, ટૂર્નામેન્ટના યજમાન શહેરોના નામોની સત્તાવાર જાહેરાત બોર્ડ દ્વારા હજુ સુધી કરવામાં આવી નથી. આગામી સિઝન માટે ખેલાડીઓને રિટેન માટેની અંતિમ તારીખ ૨૮ સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે. BCCIએ જણાવ્યું હતું કે, તમામ પાંચ ફેન્ચાઈઝીઓને તેમની વર્તમાન ટીમના ખેલાડીઓને જાળવી રાખવાની તક મળશે. આ સાથે જ તેઓ આગામી સિઝન માટે તેમના ટીમ કોમ્બિનેશનને અંતિમ સ્વરૂપ આપવાની પક્રિયા પણ શરૂ કરશે.

WPL. ૨૦૨૦ની પાંચમી સિઝનમાં પણ મુંબઈ ઈન્ડિયન્સ, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ, દિલ્હી કેપિટલ્સ, યુપી વોરિયર્સ અને ગુજરાત જાયન્ટ્સ એમ કુલ ૫ કેન્ચાઈઝીઓ જ જળવાઈ રહેશે અને હાલ કોઈ નવી ટીમનો સમાવેશ કરાયો નથી. આગામી ૨૮ ઓક્ટોબરે કોચી ખાતે યોજાનારી હરાજી અત્યંત ખાસ બની રહેશે. ૨૮ સપ્ટેમ્બરે રિટેન્શન પ્રક્રિયા પર્ણ થયા બાદ, રિલીઝ થયેલા સ્ટાર ખેલાડીઓ ઓક્શનમાં આકર્ષણનું કેન્દ્ર બનશે.

# ભારતમાં F1 કાર ૧૫ વર્ષ બાદ ફરી દોડશે, ૨૦૨૮થી વાપસી



**નવીદિલ્હી**

ભારતીય ખેલ પ્રેમીઓ માટે મોટા ખુશખબર છે. બુદ્ધ ઈન્ટરનેશનલ સર્કિટ પર ૨૦૧૧ થી ૨૦૧૩ સુધી યોજાયેલી ફોર્મ્યુલા વનની રફતાર પછી જે સન્નાટો છવાઈ ગયો હતો. તે હવે તૂટવાનો છે. કેન્દ્ર સરકારે ભારતમાં ફોર્મ્યુલા વન અને મોટરસ્પોર્ટ્સના પુનરુત્થાન અને વિકાસ માટે એક હાઈ-પાવર ટાસ્ક ફોર્સની રચના કરી છે. કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ મંગળવાર, ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૯ના રોજ મીડિયા સાથેની એક અનૌપચારિક વાતચીતમાં આ માહિતી આપી હતી.આ ટાસ્ક ફોર્સનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર રેસ કરાવવાનો નથી. પરંતુ ભારતમાં મોટરસ્પોર્ટ્સની આખી ઈકોસિસ્ટમ ઊભી કરવાનો છે.

# બ્રામ્પ્ટનમાં જન્માષ્ટમીની ઉજવણી સાથે 'વૃંદાવન' જેવો માહોલ

**સેન્ડલવુડ-ચિંગુકોસી ખાતે દહીં હાંડી અને મહાપ્રસાદીના કાર્યક્રમમાં સનાતની ગુજરાતી વૈષ્ણવ સમાજ ઉત્સાહભેર જોડાયો, માનવ પિરામિડ અને ગિરિરાજ પર્વતની આબેહુબ ઝાંખી મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહ્યા, સંગીતના તાલે ગરબા-રાસની રમઝટ જામી, પોરબંદર ગૌશાળા માટે વિશેષ દાન કરાયું**







**બ્રામ્પ્ટન**

ઓન્ટેરિયોના બ્રામ્પટન શહેરમાં સેન્ડલવુડ - ચિંગુકોસીમાં સ્થિત સનાતની ગુજરાતી વૈષ્ણવ સમાજ દ્વારા જન્માષ્ટમીના પાવન અવસરે એક જીવંત ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઓન્ટેરિયોના વિવિધ શહેરોમાં રહેતા વૈષ્ણવો અને કૃષ્ણ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

ભગવાન શ્રી કૃષ્ણના પ્રાગટ્યનો મંગલ ઉત્સવ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓથી ભરપુર અને આનંદદાયક રહ્યો હતો. જેમાં બાળગોપાળોએ રાધા, કૃષ્ણ તેમજ ગોપ-ગોપીની વેશભૂષા ધારણ કરી હતી અને ઢોલ, મંજીરાની રમઝટ સાથે ભજન-કીર્તન ભક્તિ દ્વારા સમગ્ર વાતાવરણને કૃષ્ણમય બનાવી દીધું હતું.

આ તકે ઉપસ્થિત વૈષ્ણવોએ શ્રી કૃષ્ણના ઉપદેશો ઉપર પોતાના વિચારો વિમર્શ કર્યા હતા. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ગિરિરાજ પર્વતનું આબેહુબ દ્રશ્ય અને મટકી ફોડ (દહીં હાંડી) નું આયોજન હતું, જે એક રોમાંચક પરંપરા છે. જેમાં સૌ બાળ ગોવાળિયાઓ પરંપરાગત રીતે દહીંથી ભરેલી માટકીને તોડવા માટે માનવ પિરામિડ બનાવે છે, જે ભગવાન શ્રી કૃષ્ણના બાળપણની લીલાઓનું પ્રતીક છે.

નાના બાળ ગોવાળિયાઓ પર મટકીમાંથી રેવડી, ચોકલેટ, ફૂલ, પતાસા અને સિક્કાઓ વરસાવી ઉજવણી કરાઈ હતી. સૌ સનાતની વૈષ્ણવોએ પરંપરાગત વેશ ધારણ કરી ગરબા રાસની રમઝટ બોલાવી હતી અને નિતિન ખન્ના (Instagram: bhajansbynitin) ના સુમધુર સંગીતના તાલે બ્રામ્પ્ટન જાણે વૃંદાવન બની ગયુ હોય તેવો માહોલ સર્જાયો હતો. ઉજવણી દરમિયાન ગુજરાતના પોરબંદર શહેરમાં આવેલી ગૌશાળાને દાન પણ કરવામાં આવ્યું હતું. ઉત્સવ દરમિયાન વાતાવરણમાં એક અલગ પ્રકારની ઊર્જાનો અહેસાસ થયો હતો.

વધુમાં ઉપસ્થિત વૈષ્ણવ ભક્તોએ આ પ્રસંગ માટે બનાવેલા ખાસ વિવિધ પ્રકારના ભોગ, પ્રસાદ, પંજરી વગેરેનો આનંદ માણ્યો હતો. ઉજવણીના ભાગરૂપે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ફરાળી વ્યંજનોની સાથે ગરમ ફરાળી ભોજનનો સમાવેશ થયો હતો.

એકંદરે, આ કાર્યક્રમ કૃષ્ણ-ભક્તિ, શક્તિ, એકતા અને સનાતની સંસ્કૃતિના સુંદર સમન્વય સમો બની ગયો હતો. જેમાં ભાગ લેનારા તમામ વૈષ્ણવો માટે આ આયોજન એક કાયમી અને યાદગાર સંભારણું બની ગયું હતું.

## મૂળ ભારતીય યુવકે અમેરિકામાં 64 અમીરોને કરોડોનો ચૂનો લગાવ્યો

### પોન્ઝી સ્કીમમાં દોષિત સિદ્ધાર્થને 11 વર્ષની જેલની સજા

**ન્યૂયોર્ક**

મૂળ ભારતીય 38 વર્ષીય સિદ્ધાર્થ જવાહરને અમેરિકામાં પોન્ઝી સ્કીમ કૌભાંડ બદલ 11 વર્ષની જેલ થઈ છે. તેણે 64 લોકોને 336 કરોડનો ચૂનો લગાવ્યો હતો, જેમાં પોપ સ્ટાર ટેલર સ્વિફ્ટના પતિ ટ્રેવિસ કેલ્સ પણ ભોગ બન્યા હતા. કોર્ટે 3.13 કરોડ ડોલર પરત કરવાનો આદેશ આપ્યો છે. તે ટેક્સાસની કંપની સ્વિફ્ટઆર્ક કેપિટલનો સહ-સંસ્થાપક અને મેનેજિંગ પાર્ટનર હતો. કૌભાંડ 2016થી ચાલતું હતું. તેણે રોકાણકારોની રકમ પાકિસ્તાનની તંબાકુ કંપની ફિલિપ મોરિસ પાકિસ્તાનમાં રોકી હતી, શેર ઘટતા સત્ય છુપાવી નફાનું જૂઠું કહ્યું હતું. 2016થી 2023 વચ્ચે 3.5 કરોડ ડોલરમાંથી માત્ર 1 કરોડ રોક્યા હતા, બાકીના પ્રાઈવેટ જેટ, મોંઘી હોટલ, ટેક્સાસ-ન્યૂયોર્કના લક્ઝરી અપાર્ટમેન્ટ, કપડાં અને ક્લબ મેમ્બરશીપ પાછળ ઉડાવ્યા હતા. જાન્યુઆરીમાં ગુનો કબૂલ્યો, 2005થી ગેરકાયદે રહેતો હોવાનું ખુલ્યું, જજે લાંબા કૌભાંડને સજાનું કારણ ગણાવ્યું હતું.

## મક્કા પર 1100 કિમી દૂરથી ડ્રોન હુમલો, વિશ્વ સ્તબ્ધ, હુથીઓ ઉપર દોષનો ટોપલો ઢોળાયો

### ડ્રોનને સાઉદીની એર ડિફેન્સ સિસ્ટમ તોડી પાડી, હુથીઓએ બધી હદ વટાવી દીધી

**કૈરો**

મુસલમાનોના પવિત્ર શહેર મક્કા પર થયેલા ડ્રોન હુમલાના પ્રયત્નથી આખું વિશ્વ સ્તબ્ધ છે. મક્કા ઈસ્લામનું સૌથી પવિત્ર સ્થળ છે. સાઉદી સરકારે આ ઘટના માટે હુથીઓને જવાબદાર ઠેરવ્યા છે. મંગળવારે સાઉદીના સમય મુજબ સાંજે ૬:૫૦ વાગે મક્કાના દક્ષિણમાં એક ડ્રોન આવ્યુ હતુ. સાઉદીની એર ડિફેન્સ સિસ્ટમે તેને નષ્ટ કર્યુ હતુ. હુથીઓએ સાઉદીના દાવાને નકાર્યો છે.

સાઉદી અરબ અને યમનની સરકારી સેનાના પ્રવક્તા મેજર જનરલ તુર્કી અલ માલ્કીએ બુધવારે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું હતુ કે હુથીઓનો આ હુમલો રેડ લાઈન વટાવવા જેવો હતો. તેને મુસલમાનોની ભાવના ભડકાવવા માટે જાણીબૂઝીને કરવામાં આવનારી હરકત માનવામાં આવશે. સાઉદીના અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમણે મોહમ્મદ પયગંબરના જન્મસ્થાન પર હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ કરે તે પહેલાં જ ડ્રોનને નષ્ટ કરી દીધું હતું.

હુથી પ્રવક્તાએ દાવો કર્યો હતો કે તેમના ઓપરેશન સાઉદીના ઓઈલ કેન્દ્રો અને લશ્કરી મથકોને નિશાન બનાવે છે, ધાર્મિક સ્થળોને નહી. અમે અત્યાર સુધીમાં એકપણ હુમલો ધાર્મિક સ્થળો પર કર્યો નથી. અમારા કારણે કોઈપણ ધાર્મિક અને પવિત્ર સ્થળોને કોઈ ભય નથી.

## ઈઝરાયેલને અમેરિકાનું 2.8 અબજ ડોલરનું મોટું શસ્ત્ર પેકેજ

### 40,000 એક ટનના બોમ્બ અને 20,000 પેનેટ્રેટર વોરહેડથી ગાઝા-લેબનોનમાં વિનાશ વધવાની આશંકા : માનવ વસાહતમાં ચિંતા

**દુબઈ**

ગાઝામાં યુદ્ધ વચ્ચે અમેરિકાએ ઈઝરાયેલને 2.8 અબજ ડોલરનું નવું સૈન્ય પેકેજ આપવાની તૈયારી કરી છે. પેકેજમાં આશરે 907 કિલોગ્રામ વજનના એમકે-84 અને બીએલયુ-117 બોમ્બ ઉપરાંત 20,000 પેનેટ્રેટર વોરહેડ સામેલ છે. એમકે-84 અમેરિકાનો લાંબા સમયથી ઉપયોગમાં લેવાતો ભારે બોમ્બ છે, જ્યારે બીએલયુ-117 તેની સમાન શ્રેણીનો બોમ્બ છે અને તેમાં પીબીએક્સએન-109 વિસ્ફોટક વપરાય છે. આ બોમ્બથી ધાતુના ટુકડા સેંકડો ફૂટ સુધી ફેલાઈ શકે છે અને કોંક્રીટ તથા જમીનમાં ઊંડે સુધી અસર કરી શકે છે. પેનેટ્રેટર વોરહેડ ખાસ કરીને ખડક, કોંક્રીટ, સુરંગો અને બંકર જેવા મજબૂત માળખામાં ઘૂસીને વિસ્ફોટ માટે બનાવાય છે. નિષ્ણાતોના મતે આટલી મોટી સંખ્યામાં બંકર બસ્ટર બોમ્બ સામાન્ય લક્ષ્યો કરતાં મિસાઈલ બેઝ, સુરંગોના પ્રવેશદ્વાર અને છુપાયેલા લોન્ચરો સામે ઉપયોગ માટે હોય છે.




અગાઉ આવા બોમ્બ ઈઝરાયેલને અપાયા હતા અને લેબનોનમાં તેમના ઉપયોગથી ભારે જાનહાનિના અહેવાલો આવ્યા હતા. બાયડેન પ્રશાસને એક તબક્કે આવા બોમ્બની સપ્લાય રોકી હતી, પરંતુ ટ્રમ્પ સત્તામાં આવ્યા બાદ પ્રતિબંધ દૂર કર્યો. 7 ઓક્ટોબર 2023ના હમાસ હુમલા પછી ગાઝામાં ઈઝરાયેલના સતત હુમલાથી વ્યાપક વિનાશ થયો છે અને ખોરાક તથા પીવાના પાણીની તંગી સર્જાઈ છે. અમેરિકા ફોરેન મિલિટરી ફાયનાન્સિંગ હેઠળ ઈઝરાયેલને સતત સૈન્ય સહાય આપી રહ્યું છે. ચાલુ વર્ષના જાન્યુઆરી સુધીમાં અમેરિકા ઈઝરાયેલને 6.67 અબજ ડોલરના શસ્ત્ર વેચાણને મંજૂરી આપી ચૂક્યું હતું. નવા પેકેજને કારણે ગાઝા અને લેબનોનમાં વધુ ખાનાખરાબીની આશંકા વ્યક્ત થઈ રહી છે. અમેરિકાની આ સહાયથી ઈઝરાયેલની હવાઈ અને જમીની કાર્યવાહી માટે ભારે શસ્ત્રોનો જથ્થો વધશે. નિરીક્ષકોના મતે અમેરિકા ગાઝાપટ્ટીમાં હમાસ સામેની કાર્યવાહી માટે ઈઝરાયેલને સતત સૈન્ય ક્ષમતા પૂરી પાડી રહ્યું છે. આઈ-2000 પ્રકારના બંકર બસ્ટર બોમ્બ ખડક અને કોંક્રીટની અંદર જઈને ફાટવા માટે બનાવાયેલા છે, તેથી ગીચ વસાહતોમાં તેનો ઉપયોગ માનવહાનિ અંગે ચિંતા ઊભી કરે છે.


Ganesha Accounting & Shiv Financial Services
Ganesha Accounting & Tax Services Inc.
Personal, Business & Corporate Tax
Accounting & Book Keeping
Financial Statement
Payroll, HST, WSIB Returns
New Business Registration & Incorporation
Manishaben Sevak
647-770-3876
proudly presents
Navratri 2026
SHIV FINANCIAL SERVICES
Super Visa Insurance & Visitor to Canada Medical Insurance
JAGDISHBHAI SEVAK
647-236-7620
Garba Night
with
Jitendra Joshi
Legendry Garba Singer of North America & India (Nadiadi)
Registration is Full
Delicious food is available from Multiple vendors.
26 | SEP | 2026
SATURDAY - 6:30PM
Sringeri Temple Hall
80 Brydon Drive, Etobicoke, ON
Title Sponsors
CENTURY 21 People's Choice Realty Inc.
Gaurang Nagar
C: 647-760-0996
BUY SELL + LEASE INVEST
Tirth Nagar
C: 647-988-1095
Punjab Insurance Inc
SERVING ACROSS CANADA
416-996-6464
WWW.PUNJABINSURANCE.CA
CENTURY 21 People's Choice Realty Inc.
Vins Patel
Sales Representative
C: 647-960-8751
O: 905-366-8100
F: 905-366-8101
E: vinspatel23@outlook.com
w: www.vinspatel.ca
BUY • SELL • INVEST
in association with
Yeshvi Travel
$$$ COMPARE & SAVE $$$
Jay Brar
647-400-5100
905-731-8572
Jayrang Pathak
Classic Honda
BUY • SELL • LEASE • INVEST
RAJ DAVE
416.305.2814
www.dreamhomesellers.ca
PRISM HOMES
Ashish Parekh
Devang Vyas
Dharmendra Oza
647.453.5626 (LOAN)
CENTURY 21
NIRAV VORA
ROHIT SHARMA
TaxMint
KRUPA SHAH LAW
BE YOUR BEST
HORIZON OPTICAL
CForCars
HOMELIFE
Kalpesh Thakkar
RUSHIKESH BHATT
647-981-0907
RIGHT STEP HOME REALTY INC.
PANA T SHAH
Bhavin Parekh
bestbrains
GLORS HEATING & AIR CONDITIONING
647-883-4051
GlorsHeating.com
Dhiren Pandya
PANDYA STUDIOS
SHREEJI DRIVING TRAINING
Trushit Patel
416-992-6810
Media Support
ગુજરાત ન્યૂઝલાઈન
647 400 6248
સ્વદેશ

# CLUB CERAMIC

## Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




A fantastic investment or family home featuring a rare legal two-bedroom basement apartment with its own ensuite laundry, an excellent opportunity for rental income. The main floor offers three spacious bedrooms, a beautifully renovated bathroom, and an updated kitchen complete with a new backsplash, breakfast bar, and stainless steel appliances. Freshly painted throughout, the main level features carpet-free flooring for a clean, modern look. Step outside to enjoy a large, deep backyard, perfect for entertaining, gardening, or family activities. A double-wide driveway provides ample parking for multiple vehicles. Ideally located close to schools, colleges, parks, public transit, Highway 401, shopping, and other everyday amenities:, this home offers both convenience and value.




Stunning Detached Home in Highly Desirable Northeast Ajax. Needs to be seen! Close to schools, shops, and rec. center. This warm, inviting, family-friendly home features an open-concept living and dining combination. A Cozy Family Room Equipped With A Fireplace. Generously Sized Bedrooms. Conv. Convenient second-level laundry. A large backyard with a deck, perfect for BBQs. This home is move-in ready! Smart Thermostat, Doorbell, Smoke Alarm, Water Softener. HWT (O), furnace (2019), deck & garden shed (2019), roof (2025), freshly painted, new window coverings, new kitchen & washrooms with quartz countertops.




Location, Location & Location, Welcome to 55 Sharplin Dr, the Kelvington Home in South Ajax. Very Secure property in desirable Community, This home offers you perfect combination of lifestyle and long term value, providing an excellent feature of peace of mind and durability of Sun full light all day and double door entry. Whole house gives you good vibes of carpet free for relaxing. Upstairs 3 good size bdrms with option of open library to 4th Bdrm. Prime Bdrm with sunlight and 2 w/I Closets and 5 pcs Ensuite, main floor has Direct Entry from Garage. Kitchen with over size pantry. Great Room with Gas fireplace. This property with great neighborhood new subdivision and Big park is coming for lots of fun and amusement park. Close to all amenities HWY 401, 412.

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia
**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.